નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૯
વર્ષ ૩ અંક ૬

# ખોજ

## જીવન એક અવિરત ખોજ



# નક્સલવાદની પેચીદી સમસ્યા

आ नो भद्रा क्रतवः यन्तु विश्वतः।

–ऋग्वेद

*Whence this creation has*
*come*
*He who is its surveyor in*
*heaven*
*he alone knoweth*
*And yet doth he know?*
*– Rig Ved*

*The gods did not reveal, from the beginning*
*All things to us; but in the course of time,*
*Through seeking we may learn, and know*
*things better.*
*But as for certain truth, no man has known it,*
*Nor will he know it; neither of the gods,*
*Nor yet of all the things of which I speak.*
*And even if by chance he were to utter*
*The perfect truth, he would himself not know it,*
*for all is but a woven web of guesses.*

*–Xenophanes*

*A Greek bard, 570–475 B.C.*

# ખોજ

## જીવન એક અવિરત ખોજ

નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯
વર્ષ ૩, અંક ૬


| | | |
|---|---|---|
| સંપાદકીય | અંબરીષ મહેતા | ૪ |
| પત્રો | | ૫ |
| પ્રતિભાવ | | |
| - કામદારોની સલામતી અને મુક્ત બજાર | અંબરીષ મહેતા | ૬ |
| - બ્યુટીફુલ ટ્રી | વાસુદેવ વોરા | ૯ |
| તળિયેથી. . .ફરજિયાત મતદાન કાયદો | રાજેશ મિશ્રા | ૧૨ |
| મતદાન અધિકારની મજાક | તૃપ્તિ શાહ, રીટા, સુનંદા | ૧૬ |
| રુચિકા આપણી દીકરી પણ હોઇ શકે | તૃપ્તિ પારેખ | ૧૭ |
| મુંબઇ પરનો હુમલો | પ્રતાપ ભાનુ મહેતા | ૧૮ |
| વંદના એટલે નમસ્તે એટલે સલામ | ઇસ્માઇલ ગાંધી | ૨૦ |
| માઓવાદી પડકાર | તૃપ્તિ પારેખ/અંબરીષ મહેતા | ૨૧ |
| नक्सलवाद | चक्रवर्ती अशोक प्रियदर्शी | ३१ |
| ભારતીય સંઘમાં હૈદ્રાબાદનું વિલીનીકરણ | ગજેન્દ્રસિંહ પી. જાડેજા | ૩૭ |
| પોલીસ સત્તાનું વિભાજન | અશ્વિનકુમાર ન. કારીઆ | ૪૦ |
| ‘‘તુંડે તુંડે ભિન્ન ભિન્ન મતિ’’ | કુંજન મહેતા | ૪૧ |
| શિક્ષણનું તંત્ર પણ સરકારથી સ્વતંત્ર જ હોય | વિનાબા ભાવે | ૪૨ |
| પાંચ વર્ષના અંકોની વિષયસૂચિ | | ૪૪ |


**સંપાદક**
અંબરીષ મહેતા

**સંપાદક મંડળ**
તૃપ્તિ પારેખ
અનિલ પટેલ
રાજેશ મિશ્રા

**પરામર્શ સમિતિ**
રશ્મિ કાપડિયા
દક્ષા પટેલ
મહેન્દ્ર ચોટલિયા
સુદર્શન આયંગાર
કિરીટ પાનવાલા
અપર્ણા કડીકર
નિમિષા શુકલ
પાર્થ શાહ
ચ.અ. પ્રિયદર્શી

**આલેખન-સજાવટ**
જરીન જોષી

કવરપેજ પર Pragati- the Indian National Interest Oct.09ના અંકમાંથી Pradeep Dadsenaનો ફોટોગ્રાફ સાભાર

લવાજમ :
વાર્ષિક રૂા. ૧૫૦/-
દ્વિવાર્ષિક રૂા. ૨૫૦/-
પાંચ વર્ષ રૂા. ૬૫૦/-
સહયોગ રાશિના ચેક / ડી.ડી.
એકશન રિસર્ચ ઈન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટના નામે મોકલવા વિનંતી છે. બહારગામના ચેકો પર બેંક કમિશનના ૪૦ રૂપિયા ઉમેરવા. પત્રવ્યવહાર/લવાજમ મોકલતી વખતે પોતાના સરનામા સાથે ફોન નંબર અચૂક લખવા.

સંપર્ક :
આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com
truptiparekh1@hotmail.com

‘ખોજ’માં પ્રસિદ્ધ થતાં મંતવ્યો સાથે સંપાદક મંડળ સહમત હોય એ જરૂરી નથી.

**સંપાદકીય**

## ‘ખોજ ૫ વર્ષ પૂરાં કરે છે ત્યારે . . .

આ અંક સાથે ‘ખોજ’ પાંચ વર્ષ (૨ રજિસ્ટ્રેશન પહેલાનાં અને ૩ ત્યાર પછીનાં) પૂરાં કરે છે. જોતજોતામાં આટલાં વરસો ક્યાં પસાર થઇ ગયાં તેની ખબર પણ ના પડી. ‘ખોજ’ શરૂ કર્યું ત્યારે સ્વાભાવિક જ મનમાં થડકો હતો - એ બરાબર ચાલશે કે નહીં, આવા ગંભીર સામયિકને વાચકોનો પૂરતો પ્રતિસાદ મળશે કે નહીં, બીજાં કામોની વચ્ચે એ નિયમિત કાઢી શકાશે કે નહીં, એ પગભર થશે કે નહીં, વગેરે અનેક સવાલો હતા... એના પાંચ વર્ષે પણ હજી એ થડકો તો ચાલુ જ છે !


ક્યારેક મોડું થઈ જવાને કારણે વચ્ચે વચ્ચે બે અંકો ભેગા બહાર પાડવાની ફરજ પડી છે. છતાં એકંદરે દર બે મહિને નિયમિત રીતે બહાર પાડી શક્યા છીએ એનો આનંદ છે. આ ગાળામાં ઘણા વાચકમિત્રો તરફથી મૌખિક - લેખિત સંદેશાઓ, પત્રો, પ્રતિભાવો મળતા રહ્યા છે, આ પ્રતિભાવો જોતાં એમ લાગે છે કે આટલાં વરસોમાં નિયમિત રીતે ‘ખોજ’ વાંચનારાઓનો એક નાનકડો પણ ચોક્કસ વાચક વર્ગ જરૂર બની શક્યો છે. ‘ખોજ’ ના લેખોમાં કાયમ કંઇક નવું જાણવાનું મળે છે’, ‘એના જેવા માહિતીસભર અને તર્કસંગત લેખો બીજે વાંચવા નથી મળતા’, જેવા પ્રતિભાવો ઘણીવાર કલ્પનામાં પણ ના હોય એવે ઠેકાણેથી સાંભળવા મળતા રહે છે, જેનાથી અમારો હોંસલો ખાસ્સો વધી જાય છે. વચ્ચે વચ્ચે ‘ખોજ શા માટે બહાર પડાય છે તે જ ખબર નથી પડતી’ કે ‘એ તો બંધ જ કરી દેવાની જરૂર છે’ જેવી ટિપ્પણીઓ પણ સાંભળવા મળે છે, જે પણ સર-આંખો પર!

‘ખોજ’ શરૂ કરવા પાછળની એક નેમ સમાજજીવનની વિવિધ સમસ્યાઓ (ખાસ કરીને છેવાડેના ગરીબ લોકોને પીડતી સમસ્યાઓ) વિશે નિસબત ધરાવતા, પરંતુ જુદી જુદી વિચારસરણી ધરાવતા વિચારકો અને કર્મશીલોને એકબીજા સાથે તર્કસંગત રીતે સ્વસ્થ ચર્ચા કરવાનું અને એ રીતે પરસ્પર વિચારોની આપ-લે કરવાનું પ્લેટફોર્મ પૂરું પાડવાની પણ હતી. પરંતુ રડ્યા ખડ્યા અપવાદો બાદ કરતાં આમ ખાસ થઈ શક્યું નથી તેનો ઘણો અફસોસ છે. તે જ પ્રમાણે ‘ખોજ’માં નિયમિત રીતે લખવા માટે વધારે લેખકોને પ્રોત્સાહિત કરી શક્યા નથી તેનો પણ ઘણો રંજ છે. સ્પષ્ટ છે કે એમાં અમારી મર્યાદાઓએ પણ ભાગ ભજવ્યો હશે. આશા રાખીએ કે આવનારા દિવસોમાં આ કમી દૂર કરી શકીએ. તે જ રીતે આર્થિક રીતે પણ તે હજી પગભર નથી થયું. લવાજમ ભરનાર ગ્રાહકોની સંખ્યા આશરે ૪૫૦ જેટલી જ છે અને કુલ ખર્ચમાંથી ૫૦ ટકા જેટલો ખર્ચ લવાજમમાંથી નીકળે છે, બીજા ૨૫ ટકા માટે દાન કે સહાય મળી રહે છે અને બાકીના ૨૫ ટકા આર્ચ ભોગવે છે. વડોદરાના કચનાર ટ્રસ્ટ તરફથી શરૂઆતથી જ દર વરસે નિયમિત મદદ મળતી રહી છે, એ માટે એમના ખૂબ આભારી છીએ.

‘ખોજ’ શરૂ કર્યું ત્યારે કોઇ પણ રીતે પાંચ વર્ષ સુધી તો એ ચલાવવું જ અને ત્યાર પછી સમીક્ષા કરીને આગળ શું કરવું તે નક્કી કરવું એમ વિચારેલું. આગામી દિવસોમાં સંપાદક મંડળમાં આ અંગે વિચારણા કરવાનો ઇરાદો છે. એ દરમિયાન આપ સૌ પણ આપના મંતવ્યો, પ્રતિક્રિયા કે સૂચનો મોકલશો તો ખૂબ ગમશે. નવા વર્ષની શુભેચ્છાઓ સાથે.

- સંપાદક

# પત્રો / પ્રતિભાવો





આપના પત્રો / પ્રતિભાવો આવકાર્ય છે.
પત્ર વ્યવહારનાં સરનામાં :

આર્ચ, ઈ-૭૦૨, સામ્રાજ્ય કોમ્પ્લેક્ષ,
ફતેગંજ પોસ્ટ ઓફિસ પાસે, ફતેગંજ,
વડોદરા - ૩૯૦ ૦૦૨, ગુજરાત.
ફોન : ૦૨૬૫ ૨૭૮૨૦૫૩
ઈ-મેઈલ : m_ambrish@hotmail.com

આર્ચ, મુ. પો. માંગરોલ,
તા. રાજપીપળા, જિ. નર્મદા,
ગુજરાત. પીનઃ ૩૯૩ ૧૫૦
ફોન : ૦૨૬૪૦-૨૫૦૧૪૦


બૌદ્ધિકોની જ્ઞાનતરસ છીપે અને કર્મશીલોની સંઘર્ષગાથા સમાજ સુધી પહોંચે એવું બેવડું ભાતું ''ખોજ''માં આપ સૌ પીરસો છો એ એની વિશેષતા છે. કદાચ આ જ વાત એને ગુજરાતનું આ પ્રકારનું એક માત્ર સામયિક બનાવે છે.

એક બાજુ ''વિજ્ઞાન અને અધ્યાત્મ''ની આવી તલસ્પર્શી છણાવટ તો બીજી તરફ આદિવાસીઓના વન અધિકાર માટેના સંઘર્ષની ગાથા, બંને સાથે બીજે કયાં મળે ! જો કે જેટલી અને જેવી ચર્ચા એ લેખમાળા (૨૦૦૮)માં પાશ્ચાત્ય વૈજ્ઞાનિક ફિલસૂફી (scientific philisophy)ની થઈ, તેવી પૌર્વાત્ય અધ્યાત્મની ન થઈ, કદાચ અતિલંબાણ અને જગાના અભાવે. ખેર, મને પોતાને તો એ લેખમાળા ઘણું શીખવી ગઈ અને જે વિષય મારા માટે લગભગ વણસ્પર્શ્યો હતો તેનો રસપ્રદ અને ઊંડો પરિચય કરાવી ગઈ. વિજ્ઞાનનો વિદ્યાર્થી હોવા છતાં 'ક્લોક' અને 'ક્લાઉડ'ની વિભાવનાથી હું અજાણ હતો તે વાતની મને સાનંદાશ્ચર્ય જાણ થઈ!

બીજી એટલી જ આનંદદાયક વાત એ કે અંબરીશભાઈ, તૃપ્તિબહેન, રાજેશ મિશ્રા સહિતનું આખું સંપાદકમંડળ બૌદ્ધિક અને કર્મશીલ વચ્ચેની ભેદરેખા - (સમાજ તો આ બંનેને જુદાં ખાતામાં ખતવી દે છે, એ અર્થમાં) - મિટાવી દે એટલું સબળ છે. એટલે શાણા અને ન્યાયી સમાજની રચના માટેની આપ સૌની ખોજ અને મથામણ સૈદ્ધાંતિક અને પ્રાયોગિક બન્ને રીતે એક સાથે ''ખોજ''માં પ્રતિબિંબિત થાય છે.

આપ સૌનું યજ્ઞકાર્ય નિરંતર નિર્વિઘ્ને ચાલતું રહે તેવી શુભેચ્છા.

***- નિરંજન શાહ, અમદાવાદ***

'ખોજ' વાંચવું ગમે છે. સાંપ્રત પ્રવાહો અને પ્રશ્નો પર અભ્યાસપૂર્ણ લેખો-ચર્ચાઓ કરતું કદાચ આ એક જ સામયિક ગુજરાતમાં છે. લેખકોની સંખ્યા સીમિત રહે છે તે ગુજરાતમાં અભ્યાસુ લેખકોની કેટલી અછત છે તેનો જ નિર્દેશ કરે છે. પણ સમય જતાં 'ખોજ' વધુ લેખકોને પ્રોત્સાહિત કરી શકશે એવી મને આશા છે.

***- રમેશ બી. શાહ, અમદાવાદ***

સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૦૯નો અંક મળ્યો. 'માતૃભાષા બચાવવાનું આહ્‌વાન' જશવંત બી. મહેતાનો લેખ ગમ્યો. હવે પછીની પેઢીમાં ગુજરાતી ભાષા ટકી રહે તેની આવશ્યકતા પર ભાર મૂકવો જરૂરી છે. ઈસ્માઈલભાઈ ગાંધીનો લેખ 'માનવધર્મ જ સાચો ધર્મ' માર્ગદર્શન પૂરું પાડે છે. 'સાર્વત્રિક શિક્ષણ'ના લક્ષ્યને આંબવા માટેની યોગ્ય દિશા પૂરી પાડવા માટે તૃપ્તિ પારેખને ધન્યવાદ પાઠવું છું.

***- રસિકભાઈ વ્યાસ, ભાવનગર***

સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૦૯ના અંકમાં શિક્ષણ સંદર્ભે વિશેષ ચર્ચા થઈ છે. માધ્યમ માતૃભાષા, અને અંગ્રેજી અવ્વલ કક્ષાનું તેમજ માતૃભાષા બચાવવાના આહ્‌વાનમાં વાજબી ચિંતા વ્યકત થઈ છે. પરંતુ ગુજરાતી ભાષાનો ઉપયોગ ઘટી રહ્યો છે, તે હકીકત છે. ચર્ચામાંના બધા મુદ્દાઓ અગત્યના છે, તેમ છતાં ભૌતિકવાદનાં પરિબળોની પ્રબળતા ગુજરાતી ભાષાનો વપરાશ ઘટાડવા માટે હાવી થઈ રહી હોવાનો અંદાજ છે. સામાન્ય પ્રજાના વિચારોને એક હદ વટાવ્યા બાદ વાળવા-બદલવા ખરેખર ઘણું પડકારજનક કાર્ય હોય છે. ગુજરાતી ભાષા બાબતે પણ આવું જ કંઈક રંધાઈ ચૂકયું હોય તેમ નથી લાગતું ? હવે તો ગુજરાતી ભાષાનું સંરક્ષણ એ જ સૌની સમજ બને તો સારું.

'અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય' લેખમાં સમકાલીનના તંત્રીશ્રીની અવરતણમાં લખેલી વાત સંદર્ભે જણાવવાનું કે, હવે અખબારી સ્વાતંત્ર્યની ઠાઠડીઓના ઢગલે ઢગલા જ છે. તંત્રીઓ હવે

ચેસની રમતનાં પ્યાદાં બની ચૂકયા છે. અપવાદોને અભિનંદન. ''સમય સમય બલવાન...'' વકરેલા રોગનું લક્ષણ-બળાત્કારમાં મહત્ત્વના મુદ્દા વિચારાયા છે. પરંતુ જરા પણ હિચકિચાટ કે અતિશયોક્તિ વિના કહી શકાય કે, આ બદલાયેલી જીવનશૈલીની આડપેદાશ છે. જેની કલ્પના જીવનશૈલી બદલવા સમયે કદાચ નહોતી કરવામાં આવી. ન્યાયતંત્ર વિશેનો લેખ આંખ ઉઘાડનારો છે. પરંતુ આપણી વ્યવસ્થાઓ જ કંઈક એવી રીતે વિકસી છે કે બધું દળી દળીને ઢાંકણીમાં. જ્યાં સુધી સર્વ સામાન્ય મોટાભાગની પ્રજા જાગૃત નથી થતી ત્યાં સુધી શું થઈ શકે ? મુંબઈના વિકાસની સારી માહિતી મળી. સાચું લખવા બદલ અભિનંદન.

*- કુંજન બી. મહેતા, ભુજ*

Thank you for deciding to publish your magazine on a bi-monthly basis. As such I am finding it difficult to keep pace with the task of understanding all the articles, let alone react to them. For me it is becoming a full-time job to keep pace with issues raised in several of articles in your magazine. Had the frequency been more, I would have missed reading several interesting ideas and views contained in your articles. I thank Anilbhai for his detailed article. It has made me aware of various important and interesting issues and dimensions of political economy that I now miss learning as student of economics. Truptiben's articulate article on education is but logical extension of implications arising out of Tooley's book she recently introduced.

***- Mukesh Adenwala, Ahmedabad***

## પ્રતિભાવ

# કામદારોની સલામતી અને મુક્ત બજાર

### અંબરીષ મહેતા

જગદીશભાઈએ 'કામદારોની સલામતી અને મુક્ત બજાર' લેખમાં ('ખોજ' સપ્ટે-ઓક્ટો, ૦૯) ખંભાતના અકીક પત્થરો ઘસવાનું કામ કરતા કામદારો હજી પણ સિલિકોસિસ રોગનો ભોગ બની રહ્યા છે તેનો દાખલો આપીને, મુક્ત બજાર વ્યવસ્થામાં કામદારોની સુરક્ષા અને સલામતી ખરેખર વધે છે ખરી એવો પાયાનો સવાલ ઊઠાવ્યો છે. આ અંગે વધારે ઊંડાણથી ચર્ચા કરવાની જરૂર છે. પશ્ચિમના વિકસિત દેશોમાં છેલ્લાં ૨૦૦ વર્ષમાં કામદારોની સ્થિતિમાં જે જબરજસ્ત સુધારો થયેલ જોવા મળે છે તે કેવી રીતે થયો તે અંગે એક મોટામોટું ચિત્ર રજૂ કરવાની જ અહીં કોશિશ કરી છે.

સૌ પ્રથમ તો આપણે સૌએ એ વાત બરાબર સમજી લેવાની જરૂર છે કે 'મુક્ત બજાર' એ કોઈ જાદુઈ છડી નથી, જે અપનાવીએ કે તરત બધી સમસ્યાઓ આપોઆપ અલોપ થઈ જાય. કોઈ પણ વ્યવસ્થાની જેમ જ આ વ્યવસ્થા પણ સમસ્યાઓ ઉકેલવા માટેનું વાતાવરણ પૂરું પાડી શકે, ઈન્સેન્ટીવ કે ડિસઈન્સેન્ટીવ પૂરા પાડી શકે. પરંતુ એ પોતે કોઈ સમસ્યા ઉકેલી શકે નહીં. એ તો આપણે, એટલે કે એમાં કામ કરતી વ્યક્તિઓએ જ, ઉકેલવી પડે. એ અર્થમાં જોઈએ તો 'મુક્ત બજાર' અપનાવીએ એટલે બધી સમસ્યાઓ રાતોરાત સમાપ્ત થઈ જાય એવો દાવો ન થઈ શકે.

તો પછી કામદારોની સુરક્ષાના સંદર્ભમાં 'મુક્ત બજાર'ના સમર્થકોનો દાવો શું છે ? મિલ્ટન ફ્રિડમેને એમની વાત બહુ સરસ રીતે રજૂ કરી છે (જુઓ *Free to Choose, 1980*નું *'Who Protects the Labour?'* પ્રકરણ). તેમના કહેવા પ્રમાણે મોટાભાગના કામદારો માટે તો સુરક્ષાનું સારામાં સારું કવચ તેમના માલિકની સાથે સ્પર્ધામાં કામ કરતા બીજા માલિકોની ઉપસ્થિતિમાં જ રહેલું છે. એક જ (કે બહુ થોડા) માલિક હોય એ સ્થિતિમાં કામદારને કોઈ સુરક્ષા નથી મળતી અને માલિક એની સાથે મન ફાવે તેવું વર્તન કરી શકશે. પરંતુ જો એની સેવાઓની જરૂર હોય એવા બીજા માલિકો પણ ઉપસ્થિત હોય તો એ સ્થિતિમાં, એ જેને ત્યાં કામ કરતા હોય એ માલિકને પણ એમના કામનું પૂરું વળતર આપવાની ફરજ પડશે. કારણ કે એ જો એમ નહીં કરે તો કામદારો એનું કામ છોડીને બીજે જતા રહેશે. આમ એમની સેવાઓ માટે માલિકો વચ્ચેની સ્પર્ધા એ જ કામદારોને સાચી સુરક્ષા પ્રદાન કરે છે.

અલબત્ત, આ સ્પર્ધા ક્યાંક તીવ્ર હશે, તો ક્યાંક નબળી. ઉપલબ્ધ અવસરોની પૂરેપૂરી જાણકારી હંમેશા સૌને - કામદારો તેમજ માલિકો બંનેને - હોય જ એ પણ જરૂરી નથી. ઘણીવાર માલિકો માટે લાયક કામદારો વિશે કે કામદારો માટે લાયક માલિકો વિશે માહિતી મેળવવાનું ઘણું મુશ્કેલ કે ખર્ચાળ પણ હોય શકે છે. જાણકારી હોય તો પણ ઘણીવાર વરસોથી જે કરતા આવ્યા હોઈએ એ કામ છોડીને બીજા નવા કામમાં જોડાવાનું જોખમ લેવાની તૈયારી ન હોય એવું પણ બને. આમ, પરિસ્થિતિ આદર્શ ક્યારેય નથી હોતી. એટલે સ્પર્ધા હોય ત્યાં કામદારોને પૂરેપૂરી સુરક્ષા મળી જ જાય એવી કોઈ ગેરંટી નથી. પરંતુ તે મોટા ભાગના કામદારોની સુરક્ષા માટેનો સારામાં સારો, અથવા તો ઓછામાં ઓછો ખરાબ, ઉપાય છે એમ જરૂર કહી શકાય.

સ્પર્ધાની આ ભૂમિકા એ 'મુક્ત બજાર'ની એ લાક્ષણિક્તા છે જે બધે જોઇ શકાય છે. એક કામદારને તેના માલિકના શોષણ સામે તે જેમને ત્યાં કામે જઇ શકે એમ હોય એવા બીજા માલિકોની હાજરી રક્ષણ પૂરું પાડે છે. તે જ પ્રમાણે, જેમને તે કામે રાખી શકે એમ હોય એવા બીજા કામદારોની હાજરી માલિકને કામદારો સામે રક્ષણ પૂરું પાડે છે. અને બીજા વેપારીઓ કે ઉત્પાદકોની હાજરી ગ્રાહકને વેપારી કે ઉત્પાદકના શોષણ સામે રક્ષણ આપે છે. આમ, પ્રચલિત માન્યતાથી વિપરીત, મુક્ત બજાર સૌને મન ફાવે તે કરવાની છૂટ આપવાને બદલે સૌને શિષ્ટ અને મર્યાદામાં કામ કરવાની ફરજ પાડે છે.

પરંતુ અહીં એક દેખીતો વિરોધાભાસ પેદા થાય છે - માલિકો (ઉત્પાદકો) વચ્ચેની મુખ્ય સ્પર્ધા તો બજારમાં પોતાનો માલ વેચવાની હોય છે, અને એ માટે થઇને તેઓ સારા કામદારો મેળવવાની સ્પર્ધામાં હોય છે. આ સ્પર્ધાને કારણે જ તેઓ પોતાના માલની કિંમત મનફાવે તેમ વધારી નથી શકતા, એટલે કે એમને મળતા નફાનો માર્જીન ખાસ્સો ઓછો હોય છે. તો પછી આ સ્થિતિમાં તેમને કામદારોને વધારે સારો પગાર આપવાનું કે વધારે સારી સગવડ આપવાનું કઇ રીતે પોષાય ? એમની વચ્ચેની આ સ્પર્ધા જ શું એમને કામદારોને ઓછામાં ઓછો પગાર અને સગવડ આપવાને મજબૂર નહીં કરે ? એટલે કે દિવસે દિવસે કામદારોની પરિસ્થિતિ વધારે ને વધારે ખરાબ થતી નહીં જાય?

આ એ જ વિશ્લેષણ છે જે આજથી આશરે સવા સો વર્ષ પહેલા કાર્લ માર્કસે *'theory of increasing misery of labour'*ના સ્વરૂપમાં આપણી સમક્ષ મૂકેલું. જગદીશભાઇએ પણ ચેન્નૈના મહાબલીપુરમમાં પત્થરની મૂર્તિ બનાવનારાઓનો દાખલો આપીને આ જ દલીલ કરી છે. હવે '*increasing misery of labour*'ની માર્કસની આ વાત સાચી નથી એ તો આપણે સૌ જાણીએ છીએ. એમ હોત તો અમેરિકા અને પશ્ચિમી યુરોપના વિકસિત ઔદ્યોગિક દેશોમાં છેલ્લાં ૨૦૦ વર્ષમાં કામદારોની સ્થિતિમાં જે ધરખમ સુધારો થયો છે તે જ ન થયો હોત. અત્યારે ત્યાં ભાગ્યે જ કોઇ એવા કામદાર જોવા મળશે, જેમણે સો વરસ પહેલાં જ ત્યાં જે સામાન્ય હતું અને આપણા જેવા દેશોમાં હજી આજે પણ સામાન્ય છે, એવી કમરતોડ મજૂરી કરવી પડતી હોય. કામના સ્થળના વાતાવરણ અને સલામતીમાં ખૂબ સુધારો થયો છે, કામના કલાકો ઘટ્યા છે, વેકેશન અને બીજા લાભો સામાન્ય બાબત થઈ ગઇ છે અને સૌથી વધારે અગત્યની બાબત તો એ છે કે એમની આવકમાં ધરખમ વધારો થયો છે. એને કારણે જ ત્યાંનાં સામાન્ય કુટુંબો પણ પ્રમાણમાં ઊંચું જીવનધોરણ જીવી શકે છે, જે પહેલાં ફક્ત અત્યંત અમીર ઉમરાવો જ જીવી શકતા હતા. આ થયું છે એ હકીકત છે. એ વિશે કોઇ વિવાદ પણ નથી. સવાલ એ જ છે કે આ થયું કેવી રીતે ? 'મુક્ત બજાર'ના હિમાયતીઓના મતે આ દેશોમાં કામદારોની સ્થિતિમાં આ જે સુધારો થયો છે તેમાં સૌથી મહત્ત્વની ભૂમિકા કામદારોની વધતી જતી ઉત્પાદકતાએ જ ભજવી છે. અને આ વધતી ઉત્પાદકતાના કેન્દ્રમાં 'મુક્ત બજાર'ની સ્પર્ધા જ રહેલી છે. એ કઇ રીતે ?

આ સ્પર્ધાને કારણે ઉત્પાદકોને મળતા નફાનો માર્જીન ખૂબ ઓછો હોય છે એ તો આપણે ઉપર જોયું. આ ઓછા નફાને કારણે જ તેમને સતત કામદારોની ઉત્પાદકતા વધારે એવાં ઉત્પાદનનાં નવાં નવાં સાધનો કે મશીનો, નવી નવી પધ્ધતિઓ કે પ્રક્રિયાઓમાં રોકાણ કરવાના તેમજ વધારે સારી એવી નવી નવી પેદાશો બજારમાં મૂકવાના ઇન્સેન્ટીવ મળે છે. (એ રીતે કામદારોની ઉત્પાદકતા વધારનાર ઉત્પાદક ઓછી કિંમતે વધુ અને વધુ સારો માલ પેદા કરી શકે છે અને એ રીતે પ્રતિસ્પર્ધીની તુલનામાં વધારે નફો કમાઇ શકે છે.) કામદારોની આ વધતી ઉત્પાદકતાને કારણે જ તીવ્ર સ્પર્ધાની સ્થિતિમાં પણ ઉત્પાદકો કામદારોને વધારે સારું વેતન (અને બીજી સગવડ) આપી શકે છે અને એમ કરીને સારા કામદારો મેળવી શકે છે. આની સાથે જ જોડાયેલી બીજી એક બાબત એ છે કે ઉત્પાદકતા વધારતાં નવાં નવાં સાધનો / ઉપકરણો / પધ્ધતિઓ ઉત્પાદનની પ્રક્રિયાને વધારે કાર્યક્ષમ પણ બનાવે છે, જેને કારણે એ પ્રક્રિયા વધારે ચોખ્ખી અને સલામત પણ બનતી જાય છે, અને કામની જગ્યાએ કામદારોની સલામતી પણ વધતી જાય છે. આમ, આ દેશોમાં કામદારોની સ્થિતિમાં જે ધરખમ સુધારા થયેલા જોવા મળે છે તેમાં મુક્ત બજારને કારણે તેમની 'વધતી ઉત્પાદકતા'એ ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી છે.


અલબત્ત, એ માટે આ એક જ પરિબળ જવાબદાર છે અને બીજાં કોઇ પરિબળો(મજૂર કાયદા કે ટ્રેડ યુનિયનો)એ ભાગ જ નથી ભજવ્યો એવું નથી. પરંતુ એ બીજાં પરિબળોની ભૂમિકા પ્રમાણમાં ગૌણ રહી છે, મુખ્ય ભૂમિકા કામદારોની આ વધતી ઉત્પાદકતાએ જ ભજવી છે.

વિકસિત દેશોમાં આર્થિક /ઔદ્યોગિક વિકાસની જે પ્રક્રિયા ચાલેલી તેમાં શરૂઆતમાં વરસો સુધી તો પર્યાવરણ કે કામદારોની સુરક્ષા માટેના કોઇ કાયદા હતા જ નહીં. એ કાયદાઓ તો પાછળથી ઘણાં વરસો (કેટલીક બાબતોમાં તો ૧૦૦થી પણ વધારે વર્ષ) પછી અમલમાં આવેલા. અને છતાં કાયદા વગરનાં એ શરૂઆતનાં વરસોમાં પણ 'વધતી ઉત્પાદકતા'ની ઉપર વર્ણવેલી પ્રક્રિયાને કારણે ત્યાંના કામદારોની પરિસ્થિતિ તો સતત સુધરતી જતી હતી. વર્કમેન્સ કોંપેન્સેશન કે બાળમજૂરી નાબૂદી જેવી કેટલીયે બાબતોમાં કાયદાએ તો માત્ર તેના

અભાવમાં પણ જે પરિસ્થિતિ અસ્તિત્વમાં આવી ચૂકી હતી તેને ફોર્મલાઇઝ કરવાની - માન્યતા આપવાની જ કામગીરી કરેલી. એટલે સ્વાભાવિક જ ત્યાં એ કાયદાઓના અમલમાં ખાસ કોઇ મુશ્કેલી નહોતી પડી. પરંતુ ત્યાં બીજા કેટલાક એવા કાયદા આવ્યા છે જેનાથી કોઇ લાભ થયો છે કે નહીં એ તો શંકાસ્પદ છે, પણ નુકસાન ચોક્કસ થયું છે. એનાથી કોઇ ચોક્કસ યુનિયન કે માલિકોને જરૂર લાભ થયો છે, કે સરકારી અધિકારીઓની સંખ્યા અને સત્તા પણ ઘણી વધી છે, પરંતુ સામાન્ય કામદારોને પ્રાપ્ત અવસર કે આવક તો ઘટ્યા જ છે. જગદીશભાઇએ જેનો ઉલ્લેખ કર્યો છે તે અમેરિકાનો OSHA (Occupational Safety and Health Administration) એનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડે છે. સાથેની આકૃતિમાં દર્શાવ્યું છે તેમ ૧૯૭૦માં આ કાયદો અમલમાં આવ્યો એનાં ઘણાં વરસો પહેલાંથી અમેરિકામાં કામના સ્થળે થતા ગંભીર અકસ્માતોને કારણે થતા કામદારોના મૃત્યુદરમાં ઘટાડો થઈ રહ્યો હતો અને એ અમલમાં આવ્યો ત્યાર પછી પણ એનાથી મૃત્યુદરના ઘટાડાની એ તરાહ વધારે ઝડપી બની હોય એવું પણ દેખાતું નથી. પરંતુ બીજી બાજુ, એણે સરકારી અધિકારીઓની સંખ્યા અને સત્તા એટલી તો વધારી દીધી છે કે બધી બાજુએથી એની સામે વ્યાપક ફરિયાદો ઊઠી રહી છે. એની આસપાસ એક જોક પણ પ્રચલિત થઇ ગયો છે જે એ વિશે ઘણું કહી જાય છે : *'સવાલ - અમેરિકામાં લાઇટનો એક બલ્બ હોલ્ડરમાં નાખવા માટે કેટલા માણસો જોઇએ ? જવાબ : પાંચ, એક બલ્બ નાખવા માટે, અને બાકીના ચાર એની પર્યાવરણીય અસરો તેમજ OSHAના ફોર્મ્સ ભરવા માટે !'*

હવે આપણે ત્યાંની પરિસ્થિતિની વાત ઉપર આવીએ તો જગદીશભાઇએ સ્વીકાર્યું છે તેમ સ્વતંત્રતા પછીનાં ૪૦ વર્ષ સુધી તો આપણે 'મિશ્ર અર્થતંત્ર'ના નામે એક બાજુ ખાનગી ઉદ્યોગોને 'લાયસન્સ-પરમીટ-ક્વોટા'નાં તેમજ 'આયાત-નિકાસ'નાં અનેક નિયંત્રણોથી ગૂંગળાવી દેવાનું અને બીજી બાજુ એકાધિકાર ભોગવતા સરકારી ઉદ્યોગોના ધોળા હાથી ઊભા કરવાનું કામ જ કર્યું, જેને પરિણામે આર્થિક વિકાસનો દર સાવ નીચો રહ્યો. આની સાથે સાથે માત્ર કાયદા પસાર કરી દેવાથી જ કામદારોની સ્થિતિ સુધરી જશે એમ માનીને શરૂઆતથી જ તેમની 'સુરક્ષા' માટે પશ્ચિમી દેશો જેવા જ અનેક મજૂર કાયદાઓ પસાર કર્યા. પરંતુ 'મુક્ત સ્પર્ધા'ના અભાવમાં 'કામદારોની ઉત્પાદકતા' ખાસ વધી નહોતી રહી અને એ રીતે એમની સ્થિતિ સુધારવા માટેની પાયાની જરૂરિયાત જ સંતોષાઇ નહોતી. આ સંજોગોમાં આ કાયદાઓનો બરાબર અમલ ન થાય, એમાં છિદ્રો શોધી કઢાય અને ભ્રષ્ટાચારને વેગ મળે અને સરકારી એકમોમાં પ્રવેશ મેળવી ચૂકેલા 'સુરક્ષિત' કામદારોને બાદ કરતા બાકીના મોટાભાગના કામદારોની સ્થિતિમાં ખાસ કોઇ

**Death Rate Trends for Job-Related Accidents**




Source : Data from National Safety Council, Accident Facts (Chicago National Safety Council 1989)

સુધારા ન થાય એ સ્વાભાવિક છે.

૧૯૯૦ના દાયકાથી જે આર્થિક સુધારાઓ દાખલ કરાઇ રહ્યા છે તેને કારણે પરિસ્થિતિ સુધરી છે, ઉદ્યોગો પરનાં સરકારી નિયંત્રણો ઘટ્યાં છે, મુક્ત બજાર આધારિત આર્થિક વિકાસની પ્રક્રિયાને વેગ મળ્યો છે અને પરિણામે આર્થિક વિકાસનો દર જે પહેલાં ૨-૩ ટકાની આસપાસ સ્થિર રહેતો હતો તે વધીને ૭ થી ૮ ટકા જેટલો થયો છે. માથાદીઠ આવક પણ વધી છે. આને કારણે કામદારોની ઉત્પાદકતા અને એને કારણે પછી આવક અને સલામતી પણ વધતી જાય છે. પરંતુ એ પણ સ્પષ્ટ છે કે આ તો હજી શરૂઆત જ છે અને બધાં ક્ષેત્રોમાં સ્પર્ધાત્મક વિકાસનો ફેલાવો એક સરખો નથી થયો અને કેટલાંકને તો એનો સ્પર્શ સુધ્ધાં નથી થયો. અને આર્થિક સુધારાઓની પ્રક્રિયા પણ હજી તો અધૂરી જ છે. આ સ્થિતિમાં હજીયે કેટલીયે દેખીતી સમસ્યાઓ જેમની તેમ ઊભી હોય એ સાવ સ્વાભાવિક છે.

ખંભાતના અકીક પત્થરો ઘસનારા કે મહાબલીપુરમમાં પત્થરની મૂર્તિઓ બનાવનારા કામદારોની સ્થિતિ હજી આટલી ખરાબ છે તે માટે ચોક્કસ કયાં કારણો જવાબદાર છે તેનો ખ્યાલ તો આ ક્ષેત્રોનો સ્પર્ધાત્મક વિકાસ કેટલે પહોંચ્યો છે તેની ચોક્કસ જાણકારીના આધારે જ મેળવી શકાય. જગદીશભાઇ આ અંગે વધારે પ્રકાશ ફેંકી શકશે. સ્પર્ધાત્મક વિકાસ અને તેની કામદારોની સ્થિતિ પરની અસર અંગે અહીં જે ચિત્ર રજૂ કર્યું છે તે બધાને સ્વીકાર્ય ન હોય એ સમજીએ છીએ. એને પડકારીને આ ચર્ચા આગળ વધારવા સૌને આગ્રહભરી વિનંતી છે. ■

## પ્રતિભાવ

# બ્યુટીફુલ ટ્રી : કુદરતી સૌંદર્યથી બનાવટી સૌંદર્યની વાત

### વાસુદેવ વોરા

ખોજના મે-જૂન ૨૦૦૯ના અંકમાં 'બ્યુટીફુલ ટ્રી' લેખ સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ વિષેના ખ્યાલમાં નવી ખોજ જેવો જણાયો. તેના થોડા મહિનાઓ પહેલાં ગુજરાતના અગ્રણી શૈક્ષણિક સામયિક 'અભિદ્રષ્ટિ'એ તે વિષય પર બે વિશેષાંકમાં વ્યાપક છણાવટ પ્રયોજવા સંનિષ્ઠ પ્રયાસ કરેલો. તેમાં મેં પણ પોતાની સમજણના સામાજિક અભિગમથી સ્વનિર્ભર શિક્ષણ સંસ્થાઓ વિશે આકરો બળાપો ઠાલવેલો. તેથી ખોજના ઉપરોક્ત લેખે વિચારની નવી બારી બતાવી. કાર્યક્ષેત્રમાં રહેલા શિક્ષકોના તેના વિશેનાં વલણો-અભિપ્રાય જાણવા અને જેની વાત છે, તે જ લોકોને સાંકળવાની ઇચ્છાથી અમારા પ્રવૃત્તિ ક્ષેત્રની પાંચ ઉત્તર બુનિયાદી શાળાઓના અને પચ્ચીસ સરકારી પ્રાથમિક શાળાઓના શિક્ષકોને ખોજના આ લેખની નકલો મોકલાવી. શક્ય બને ત્યારે તે લેખ વાંચીને તે વિશે ચર્ચાસભા યોજવા કહેલું. તાજેતરમાં આ પાંચેય ઉત્તર બુનિયાદી વિદ્યાલયોમાં પ્રાથમિક શાળાઓના શિક્ષકો સાથે આવી ગોષ્ઠીઓ સંપન્ન થઇ. તેમાં રજૂ થયેલ મંતવ્યો આપણે પહેલાં જોઇએઃ

- શિક્ષકોને ખાનગી શાળાઓમાં ઓછો પગાર આપવા છતાં તેઓ સારી કામગીરી કરે છે, જ્યારે સરકારી શાળાઓમાં તેના કરતાં ત્રણથી ચાર ગણો પગાર વધારે આપવામાં આવે છે, છતાં કામ તેટલું મળતું નથી. ઘણા શિક્ષકોએ જણાવ્યું કે સરકારી શાળામાં શિક્ષકોની નિષ્ઠાનો અભાવ હોય છે, જે જાગે તેવા પ્રયાસ કરવાની જરૂર છે.
- અમુક શિક્ષક કહેતા હતા કે સરકારી શાળામાં પણ શિક્ષણ સારું થાય છે, પણ તેમને ભણાવવા કરતાં બીજાં કામ વધારે હોય છે. ખાનગી શાળાઓમાં તે નથી હોતાં. ખાનગી શાળાઓમાં શિક્ષકોનું શોષણ થાય છે, તેમ જ ભૌતિક વ્યવસ્થાઓ પણ પર્યાપ્ત નથી હોતી. ખાનગી શાળાના સંચાલક પોતાની શાળા છે, તેથી તે શિક્ષણનું ધ્યાન રાખે છે અને પોતાની શાળાનો વિકાસ કરે છે; જ્યારે સરકારી શાળામાં કોઇ ધ્યાન નથી રાખતું.
- ખાનગી શાળામાં વાલી જાગૃત હોય છે, સરકારી શાળામાં તેવું નથી. સરકારી શાળામાં શિક્ષકોને સરકારી કામો વધારે આવી જાય છે, તેથી ભણાવી નથી શકતા.
- સરકારી શાળામાં ૩૦ ટકા જેટલા શિક્ષકો ગેરહાજર રહે છે અથવા ભણાવતા નથી.
- વાલીઓના મતે, ખાનગી શાળા બાળકોને વધારે સમય સાચવે છે.
- વાલીઓ દેખાદેખીને કારણે ખાનગી શાળામાં બાળકોને મોકલે છે.
- સરકારી શાળામાં શિક્ષકો અને આચાર્યને શિક્ષણ સિવાયની વધારાની કામગીરી સોંપાય છે, તેથી શિક્ષણકાર્ય ઉપર ધ્યાન આપી શકતા નથી.
- વાલીઓની માન્યતા છે કે હોંશિયાર બાળકનું ઉત્તમ શિક્ષણ ખાનગી શાળામાં થશે, તેથી હોશિયાર બાળકને ખાનગી શાળામાં અને ભણવામાં નબળા બાળકને અને કન્યાઓને સરકારી શાળામાં મોકલે છે.
- સરકારી શાળામાં કોઇક જગ્યાએ પૂરતો સ્ટાફ નથી હોતો, તથા એક જ ધોરણમાં વિદ્યાર્થીઓની બહુ મોટી સંખ્યા હોવાથી સરકારી શાળાના શિક્ષકો અભ્યાસ પ્રત્યે ધ્યાન નથી આપી શકતા.
- સરકારી નોકરીમાં પૂરતું રક્ષણ આપવામાં આવે છે, તેથી કેટલાક શિક્ષકો આળસુ અને બેપરવા બની જાય છે, જ્યારે ખાનગી શાળાઓમાં અસલામતીને લીધે શિક્ષકો ગંભીરતાથી શિક્ષણકાર્ય કરે છે અને બેજવાબદાર બનતા નથી.
- કેટલીક ખાનગી શાળાઓમાં શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે, જ્યારે સરકારી શાળાઓમાં માતૃભાષા દ્વારા શિક્ષણ અપાય છે. વાલીઓ અંગ્રેજી પ્રત્યે આકર્ષિત થયેલા છે.
- ખાનગી શાળામાં પરીક્ષાલક્ષી ગોખણિયું શિક્ષણ અપાય છે, તેથી પરીક્ષામાં તે બાળકો સારો દેખાવ કરે છે.

ભાવનગર અને જામનગર જિલ્લાની પસંદગીની પાંચ ઉત્તર બુનિયાદી વિદ્યાલય અને દરેકની આસપાસની પાંચ-છ સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો સાથે આ ગોષ્ઠીઓ યોજાઇ હતી. તેમાં કેટલાક મુદ્દા બેવડાયા છે, તેમ જ જે-તે વિસ્તારની આ બાબતની પરિસ્થિતિનો પડઘો પણ તેમાં જોવા મળે છે. જેમ કે કલ્યાણપુર તાલુકામાં ખાનગી પ્રાથમિક શાળાઓ લગભગ ગામેગામ છે, તેમ કહે છે. તેથી ત્યાં આ સવાલ બહુ જ તીવ્રતાથી અને વ્યાપક રીતે ચર્ચાયો હતો. વાચકોને જણાવવાની રજા લઉં કે કલ્યાણપુર તાલુકામાં આ વર્ષે જોકે ત્રણ ગણો વરસાદ થયો છે, અન્યથા કચ્છના જેટલું વરસાદનું અલ્પ પ્રમાણ, હોવાથી પથરાળ જમીન અને સમુદ્ર કિનારાની અસર અહીંના જનજીવન પર પ્રભાવિત થયેલી છે, તેવા વિસ્તારમાં ખાનગી શાળાઓનો આવો વ્યાપ-વિસ્તાર એક ધ્યાનાકર્ષક બાબત છે.

હવે ગરીબો પોતાનાં બાળકોને કઇ રીતે ભણાવી રહ્યા છે, તેની વાત. આપણા દેશમાં ૫૪ ટકા પ્રાથમિક શાળાઓમાં એક શિક્ષક જ બાળકોને ભણાવે છે અને ૭૧ ટકા શાળાઓમાં વધુમાં વધુ ત્રણ શિક્ષકો સાથે શિક્ષણકાર્ય થાય છે. તાજેતરમાં જ આ આંકડા જાહેર થયા છે. ગરીબો આ દેશમાં બહુ સંખ્યામાં ગ્રામીણ વિસ્તારોમાં છે. શહેરી ગરીબો અને ગ્રામીણ ગરીબો વચ્ચે અભાવની સ્થિતિમાં પણ સમાનતા નથી. તેથી એક ગરીબ અને બીજો ગરીબ માત્ર પોતપોતાને સ્થળે ગરીબ હોવા વિશે જ સમાન છે. અન્ય કોઇ માપદંડમાં તેમને સમાન ગણવા અમાનવીય અર્થશાસ્ત્ર બની રહેશે. શહેરનો રિક્ષાચાલક અથવા હાથલારી ચલાવનાર અને ગ્રામીણ ખેતમજૂર વચ્ચે જેમ ગરીબીમાં, ગરીબીની સમજણમાં, સામાજિક સ્થાન અને પરિસ્થિતિમાં, પોતાના સ્વાવલંબન અને પોતાના કુટુંબના વિકાસની સમજણમાં - કયાંય બન્ને વચ્ચે કોઇ સમાનતા નથી. ભાવનગર જિલ્લાના એક ગામના ખેતમજૂરનો બાળમજૂરી કરતો દીકરો ભવિષ્યમાં શું કરવા માગે છે, તેવા અમારા પ્રશ્નના જવાબમાં ત્રણ-ત્રણ વખત મજૂર જ જવાબ આપે ત્યારે તેની અસહાયતા અનુભવી જુઓ! આ ગુજરાત - પ્રગતિશીલ સૌરાષ્ટ્રની ઘટના હાલની જ છે. આ પરિસ્થિતિ અલબત્ત વ્યાપક ન હોય તો પણ તેથી તેનું મહત્ત્વ ઘટતું નથી. સામાજિક અસમાનતા કઇ હદે વધી રહી છે, સંઘર્ષ અને વિદ્રોહની હિંસાત્મક પ્રક્રિયા માટે આટલાં તથ્યોથી વાસ્તવિક સ્થિતિ અને તનાવભર્યા જીવનના વ્યાપનો ખ્યાલ સ્પષ્ટ બનવો જોઇએ. માઓવાદીઓને આમંત્રણ આપતા રાજકારણીઓ પોતાના કેફમાં વિકાસની ગુલબાંગો પોકારતા રહેશે અને ખેતરોમાં બાળકોના હાથમાં હથિયારો રમવા લાગશે - તે માત્ર સમયની જ વાત છે. શાહમૃગની દશા ભોગવતા આપણે સહુ આપણી હવેની પેઢી માટે હિંસા, આતંક, અન્યાય, ભય અને શોષણ સિવાય બીજું શું મૂકી જવાના તે વિચારવાનું હવે મોડું થયું જણાય છે. આના મૂળમાં શિક્ષણની ગેરવ્યવસ્થા જવાબદાર છે. આજે ગાંધીબાપુના જન્મદિવસે પૂ. બાપુનું તાવીજ યાદ આવે છે : ''આપણે જોયેલા સૌથી ગરીબનો ચહેરો નજર સામે રાખીને મહત્ત્વના નિર્ણયની ગૂંચ-અવઢવ ઉકેલવી.'' આવી અવઢવ તો માત્ર સ્વાર્થ, અહંકાર અને હિત સાચવવાની વેતરણમાં જ ઊભી થાય. ભારતમાં શિક્ષણ વ્યવસ્થાના અમલીકરણમાં આ બહુ બંધબેસતું આવે છે. લોકો અને સરકાર સૌએ ભેગા મળીને બહુજન હિતાય શિક્ષણવિચાર જે ગાંધીજીએ આપ્યો તેને સદંતર અવગણ્યો. માત્ર અલ્પજન હિતાય જે શિક્ષણપ્રણાલી લાભપ્રદ જણાઇ તે ચાલુ રાખવામાં આવી. દેશનાં નસીબ એટલાં આડાં, કે ગાંધીજીના ગયા પછી ગાંધીજીની વાતને વળગી રહેનારા, સત્તાધારીઓની ગાડીમાં ચડીને સદ્‌ભાવનું પી.આર. કરવામાં કાબેલ બની ગયા અને જનતા નબાપી બની ગઇ!

બ્યુટીફુલ ટ્રીની ટૂલીની વાત તો સાચી છે, પણ તે ઉપાય નથી. તે રોગની એક પ્રબળ નિશાની છે. ગરીબો પોતાનો રસ્તો પોતે કરી લે તેવી રીતનો અંતિમ તો દેશનાં અનેક રાજ્યમાં પ્રસરેલા નક્સલવાદે બતાવી આપ્યો છે! ખાનગી શાળાઓમાં શિક્ષણ નથી અપાતું, સર્ટિફિકેટની સીડી ચઢતાં શિખવાડાય છે. તેવું શિક્ષણ આ દેશની ભાવિ પેઢીના ચારિત્ર્યઘડતર, વ્યક્તિત્વ અને સામાજિકતાના ન્યાયસંગત સંસ્કારનું સિંચન કરશે!

પ્રાથમિક શિક્ષણ તે રાજ્યની બંધારણીય જવાબદારી છે. તેના માટેનું મહત્ત્વ આપણી ગુલામી મનોદશાની સ્થિતિમાં સ્પષ્ટ નથી થયું. બ્રિટીશ રાજ વખતની શાસક અને પ્રજાના ભેદની માનસિકતા હજુ ઉભયપક્ષે મહદ્ અંશે જળવાઇ રહી છે. સ્વરાજના અધિકારોનો અહેસાસ કરાવનારું નઇ તાલીમનું શિક્ષણ જે ચારિત્ર્ય- ઘડતર કરે તે મેકોલે મળતિયાઓના શિક્ષણથી કેમ શક્ય બને? લોકશાહીના ઓઠા તળે આપણા દેશમાં સામ્રાજ્યવાદી માનસના શાસકોનાં મૂળિયાં જે રીતે મજબૂત થઇ રહ્યાં છે, તે લોકોને તો મેકોલે જ પસંદ હોય તે સ્વાભાવિક છે. કેળવણી નિરીક્ષકો બધા જ ખરાબ નથી પણ કેટલાક ખરેખર કેળવણીને પારાવાર નુકસાન પહોંચાડે તેવા જડ અને વહીવટકર્તાઓ જ માત્ર હોવાનાં વલણો ધરાવે છે. રાજ્ય સરકાર વાસ્તવમાં પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણમાં સુધારા માટે પ્રોએક્ટિવ અભિગમથી કાર્ય કરતા હોવાનો દેખાવ કરે છે. પરંતુ વાસ્તવિકતા કંઇક જુદી જ છે. વહીવટ, રાજકારણ અને નોકરશાહીનાં વલણોથી શિક્ષણને એક તંત્ર તરીકે જ ગણતરીમાં લઇને ઉપરછલ્લા ફેરફારો કરવામાં આવે છે. પાટણ ગેંગ રેપનો કિસ્સો આ બાબતમાં ઘણું કહી જાય છે.

વાસ્તવમાં સંરક્ષણ પછી બજેટમાં અગત્યનું સ્થાન પ્રાથમિક શિક્ષણને અપાવું જોઇએ. સરકારે ખર્ચની જોગવાઇ સિવાયની બાબતમાં પ્રયોગશીલ સ્થાનિક શૈક્ષણિક સંગઠનોના વિકાસમાં પ્રોત્સાહન આપી વહીવટી પકડમાંથી શિક્ષણને મુક્ત કરવું જોઇએ. શિક્ષકોને આજે વગોવવાની પ્રણાલી છે. પણ તેના માટે વાસ્તવમાં શિક્ષણતંત્ર જવાબદાર છે. છ મહિના કે વરસના ટૂંકા ગાળામાં બિનકાર્યક્ષમ કે નકારાત્મક વલણના શિક્ષકો યોગ્ય વાતાવરણ અને પ્રોત્સાહક અભિગમથી પોતાની કાર્યપ્રણાલીમાં સમજપૂર્વક અનુકૂળ ફેરફાર કરવા પ્રેરાય છે. આ ક્ષેત્રમાં કાર્ય કરતાં સ્વૈચ્છિક સંગઠનોનો આ સામાન્ય અનુભવ છે. તે વલણને ટકાવી રાખવા તેને અનુરૂપ તંત્ર વ્યવસ્થા અનિવાર્ય છે.

ગરીબ પરિવારો પોતાનાં બાળકોને ખાનગી શાળામાં ભણાવવા માટે પ્રોત્સાહિત થાય તો તેમના સંઘર્ષની અસર બીજાં ક્ષેત્રોમાં પરિવર્તિત

થવાની પૂરી સંભાવના છે. તેવા તનાવની સ્થિતિ, બાળકોના મનોજગત ઉપર, માનસિક વલણોના ઘડતર ઉપર પણ હિંસાત્મક પ્રતિક્રિયા જન્માવવા સક્ષમ બનશે. પરિણામે સમાજનો એક મોટો દબાયેલો વર્ગ પોતાની અભાવની સ્થિતિમાં હિંસાત્મક પ્રતિક્રિયા માટે માનસિક રીતે તૈયાર થતો જશે. આ શું એક સ્વસ્થ સમાજની રચના કહેવાશે?

હાલમાં પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ જે અભ્યાસક્રમ ભણાવાય છે, તે પણ વિવિધ વિસ્તારના વિવિધ સમાજ-વ્યવસ્થાનાં અને વિવિધ શૈક્ષણિક જરૂરિયાતનાં બાળકો માટે અન્યાયપૂર્ણ છે. પ્રાથમિક અને માધ્યમિક કક્ષાએ વ્યાવસાયિક કુશળતાના સ્થાનિક વિકલ્પોનું શિક્ષણ ગરીબ મા-બાપની મહત્ત્વની જરૂરિયાત છે. સીઝન વખતે ખેતીમાં કે હીરા ઘસવા માટે બાળકોને ટૂંકા ગાળા કે લાંબા ગાળા માટે શાળામાંથી ઉઠાડી મૂકવા પાછળની પરિસ્થિતિના શૈક્ષણિક ઉપાય કરવાની જરૂર છે. તે માત્ર મધ્યાહ્‌ન ભોજનથી ન ઉકેલી શકાય. ગરીબો કાંઇ સરકારી નોકરિયાત નથી કે તેમને મૂળ કામ કરતાં ખાવામાં વધુ રસ હોય!

પ્રાથમિક શિક્ષણની આ ચર્ચા સાથે જોડાયેલો વધુ એક અગત્યનો મુદ્દો પણ ધ્યાનમાં લેવાનો છે. શિક્ષણ એવું હોવું જોઇએ જે સમાનતા અને ઐક્યના મૂલ્યની કેળવણી કરે. ગરીબો માટે અને તવંગરો માટે શિક્ષણમાં જો ભેદ ઊભો કરવામાં આવે તો તે કેવાં મૂલ્યોનું શિક્ષણ કરશે? (કોન્વેન્ટમાં ભણેલા બાબુઓના ગરીબો પ્રત્યેના અભિગમથી આ દેશ જે પારાવાર નુકસાન પામ્યો છે, તે કયાં અજાણ્યું છે?) તેથી પડોશની શાળા (નેઇબરહૂડ સ્કૂલ)ના વિચારને ઝડપથી અમલી કરવાની જરૂર છે. તેમાં તવંગરો અને પોતાને ચડિયાતા ગણતા માલેતુજારોનો વિરોધ થશે, તો પણ ચુસ્તપણે અને કડકાઈથી સામાજિક મૂલ્ય અને રાષ્ટ્રિય કેળવણીના હેતુથી આ બાબત હાથ ધરવી જોઇએ.

આમ, એકંદર ટૂલીના પુસ્તકને આવકારવા સાથે શિક્ષણના નામે આપણા દેશમાં કેવાં કેવાં મૂલ્યોના સમાજનું અનિચ્છનીય ઘડતર થઇ રહ્યું છે, તે સમજવા ને વિચારવા જેવું છે. ખોજના અનુગામી અંકમાં ધી બ્યુટીફુલ ટ્રી અંગે થોડું વધુ વિચારવલોણું જોવા મળ્યું. પ્રથમ આશ્ચર્ય પ્રથમ લઇ લઇએ. ધી બ્યુટીફુલ ટ્રી શિક્ષણમાં રસ લેતા સેવકોમાં અજાણ્યું હોય તે બાબત શિક્ષણ વિશેની આજની સ્થિતિ અંગે, શિક્ષકો તો ઠીક પણ તેમાં હાથ અજમાવતા સમાજસેવીઓ પણ મેકોલે શિક્ષણના કેવા ભોગ બનેલા છે; પોતીકી મૂડી, સંસ્કાર, પરંપરા અને શાણપણ વિશે ઉપેક્ષિત ભાવ ધરાવે છે, તે બીના પીડાદાયક બની રહે છે. સ્વર્ગસ્થ ધરમપાલજીએ વર્ષો-દાયકાઓ પહેલાં પરંપરાગત ભારતીય શાણપણ - અંગ્રેજો આવ્યા તે પહેલાંના હિન્દુસ્તાનના જ્ઞાન-વિજ્ઞાન, શિક્ષણ અને વ્યવસાય કુશળતા વિશે એક દશકાથી વધુ સમય લંડનમાં આર્કાઇવ્ઝમાં ધૂણી ધખાવીને જે માહિતી મેળવી, તેણે ભારતની વિચારશીલ સમાજની આંખ ખોલવાનો જબ્બર પુરુષાર્થ કર્યો તે સ્વતંત્ર ભારતની એક મહત્ત્વની ઘટનારૂપ છે.

દેશના અગ્રણી ગાંધીજન સ્વર્ગસ્થ ધરમપાલજીએ જે સાહિત્ય નિર્માણ કર્યું તે સંકલિત રૂપે 'ધરમપાલ : કલેકટેડ રાઇટિંગ્ઝ' નામે પછીથી છેક સને ૨૦૦૦માં અધર ઇન્ડિયા બુક સ્ટોર, ગોવા તરફથી અંગ્રેજીમાં પ્રકાશિત થયું. ભારતીય શાણપણની વાત આવે ત્યારે મોઢું ફેરવતા આપણા વિદ્વાન અને બુદ્ધિજીવી સજ્જનોએ, વિદ્યાપીઠો અને વિશ્વ વિદ્યાલયોએ જ્યારે તેની ઉપેક્ષા કરી ત્યારે, ભારતીયતાના વિચારને વરેલા પરિપક્વ ભારતીય ચિંતકોએ આ નવી ખોજને ઉમળકાભેર આવકારી. ૧૮મી સદીના ભારતીય શાણપણ, વિજ્ઞાન અને શિક્ષણ વ્યવસ્થા આપણા માટે આત્મગૌરવનો પરિચય કરાવી જાય છે. આ જ શ્રેણીમાં શિક્ષણ વિશેનાં સંશોધનનું પુસ્તક ધ બ્યુટીફુલ ટ્રી ધરમપાલજીએ તૈયાર કરેલું છે. તેમાં ગાંધીજીના એ શબ્દોનો આધાર લીધો છે, જેમાં તેમણે અંગ્રેજોએ ભારતને કરેલ સૌથી મોટું નુકસાન તે અહીંના બ્યુટીફુલ ટ્રી જેવા શિક્ષણનો વિનાશ ગણાવ્યો છે. એ સ્વતંત્રતાનાં સાઠ વર્ષો પછી પણ ભારતના પ્રબુદ્ધ વિચારકો જ્ઞાન માટે અન્યોની દાઢીમાં હાથ નાંખી રહ્યા છે અને ઘરઆંગણાના જ્ઞાન વિશે અજ્ઞાનતામાં અટવાઇ રહ્યા છે. આ પરિસ્થિતિને લીધે અલગાવ પેદા થાય છે. સંકુચિતતા અહીં જ છે. મૂઢતા અહીં જ પ્રચ્છન્નતાથી પગ પસારી રહી છે. પરિણામે ધરમપાલજીના કલેકટેડ રાઇટિંગ્ઝનું સંપૂર્ણ ગુજરાતી ભાષાંતર પ્રકાશિત કરવાનું યશ સંઘ પ્રેરિત સંસ્થાને ફાળે જાય છે. અમદાવાદમાં તેના વિમોચન સમારંભમાં શ્રી સુદર્શનજી અને સ્વ. ધરમપાલજી એક મંચ પર હતા. અને ઓડિયન્સમાં અમારા સિવાયના સહુ સંઘના સન્નિષ્ઠ કાર્યકરો હતા અને એક પણ ગાંધીજન નજરે ચડ્યો ન હતો. અહીં આપણી વિચાર અને ચિંતનના ક્ષેત્રના સ્વરાજની સમજ પ્રતિબિંબિત થાય છે. પર્યાવરણવિદ્‌ અનિલ અગ્રવાલ અને સુનિતા નારાયણ જેવાં (નવા લોહી)ને સલામ કરીએ કે તેમણે *ડાઇંગ વિઝડમ*ની રજૂઆત વડે આપણા પર્યાવરણીય પરંપરાગત જ્ઞાનના વિનાશની ઘટનાને ઉજાગર કરવા પુરુષાર્થ કર્યો છે. (*ડાઇંગ વિઝડમ* એ સિટિઝન્સ રિપોર્ટ શ્રેણીમાં ચોથું પ્રકાશન -૧૯૯૭ છે.) આ વિઝડમ હવે *ડાઇંગ* નથી પણ ડેડ છે. વિકાસ, વિજ્ઞાન અને શિક્ષણ શબ્દો સાથે એવી પ્રચંડ છેતરપીંડી કરવામાં આવી છે, કે હવે આવી વાત કહેનારા *પરંપરાવાદી* મૂર્ખ ગણાય.

જ્ઞાનને કોઇ સીમાડામાં બાંધવાની આ વાત નથી. દરેક વિસ્તાર અને સમાજની પોતાની પ્રકૃતિ, વલણો અને સ્વભાવ અનુસાર જે તે વિસ્તારનું

**અનુ. પાન પર ૧૫ પર**

# ફરજિયાત મતદાન કાયદો ગુજરાત - ચૂંટણી સુધારાનો આભાસ માત્ર

**- રાજેશ મિશ્રા**

રાજાવાંટના જયંતીભાઇ નારસીંગના પિતા નારસીંગભાઇ રાઠવા તેમની જૂથ પંચાયત કાંકણપુરના વરસો સુધી સરપંચ તરીકે રહ્યા. મોગરા જૂથ પંચાયતના સરપંચ તરીકે શ્રી જવલિયાભાઇ ભીલ વીસેક વરસ રહ્યા. આ બધી વાતો વાગોળતા જયંતીભાઇ તેમના નાનપણની યાદો તાજી કરતા કહે કે તમારા પિતા (કવાંટ કોંગ્રેસ એકમના અગ્રણી) અમારા ગામે આવતા અને લોકોને ભેગા કરી કોઇને સરપંચ થવા સમજાવતા. કોઇ તૈયાર જ ના થાય. બેળે બેળે સમજાવીને વરસો વરસ અમારા બાપા સરપંચનું ફોર્મ ભરી આવતા; ના કોઇ ચૂંટણી, ના કોઇ ઉમેદવારી અને ના કોઇ ધાંધલ ધમાલ. આ વાતો ૧૯૮૦ પહેલાંના અરસાની હતી. અમારા ગામ કવાંટના સરપંચ પદે શ્રી હિરાલાલ પરીખ પંચાયતી રાજ સ્થાપનાથી લાગલગાટ ૧૫ વરસ સુધી એટલે કે ૧૯૭૫ સુધી સરપંચપદે રહ્યા. પંચાયતની તો ઠીક, તાલુકા અને જિલ્લા પંચાયતની ચૂંટણીઓ કવાંટ જેવાં નાનાં નગરોમાં પણ ક્યારે આવી અને ક્યારે જતી રહી તેની કોઇ ખબરેય પડતી નહીં. કટોકટીનાં વરસોની આસપાસ પંચાયતોની ચૂંટણીમાં નવયુવાનિયાઓ અને નવા ચહેરાઓ ઝંપલાવવા લાગ્યા હતા. થોડા ઘણા પ્રમાણમાં કટોકટીનાં વરસોની રાજકીય હલચલ, એકધારા આપખુદ કોંગ્રેસ શાસનનો રકાસ અને કોંગ્રેસ વિરોધી વાતાવરણનાં મંડાણ; પણ વધારે તો નવયુવાનો અને નવા ઉત્સુકોમાં રાજકીય-સામાજિક મોભા - ગામમાં ગણાવાપાત્ર થવાની એષણાઓ પ્રેરકબળ બનતી. પરંતુ હજુ પણ નાનાં વહેપારી નગરો સિવાયનાં ગામડાં-ગામો-આદિવાસી ગામોમાં પંચાયતના સરપંચ-સભ્ય થવા માટે કોઇ ખાસ ઉત્સાહનું વાતાવરણ સર્જાયેલું નહીં.

હવે આજની વાત કરીએ. કવાંટના એક આદિવાસી ગામના સરપંચ પદના યુવાન ઉમેદવારે પ્રતિસ્પર્ધી ઉમેદવારને સ્પર્ધામાંથી હટી જવા ચોતરફાં દબાણ કર્યાં. છેવટે રોજબરોજ કવાંટ જવાના રસ્તા પરના એક ગામના પોતાના સંબંધીઓ મારફતે આવવા જવાનો અટકાવો કર્યો અને ''સારું નહીં થાય'' તેવા ત્રણ જ શબ્દો, પણ ઘાતક, પહોંચતા કર્યા. આ બધાથી ઢીલા પડેલા પ્રતિસ્પર્ધી સાથે લાગ જોઇને ચાલીસેક હજાર રૂપિયા લઇને બેસી જવાનો અને આવતાં પાંચ વરસમાં વિકાસ કામો - રસ્તા, મકાનો વિગેરે આપવાનાં એ રીતે મેળ પાડ્યો. ગુજરાત સરકારે વિધાનસભામાં પંચાયતમાં ફરજિયાત મતદાનનો કાયદો પસાર કર્યો તેના બીજા જ દિવસનાં અખબારોમાં મથાળાં ચમક્યાં છે, ''છોટાઉદેપુર નગર પંચાયતની ચૂંટણીઓમાં નાણાંની રેલમછેલ'' - તે પછી તા.૨૧/૧૨/૦૯ના કવાંટ તાલુકાના આદિવાસી ગામ રોડધાના સમાચાર ચમકયા છે, ''રોડધામાં રાજકીય અદાવત બાબતે મારામારી . . . આરોપી જેમલા જદુભાઇ રાઠવા સરપંચ તરીકે ચૂંટાયેલ પરંતુ તેમના વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત મૂકી પદભ્રષ્ટ કરાયા તેની રીસ રાખીને આજે મોકો જોઇને કવાંટ હાટમાં નીકળેલ હુરસીંગને માથામાં કુહાડી મારી ગંભીર ઈજા પહોંચાડી છે''.

બેળે બળે સરપંચ માટે ગામના આગેવાનને તૈયાર કરવો, ત્યાંથી લઇને સરપંચ તરીકે ચૂંટાઇ આવવાની જીવલેણ ધમકીઓ, નાણાં અને વિકાસ કામોના સોદા કે ચૂંટાયા પછી અવિશ્વાસની દરખાસ્ત અને હારેલા ઉમેદવાર તરીકે કુહાડીથી હુમલા જેવા બનાવો સુધીની સફર ભલા ભોળા ગણાતા આદિવાસી ગામો કે અન્ય તમામ ગામડાંઓ માટે સાવ સસ્તી નથી. ગામ પંચાયતની ચૂંટણીઓમાં ઉમેદવારોનો રાફડો ફાટે છે. રૂમડીયા ગામમાં સરપંચ તરીકે ચૂંટાઇ આવવા પોતાની અધૂરી પૂરી પેનલો સાથે બાર ઉમેદવારોએ ઝંપલાવ્યું. મોગરા જૂથ પંચાયતની ચૂંટણીમાં આઠ ઉમેદવારોએ કમર કસી.

આજે ભાગ્યે જ એવું કોઇ ગામ રહ્યું છે કે જેમાં પંચાયતની ચૂંટણીમાં સરપંચ તરીકે ચૂંટાઇ આવવા બે જ ઉમેદવારો ઊભા હોય અને જ્યાં બિનહરીફ, સમરસ કે ઓછા ઉમેદવારો થકી ચૂંટણીઓ પાર પડતી હોય. ત્યાં પણ જે તે ગામની રાજકીય સમજ કે શાણપણ કે ગામનું સૌહાર્દભર્યું વાતાવરણ જ કારણભૂત હોય તેમ નથી હોતું. અપવાદરૂપ કિસ્સાઓ સિવાય મોટાભાગના કેસોમાં અંદરખાનેની સોદાબાજી કે ઉમેદવારી પાછી ખેંચી લે નહીં તો ''સારું નહીં થાય'' તેવાં કારણો કામ કરી રહ્યાં હોય છે. જે ચૂંટણીઓ યોજાય છે તેમાં વોર્ડના સભ્ય તરીકે ચૂંટાઇ આવવા માટે બે-ત્રણ હજારનો ખર્ચ તો મામુલી ખર્ચ ગણાઇ ગયો છે. જ્યારે સરપંચના ઉમેદવારો ચાલીસ પચાસ હજારથી લઇને બે લાખ સુધીની રકમો વાપરી કાઢતા હોય છે. ફક્ત નાણાંની રેલમછેલથી હવે ચૂંટણીઓ જીતાતી નથી, સામાવાળા ઉમેદવારોને શારીરિક હિંસાના પેંતરાઓ, ધમકીઓ, કાવતરાંઓ પણ થાય છે અને દિવસો સુધી ગામડાં ગામમાં દારૂની રેલમછેલ થાય છે. દારૂની રેલમછેલ કરાવવામાં ભગત થઇ ગયેલા આદિવાસી આગેવાનો પણ પૂરેપૂરા

ઉત્સાહથી ભાગ લે છે. આવી રીતે રમાતી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ પછી કોઇ એક સરપંચ તરીકે ચૂંટાય તે પછી પણ રાજકીય હુંસાતુંસી - ઘાતક દ્વેષનો અંત આવતો નથી કેમ કે હારેલા ઉમેદવારો પોતે કરેલા નાણાંના જંગી રોકાણની નુકસાની જીરવી શકતા નથી. બીજી બાજુ પાંચ વરસ માટે ચૂંટાયેલા સરપંચ દર થોડા દિવસે વિકાસ કામો-રસ્તા, વનીકરણ, મકાન, બોરીબંધ, ચેકડેમ, વિગેરે હાથ પર લે અને જેમ તેમ પતાવી ચૂંટણીમાં પોતે ખર્ચેલ નાણાં ભરપાઇ કરતા હોય છે કે નફો અંકે કરતા જતા હોય છે. પંચાયતની ચૂંટણીઓના આ વેરઝેર, કાવાદાવા હવે ગામોમાં સ્થાયી થવા માંડ્યા છે.

વળી, સરપંચ કે તાલુકા-જિલ્લાના પ્રમુખ અને અન્ય સમિતિઓના પ્રમુખ કોણ બની શકે તે માટે રોટેશન પધ્ધતિ દાખલ કરાઇ છે જેથી જે સરપંચ બન્યો કે તાલુકા- જિલ્લા પ્રમુખ બન્યો તે એ ગણતરીએ જ કામગીરી કરે છે કે આ જગ્યાએ પાંચ વરસ પછી હું નહીં હોઉં એટલે ભેગું થાય એટલું ભેગું કરી લઉં. પંચાયતોની બેઠકો પણ રોટેશન મુજબ બદલાતી રહે છે, આ વરસે જે બેઠક સામાન્ય હોય તે આવતી ચૂંટણીમાં મહિલા બેઠક કે આદિવાસી/હરિજન બેઠક જાહેર થઈ જાય તેવી સંભાવના હોય છે, જેથી ચૂંટાયેલા ઉમેદવારને હું સારું કામ કરીશ તો ફરી ચૂંટાઈને આવીશ તેવો ભરોસો બેસવો અઘરો પડી રહ્યો છે અને જેટલું થાય તેટલું ભેગું કરી લેવાની ભાવના પ્રબળ રહે છે. મુગલાવાંટના કાર્યકર નંદુભાઇ રાઠવા કહે છે કે ''પંચાયતોને સ્વાયત્ત સત્તાઓ અપાઇ.../ જવાહર રોજગાર યોજના આવી અને તે પછી આદર્શ ગામ અને ગોકુળિયું ગામની યોજનાઓ આવી.. તે કારણે ચૂંટણીઓમાં પડાપડી વધી ગઇ... જવાહર રોજગાર યોજનામાં તો કોઈની પરવાનગી, મંજૂરી વિના સરપંચ/પંચાયતે માટી મેટલના રસ્તા, સંરક્ષણ દીવાલો કરવાનાં હતાં''. વડોદરાના જિલ્લા વિકાસ અધિકારીએ જિલ્લાના નેવું જેટલા સરપંચોને રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજનાના કામમાં ઉત્સાહ નહીં દાખવવા અને અમલ નહીં કરવા બાબતે નોટિસ ફટકારી છે. કેમ કે નરેગામાં સરપંચો/ પંચાયતોને કંઇ મળતું નથી. મજૂરી સીધી જે તે મજૂર/લાભાર્થીના બચત ખાતામાં જમા થાય છે. અમારો રોજબરોજનો અનુભવ છે કે વન અધિકાર કાયદા માટેની લડત હોય કે તે પછી તેના અમલ માટેની મથામણો હોય મોટાભાગે હારેલા કે ભવિષ્યની ચૂંટણીમાં ઝંપલાવવાના મનોરથ સેવતા ઉમેદવારો જ રસ લેતા હોય છે. અને એક વાર ચૂંટાઇ જાય તે પછી લોકો/સંગઠન તરફ પાછું વળીને જોતા પણ નથી.''

પંચાયતની ચૂંટણીઓ પતે કે ના પતે અને થોડું વાતાવરણ થાળે પડે તે પહેલાં તો તાલુકા/જિલ્લાની ચૂંટણીઓ આવી જાય અને તેની પાછળ પાછળ વિધાનસભા અને લોકસભાની ચૂંટણીઓ રાહ જોતી હોય. આ તમામ ચૂંટણીઓ ગામનું રાજકીય, સામાજિક વાતાવરણ ડહોળાયેલું રાખવામાં પોતાનો પૂરેપૂરો હિસ્સો આપવામાં સહેજ પણ કચાશ રાખતી નથી. તે જ કારણે તાજેતરમાં કવાંટ વિસ્તારના રાઠવા સમાજની બેઠકમાં હાજર રહેલા તમામ પક્ષના રાજકીય આગેવાનોને જયંતીભાઇ રાઠવાએ અપીલ કરવી પડી હતી કે લગ્ન-મરણ વિ.ના સામાજિક સુધારાઓ તો આપણે કરીએ જ, પણ ઓછામાં ઓછો એક રાજકીય સુધારો તો તમે બધા આજે ભેગા થયા છો તે કરો કે ચૂંટણીઓમાં દારૂની રેલમછેલ નહીં કરીએ.

મૂળ સવાલ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓ મોટાપાયા પર કલૂષિત થયાનો છે. જ્યારે ગુજરાત સરકારે આ પાયાની ખામીઓ સુધારવાના બદલે ફરજિયાત મતદાનનો કાયદો જાહેર કર્યો છે. પ્રથમ સવાલ તો એ છે કે સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં મતદાતાઓનું પાર્ટીશીપેશન ખરેખર જ ઓછું છે કે કેમ? અહીં ભારતીય લોકતંત્ર ભારતીય સમાજના ઘડતરમાં આપણી લોકશાહીએ ક્રમિક રીતે ઉમેરણ કરેલ અમૂલ્ય યોગદાનની નોંધ લેવી જ પડે કે આપણે પછાત, ગરીબ અને અનેક વિવિધતાઓ સભર હોવા છતાં આપણે ત્યાં ચૂંટણીઓમાં ૬૦-૭૦ ટકા મતદાન થાય છે જેને મતદાતાઓનું નબળું પાર્ટીસીપેશન કોઇ રીતે કહી શકાય તેમ નથી. આ ઉપરાંત સ્થાનિક સ્વરાજ્યની એટલે કે પંચાયતની ચૂંટણીઓમાં તો સરેરાશ ૮૦-૮૫ ટકા મતદાન થાય છે. અને અનેક કિસ્સાઓમાં સો એ સો ટકા મતદાન થતા હોવાના દાખલાઓ જોવા મળે છે. સ્થાનિક સ્વરાજ્ય પંચાયતની ચૂંટણીઓમાં મતદાતા અને ઉમેદવારો એક જ વોર્ડના હોઇ રોજબરોજના સંબંધોના કારણે સ્વાભાવિક જ મતદાન કરવા જવા માટેનું એક નૈતિક, લાગણીવશ કે વ્યવહારુ દબાણ કામ કરતું હોય છે અને હવે તો ઉપર વિગતે જણાવેલ આર્થિક સત્તાઓ પંચાયતને મળવાના કારણે જે તે ઉમેદવાર ભારે ઉત્સાહથી પૂરેપૂરા જોશથી મતદાન કરાવે છે. છેક ઊંડાણનાં આદિવાસી ગામોમાં ચૂંટણીના એક બે દિવસથી દારૂ અને મરઘાં-બકરાની પાર્ટીઓ ચાલુ થઇ જતી હોય છે અને છેક કાઠિયાવાડ, કચ્છ, નવસારી-સુરત બાજુએ મજૂરી કરવા ગયેલા ગામના મતદાતાઓને માનભેર ચા-નાસ્તો જમણ કરાવતા લઇ આવવા માટે જીપો, ટેમ્પો દોડાવાય છે. અને તેમને પાછા મજૂરી સ્થળે મૂકી આવવાનો ખર્ચો પણ કરવામાં આવે છે. આમ, સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં મતદાતાઓ ઊમટતા નથી તે બાબત સાવ જ ખોટી છે અને તે કારણે ફરજિયાત મતદાનના કાયદાનું ઔચિત્ય રહેતું નથી.

બીજો મુદ્દો ભ્રષ્ટાચાર રોકવાના ઇરાદાઓનો છે. આ માટે તો ભ્રષ્ટાચારના મૂળમાં જ ઘા કરવો પડે. હવે ગુજરાતનાં કે કોઇપણ

રાજ્યનાં ગામો ગોકુળિયાં નથી રહ્યાં. વધતાઓછા અંશે ગામેગામ યાદવાસ્થળીઓ જ ઊભી થયેલ છે. આ હકીકત નજરઅંદાજ ના કરી શકાય.

ચૂંટણીઓમાં ભ્રષ્ટાચાર રોકવા માટે ચૂંટાયા બાદ સરપંચ/પંચાયતને કરવા મળતા અમર્યાદ ભ્રષ્ટાચારને નાથતાં પગલાં લેવા પડે. પંચાયતની ચૂંટણીઓમાં ભ્રષ્ટાચાર થાય છે કેમ કે જેટલો ખર્ચો થાય છે તેથી અનેકગણું કમાઇ લેવાની તક ઊભી થાય છે. ચૂંટાયા બાદ સરપંચો/પંચાયતને મળતી ભ્રષ્ટાચારની તકોના કારણે અધિકારીઓ/કર્મચારીઓના ભ્રષ્ટાચારની માત્રા કે તેની ટકાવારી ઘટી ગઇ છે તેવું નથી. આજે પણ અધિકારીઓ/કર્મચારીઓને મળતી ટકાવારીનું પ્રમાણ એનું એ જ રહ્યું છે, બલ્કે વધ્યું છે. એક રમૂજી વાત. અમારા વિસ્તારના એક નવાસવા યુવાનિયા સરપંચની તે વિસ્તારના એક આદર્શવાદી આગેવાન સાથે સારી મિત્રતા અને તેમણે કરેલ બાંધકામોના અધિકારી પણ આ આગેવાનના સારા મિત્ર. સરપંચ વારંવાર તેમનો સંપર્ક કરવા કોશિષ કરે પણ તે મળે જ નહીં. છેવટે આગેવાનનો સંપર્ક કરી અધિકારીની ટકાવારીના બે હજાર રૂપિયા આપી દીધા, લગભગ વીસેક દિવસ તે રકમ આગેવાન જોડે પડી રહી. ના તો પેલા અધિકારી મિત્ર તે રકમ માંગે કે ના તો પેલા સરપંચ મિત્ર પાછી માંગવા આવે. છેવટે સરપંચ ફોન કરીને આવ્યા અને ધીરેથી રકમ પરત લઇ ગયા. આમ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વિકેન્દ્રીકરણ કાર્યક્રમના અમલ બાદ અધિકારીઓ ઉપરાંત સરપંચો/પંચાયત દ્વારા ગામનાં વિકાસકામોમાં થતા ભ્રષ્ટાચારની રકમ ટકાવારી ઉમેરાયા છે. વળી, અધિકારીઓ/કર્મચારીઓના ભ્રષ્ટાચાર સામે ગામના યુવાનો કે ચૂંટાયેલા સરપંચો/પંચાયત સભ્યો અવાજ ઉઠાવે, ફરિયાદો કરે તે સંભાવના પણ સાવ નહીંવત્ થઇ ગઇ છે. તે ઉપરાંત, ગરીબ લોકોને તેમના મૂળભૂત બંધારણીય સામાજિક-રાજકીય હક્કો માટે લડતા અટકાવી રાજકીય કાવાદાવા, દ્વેષ, હુંસાતુંસીમાં અટવાયેલ રાખવાનાં પરિબળો ઉમેરાયાં છે. ગામડા ગામે સમરસતા, સામાજિક સૌહાર્દનું વાતાવરણ કાયમ માટે ખરડાયેલું, એકબીજા માટે શંકા સેવાતું સર્જાયેલું રહે છે.

આમ, ભ્રષ્ટાચાર નાથવાના અને પંચાયત ચૂંટણીમાં મતદાતાઓની ટકાવારી વધે તે બન્ને મુદ્દે ફરજિયાત મતદાનનો કાયદો પ્રથમ નજરે તો ઔચિત્ય ગુમાવે જ છે. મૂળ સવાલ કેન્દ્રના ચૂંટણીપંચે સંસદ અને વિધાનસભાની ચૂંટણીઓ ક્રમિક રીતે વધારે ને વધારે મુક્ત અને વ્યાજબી બનાવવા માટે જે પગલાંઓ લીધાં છે તેનો જ સીધેસીધો અમલ પંચાયતોની ચૂંટણીઓમાં પણ કરવાનો છે. કેન્દ્રના ચૂંટણીપંચે ચૂંટણીઓ મુક્ત, ભય-ડર વિનાની કરવા માટે જે પગલાં લીધાં છે તે સફળ સાબિત થયેલાં છે અને તેનો પંચાયત ચૂંટણીઓમાં જરૂરી સુધારા વધારા સાથે અમલ કરવાનો છે. કેટલાંક પગલાઓ જેમકે પંચાયતની ચૂંટણીમાં જે તે બૂથ પર નિમાતા રીટર્નીંગ ઓફિસર (શિક્ષક કે અન્ય કર્મચારી) જિલ્લા બહારના મુકાવા જોઇએ, ચૂંટણીના ચોવીસ કલાક પહેલાં જે તે ગામે બી.એસ.એફ./એસ.આર.પી. જવાનો તૈનાત કરી દેવાય અને દારૂ, મરઘાં-બકરાની પાર્ટીઓ અટકાવી દેવાય, મતદાન સમયે ઓળખકાર્ડ/મતદારકાર્ડ ફરજિયાત કરાયેલ છે પણ તેનો ચુસ્ત અમલ નથી થતો તે સામે પગલાં, જિલ્લાની બહારના અધિકારીઓ પર્યવેક્ષક તરીકે નીમવા વિગેરે પગલાંઓ લેવાય તો જ ભ્રષ્ટાચાર, ભય વિનાના અને દારૂ-મરઘાં બકરાથી ભૂખ મીટાવ્યા સિવાયની મુક્ત અને વ્યાજબી સ્થાનિક સ્વરાજ્ય પંચાયતોની ચૂંટણીઓ થાય અને ચૂંટણીઓ પછી કરવા મળતા ભ્રષ્ટાચારની તકોના છીંડાં પુરાય તો તો આપોઆપ ઘણી બધી બદીઓ કાબૂમાં આવે.

આમ, પ્રથમ નજરે તો ગુજરાત સરકાર સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ફરજિયાત મતદાન થકી સમૂળગા સુધારાઓ માટેના આગવાં અભૂતપૂર્વ પગલાંઓ લઇ રહી છે તે બાબત પ્રસ્તુત અને અસરકારક જણાતી નથી. બલ્કે, ગરીબો કોઇક કારણસર મતદાન ચૂકી જાય અને પછી તેમના બી.પી.એલ. કાર્ડ ખતરામાં પડે કે વિકાસ યોજનાઓના લાભ મળતા અટકી જાય તેવી જોગવાઇઓ ધીરે રહીને દાખલ થઇ જાય તેવી ધાસ્તી સર્જાય છે. શહેરના ભદ્ર, માલેતુજાર વર્ગ કે ગામડાંનાં જ સાધનસંપન્ન સરકારની યોજનાઓ સાથે ખાસ કોઇ મોહ લગાવ નહીં ધરાવતા મતદારો મતદાન કરવા ઉત્સાહી ના હોય તો તેમનો ઉત્સાહ વધારવા તેમના પર તો કોઇ ફરજ પાડી શકાવાની નથી. સ્ત્રીઓને વ્યાપકપણે ચર્ચાતી ત્રેત્રીસ ટકા બેઠકોનો બદલે પચાસ ટકા બેઠકો આ કાયદા થકી ગુજરાતમાં ફાળવાઇ છે, જે અભૂતપૂર્વ અને આગવી જોગવાઇ છે અને તે કારણે આ કાયદા પાછળ સરકારની શુભ ભાવનાઓ માનીને ચાલીએ તો પણ ફરજિયાત મતદાન કાયદા થકી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં સુધારાઓ કરવાના ગુજરાત સરકારના પ્રયાસો આભાસરૂપ જણાય છે અને કદાચ ખતરનાક પણ. પરંતુ આ પગલાએ દેશભરમાં હલચલ મચાવી છે અને ચારે બાજુથી પ્રત્યાઘાતો ઊઠી રહ્યા છે. અન્ય રાજ્યો પણ આ કાયદો પોતાના રાજ્યમાં લાગુ પાડવાનું વિચારવા લાગ્યા છે. આ બાબતે ઇંડિયન એક્ષપ્રેસમાં કટારલેખક ભાનુ પ્રતાપ મહેતાના લેખની કેટલીક દલીલો નોંધનીય છે.

સૌ પ્રથમ તો આપણને ગમે કે ના ગમે, ફરજિયાત મતદાન કાયદો રાજ્યની બંધારણીય સત્તાઓની મર્યાદામાં છે. ગુજરાતના ફરજિયાત મતદાન કાયદા બાબતે એક મહત્ત્વની બાબત એ છે કે તે સ્થાનીય

પંચાયતી ચૂંટણીઓના સ્તરે આ પ્રયોગ થઇ રહ્યો છે જે બાબતે આપણે ભાગ્યે જ કાંઇ કાળજી રાખી છે કે નિસ્બત ધરાવીએ છીએ.

વ્યક્તિની પસંદગીના અધિકારની દલીલ રાજ્ય, વ્યક્તિ પર ટેક્સ તથા અન્ય પ્રતિબંધો, નિયમનો લાદે છે તો પછી ફરજિયાત મતદાન કેમ નહીં! વળી, આ કાયદામાં ઊભેલા તમામ ઉમેદવારો ગેરલાયક ઠેરવી કોઇને મત નથી આપવો તેવો વિકલ્પ પણ આપવામાં આવેલ છે. આમ, મતદાતાની પસંદગીમાં ઉમેરો કરે છે. બીજી બાજુ, મતદાન માટે ફરકવું જ નહીં તે પણ પસંદગીનો જ પ્રતિઘોષ છે, આ જીતે કે પેલો, મારે શું? પસંદગીના આ આયામનું પણ લોકતાંત્રિક રાજકારણમાં સન્માનીય સ્થાન હોવું જોઇએ.

બીજી દલીલ એ હોઇ શકે કે લોકો મતદાન માટે પૂરેપૂરા ઊમટતા નથી અને તેથી પાતળી સરસાઇથી ઉમેદવાર ચૂંટાઇ આવે તો તેની કાયદેસરતા કેટલી? પરંતુ એવા કોઇ પુરાવા/અભ્યાસો નથી કે જંગી બહુમતીથી જીત થતી હોય તેવી ચૂંટણી પ્રક્રિયા વધારે માન્ય અને કાયદેસર અને પાતળી બહુમતીથી જીત થતી હોય તે ઓછી ! બહુમતી પાછળ અનેક પરિબળો કામ કરતાં હોય છે. જેમકે કેટલા ઉમેદવારો ઊભા હતા વિગેરે. આ બાબતે એક દલીલ એ પણ થઇ શકે કે પાતળી બહુમતીથી જીત થતી હોય તે પદ્ધતિમાં જિતાઇને આવતા ઉમેદવારો ઝપડથી બદલાય છે, જંગી બહુમતી (લોકપ્રિયતા) ધરાવતા ઉમેદવારો વરસો સુધી એકના એક રહે છે. આમ, પાતળી બહુમતીમાં ચૂંટાયેલા ઉમેદવારો બદલાવાની વધુ શક્યતા છે અને તેથી સમાજના જુદા જુદા વર્ગો, જૂથો સત્તાકારણમાં ભાગીદાર થઇ શકે છે.

પશ્ચિમના દેશોમાં એક દલીલ થાય છે કે ઓછું મતદાન એટલે ગરીબોની ઓછી ભાગીદારી ને ગરીબોને વધારે નુકસાન. ભારતમાં આ દલીલ ટકતી નથી કેમકે ગરીબો તો વધારે મતદાન કરવા ઊમટે છે. જોકે (ફરજિયાત મતદાનના કારણે) સતત જંગી મતદાનથી કેવા સામાજિક-રાજકીય ફેરફારો આવે તેની કલ્પના કરવી મુશ્કેલ છે પણ ચૂંટણીમાં ગરીબોના જંગી મતદાનથી લોકતાંત્રિક વ્યવસ્થામાં તેઓનું સામાજિક સશક્તિકરણ વધુ થાય છે તેવા કોઇ પુરાવા, અભ્યાસો નથી.

છેલ્લો મુદ્દો નાગરિકની લોકતાંત્રિક વ્યવસ્થામાં ભાગીદારી સક્રિયતાનો છે. અહીં પણ એવું કહી શકાય કે વધારે મતદાન - વધારે લોકોની ભાગીદારી એટલે લોકતાંત્રિક કાર્યવાહીમાં લોકોની વધારે સક્રિયતા એવું કોઇ સમીકરણ બનતું નથી. ફરજિયાત મતદાનથી લોકો વધારે જાગૃત થશે અને રોજબરોજના રાજવહીવટમાં વધારે સક્રિય થશે તેવું જરૂરી નથી. તેથી ઊલટું અભ્યાસો તો એવા છે કે એવા લોકો કે જેઓ મતદાન કરવા માટે નિરુત્સાહ હતા તેઓને ફરજ પડાય અને તેઓ બેળે મતદાન કરવા જાય અને આ રીતે જેમ તેમ નખાયેલ મતો, ચૂંટણી થકી થતી રાજકીય-સામાજિક પ્રક્રિયાને અસર પહોંચાડે. (અહીં પ્રસ્તુત છે કે ભદ્ર અને ઉચ્ચ મધ્યમવર્ગ કે જેઓ રાજકીય-સામાજિક બાબતો માટે નિરુત્સાહ છે તેઓ મતદાન કરવા ઊમટે અને મતદાનની ટકાવારી વધે તો કોંગ્રેસ વિરોધી (ભાજપ કે જૂના વખતની જનતા પાર્ટી) ને વધુ ફાયદો થાય અને ઓછું મતદાન થાય તો કોંગ્રેસને વધારે ફાયદો થાય. આ બાબત સાચી કે ખોટી તેના કોઇ અભ્યાસ થયા નથી પણ એવી રાજકીય માન્યતા-ધારણા પ્રવર્તે છે અને ફરજિયાત મતદાન મુદ્દે આ બાબત શ્રી મોદી કે શ્રી મોઢવાડિયાના ધ્યાનમાં હશે તે સ્વાભાવિક છે.)

ઉપરનાં પાસાંઓ વિચારણીય છે અને વધારે ને વધારે દલીલો-પ્રતિદલીલો આ મુદ્દે આવનાર સમયમાં થશે. ભાનુ પ્રતાપ મહેતાની છેવટની વાત મહત્ત્વની છે - 'ફરજિયાત મતદાન બાબતે ઉગ્ર વિરોધ એ છે કે તે-'નહીં મતદાન'(નો વોટીંગ)ને ગુન્હો ઠેરવે છે (અને મતદાન નહીં કરનાર નાગરિક એટલે ગુન્હેગાર). . . આમ કરીને રાજ્યની નાગરિકના જીવનમાં હસ્તક્ષેપ કરવાની અને તેને હેરાન કરવાની સત્તામાં વધારો થાય છે. . . (નાગરિકની) વધુમાં વધુ લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગીદારી એ ઉચ્ચતમ મૂલ્ય છે, પણ સમૃદ્ધ અને સદાબહાર લોકશાહીમાં વિવિધ પ્રકારનાં વલણો અનિવાર્ય છે, તેમાંનું એક વલણ એ પણ હોઇ શકે કે મત નથી આપવો અને રાજકીય પ્રક્રિયામાં ભાગીદાર નથી થવું . . . મતદાન એ વ્યક્તિની પસંદગી જ હોઇ શકે. તે માટે રાજ્ય દાબદબાણ કે લાલચ આપી પ્રોત્સાહિત ન કરી શકે.'' ■

***(સોની ફળિયું, કવાંટ, જિ. વડોદરા)***

---

**અનુ. પાન પર ૧૧થી ચાલુ**

જ્ઞાન, જે તે ભાષામાં ઉચ્ચારિત થાય છે. અહીંના સમાજ માટે અહીંની ભાષા-સમજણને પ્રતિબિંબિત કરતું જ્ઞાન પચે છે અને જચે છે. શ્રીમદ્ ભાગવતમાં જ્ઞાનની સમજ આપી છે કે (વેદના) તાત્પર્યનો નિષ્કર્ષ તે જ્ઞાન અને તેના અર્થના અનુભવોને વિજ્ઞાન કહે છે. આશ્ચર્ય નથી કે કોર્પોરેટ ક્ષેત્રના માંધાતા અને વૈશ્વિકીકરણના પ્રબળ પુરસ્કર્તા, શ્રી ગુરુચરણદાસ તેમના નવા દળદાર પુસ્તકમાં આજના રોજિંદા જીવનમાં સાચું શું અને ખોટું શું, તેની સમજણ કેળવવા માટે મહાભારતમાંથી એક-એક પાત્રનો આધાર લઇને વિશ્લેષણ કરે છે! ■

***( હિંદ સ્વરાજ મંડળ, ૧૦૨, આકાર એપાર્ટમેન્ટ, સરકારી ટ્યુબવેલની સામે, બોપલ, અમદાવાદ-૩૮૦ ૦૫૮)***

# મતદાન અધિકારની મજાક

તૃપ્તિ શાહ, રીટા ચોક્સી, સુનંદા તાયડે

ગુજરાતની સમગ્ર પ્રજાને સ્પર્શતા મુદ્દા અંગે તમામ સ્તરે જાહેર ચર્ચાઓ કર્યા વગર વિધાનસભામાં ખરડો પેશ કરીને કાયદો બનાવી દેવો એ લોકશાહીનું ગળું ઘુંટવા બરાબર છે. ગુજરાત વિધાનસભામાં સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં ફરજિયાત મતદાન અંગેનો કાયદો કોઇ જ ચર્ચા વગર પસાર કરી દેવામાં આવ્યો છે. એક જવાબદાર નાગરિક તરીકે મત આપવો એ આપણો અધિકાર છે. મત આપવાનો અધિકાર પહેલાં સંપત્તિ ધરાવનાર લોકોને અને ત્યાર બાદ મુઠ્ઠીભર શિક્ષિત લોકોને મળ્યો હતો. દેશ તેમજ દુનિયામાં મત આપવાનો અધિકાર મેળવવા અનેક સામાન્ય સ્ત્રી-પુરુષોએ સૈકાઓ સુધી સંઘર્ષ કર્યો અને જાનની બાજી લગાવી બલિદાનો આપ્યા બાદ તમામ પુખ્ત વયના સ્ત્રી-પુરુષ નાગરિકો આ અધિકાર મેળવી શક્યા છીએ. ભારતની લોકશાહીને ટકાવી રાખવા અને મજબૂત કરવા મત આપવો તે આપણી ફરજ છે. પરંતુ મત આપવો એટલે લોકો વતી દેશની સંસદ, વિધાનસભા અને સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં દેશ કઇ રીતે ચલાવવો તેની નીતિઓ, કાર્યક્રમો અને કાયદા કાનૂનો બનાવવા માટેનો અધિકાર આપણા પ્રતિનિધિને આપવો, આપણા પ્રશ્નો રજૂ કરવાની જવાબદારી તેમને સોંપવી. આ સંજોગોમાં મતદાન એ કોઇ વિધિ નથી, પરંતુ ગંભીર પ્રકારની જવાબદારી છે.

આજે ૪૦ થી ૬૦ ટકા મતદારો પોતાનો મત આપવા જતા નથી. તેમાંના કેટલાક એટલા માટે મત આપવા જતા નથી કારણ કે તેઓ રાજકારણ અંગે સૂગ ધરાવે છે. કેટલાકને લોકશાહી પ્રક્રિયામાં વિશ્વાસ નથી, કેટલાક લશ્કરી શાસન કે સરમુખત્યારશાહીમાં માને છે. અમે આ પ્રકારની વિચારધારા સાથે સંપૂર્ણપણે અસહમત છીએ. પણ ઘણા નાગરિકો મત આપતા નથી કારણ કે કોઇ પણ ઉમેદવાર તેમના હિતનું પ્રતિનિધિત્વ કરતા નથી. પ્રશ્ન એ છે કે જો મત વિસ્તારનો કોઇ પણ ઉમેદવાર કે પક્ષ આપણાં હિતોનું પ્રતિનિધિત્વ કરી શકે કે આપણો અવાજ રજૂ કરી શકે તેમ ન હોય તો મતાધિકારનો ઉપયોગ કઇ રીતે કરવો? ફરજિયાત મતદાન દાખલ કરવાથી કોઇ પણ ઉમેદવારને મત આપવાની ફરજ પડશે જે લોકશાહી અધિકારનું ઉલ્લંઘન છે.

મતદારો પાસે ફરજ અને જવાબદારીની માંગણી કરતાં પહેલાં સરકારે ચૂંટાયેલા ઉમેદવારોની લોકો પ્રત્યેની જવાબદારી ન નિભાવે તો તેમની પર શું પગલાં લેવાશે તે અંગેનો કાયદો દાખલ કરવાની જરૂર છે. તમામ ચૂંટાયેલા પ્રતિનિધિઓને હાલમાં જે સગવડો, સેવા અને ભથ્થાઓ મળે છે તે બંધ કરી તેને બદલે ભથ્થા પેટે કુશળ કામદાર માટે જાહેર થતા લઘુતમ વેતનના કરતાં ત્રણ ગણાં જેટલા નાણાં ભથ્થા પેટે ચૂકવવા અને જ્યારે વિધાનસભામાં ન હોય ત્યારે મતવિસ્તારમાં આવેલી પોતાની ઓફિસમાં ઓફિસ સમય દરમ્યાન હાજરી આપે, આ ઓફિસમાં લોકોના પ્રશ્નો ઉકેલવા પૂરા સમયના કાર્યકરો હંમેશા ઉપલબ્ધ હોય તેવી વ્યવસ્થા ન કરે અને લોકોને તેમના કામથી સંતોષ ન થાય તો તેમને પરત બોલાવવાનો અધિકાર મળે તેવા કાયદાની જરુર છે.

છેલ્લી વિધાનસભા તેમજ લોકસભાની ચૂંટણીઓમાં સહિયરના કાર્યકરોએ નાગરિકોના પ્રશ્નો અંગે લોકોની માંગણીઓ તમામ પક્ષના ઉમેદવારો સામે રજૂ કરી હતી. આજના જાગૃત નાગરિક માત્ર નારા નહીં નક્કર કાર્યક્રમોની માંગણી કરી રહ્યા હતા ત્યારે તમામ મોટા પક્ષોના ઉમેદવારોએ તેમની પાયાની માંગણીઓ તરફ દુર્લક્ષ સેવ્યું હતું. પરિણામે મત આપવાના અને કોઇ પણ ઉમેદવાર યોગ્ય ન લાગે તો મત પરત કરવાના અધિકારનો ઉપયોગ કરવા અંગે ધી કન્ડકટ ઓફ ઇલેકશન રુલ્સ, ૧૯૬૧માં મોજુદ સ્પષ્ટ જોગવાઇ ૪૯ ૦, હેઠળ તમામ ઉમેદવારોને જાકારો આપવાનો અધિકાર મેળવવા માટે સંઘર્ષ કરવાની ફરજ પડી હતી. ''Vote against all candidates''ની ઝુંબેશને અનેક નાગરિકોએ આવકાર આપ્યો હતો પરંતુ સત્તાધીશ અને પક્ષો તરફથી લોકોના અવાજને દબાવવાના પ્રયત્નો થયા હતા.

તમામ ઉમેદવારોના વિરોધમાં મત આપવાના અધિકારની સાથે સાથે લોકોનું સાચું પ્રતિનિધિત્વ કરી શકે તેવા ઉમેદવાર ચૂંટણીમાં ઊભા રહી શકે તેવી વ્યવસ્થા કરવાની પણ જરૂર છે. આજે જ્યારે ચૂંટણીઓ લોકોનો અવાજ રજૂ કરવાનું નહીં પરંતુ કોર્પોરેટ સેક્ટરના પૈસે અને જાહેરાત કરતી કંપનીઓની મદદથી લડાય છે ત્યારે પૈસા અને દાદાગીરી એ ચૂંટણીની રમતમાં અપવાદ નહીં પરંતુ નિયમ બની ગયા છે. તેવા સંજોગોમાં રાજ્યના ફંડ દ્વારા તમામ ઉમેદવારોને પોતાના વિચારો મતદારો સમક્ષ રજૂ કરવાની એક સરખી તક મળે તેવી વ્યવસ્થા ઊભી કરવામાં આવે તો જ સામાન્ય લોકોના પ્રતિનિધિને ઉમેદવારી નોંધાવવાનો અવકાશ મળે.

હકીકતમાં, ફરજિયાત મતદાન નહીં પરંતુ તમામ ઉમેદવારોને ના પાડવાનો અને પરત બોલાવવાનો અધિકાર અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ જનતાને જવાબદાર બને તે માટેના કાયદા બનાવવાની જરૂર છે. ■

*(સહિયર સ્ત્રી સંગઠન, જી ૩ શિવાંજલી ફ્લેટ, આજવા રોડ, વડોદરા)*

# રુચિકા આપણી દીકરી પણ હોઈ શકે

## તૃપ્તિ પારેખ

'વાડ ઊઠીને ચીભડાં ગળે' - એ કહેવત તો આપણે સાંભળી છે. પણ ખેતરનો રખેવાળ પણ વાડને થાબડે, છાવરે અને ચીભડાંની ઐસી તૈસી -એવી વાત સાંભળી છે ખરી ? એવું હરિયાણાની રુચિકાના કેસમાં છેલ્લા બે દાયકાથી બન્યું છે. ૧૯ વર્ષ, ૬ મહિને એના કેસનો ચુકાદો આવ્યો-આ ૨૧ ડિસેમ્બરે. જે ઉચ્ચ પોલીસ અધિકારીએ સગીર રુચિકાની છેડતી કરેલી અને એણે જ્યારે એની ફરિયાદ કરી ત્યારે તેના આખા કુટુંબને ખુવાર કરી નાખીને, રુચિકાને આપઘાત કરવા સુધી દોરી લઈ ગયા, એ અધિકારીને સજા થઈ - માત્ર છ મહિનાની કેદની! આ કેસ નાગરિકોના રખેવાળ એવા આપણા ન્યાયતંત્ર અને રાજ્યતંત્રની નાલેશી જ બહાર લાવે છે. શું થયું રુચિકા અને એના કુટુંબ સાથે, એની સિલસિલાબંધ વિગતો પર નજર નાખીએ.

૧૨ ઓગસ્ટ ૧૯૯૦ના રોજ ૧૪ વર્ષની ઊછળતી કૂદતી રુચિકા એની બહેનપણી અનુરાધા સાથે ચંડીગઢથી નજીક આવેલા પાંચકૂવા ખાતેના હરિયાણા લોન ટેનિસ એસોસીએશનના મેદાન પર ટેનિસ રમવા ગયેલી. બન્ને બહેનપણીઓ સ્ટેફી ગ્રાફ અને મોનિકા સેલીસના ટેનિસ શોટ્સની પ્રેકટીસ કરી રહી હતી. ત્યારે એસોસીએશનના પ્રમુખ અને ઇન્સ્પેકટર જનરલ ઓફ પોલીસ એસ. પી. એસ. રાઠોરે રુચિકાને પોતાની ઓફિસમાં બોલાવી અને એની છેડતી કરી. જો કે અનુરાધા ત્યાં પહોંચી જતાં રુચિકા રાઠોરના હાથમાંથી બચી ગઈ. બન્નેના વાલીઓએ ત્યારના મુખ્ય મંત્રીને લેખિતમાં ફરિયાદ કરી, જેની સૂચનાથી ત્યારના ડીજીપીએ તપાસ કરીને રાઠોર વિરુદ્ધ ઈ.પી.કો. કલમ ૩૪૧ અને ૩૫૪ નીચે એફઆઈઆર નોંધવા ઠરાવ્યું. પણ દોઢ વર્ષ સુધી કોઈ જ ફરિયાદ નોંધાઈ નહીં. છેવટે જૂન ૧૯૯૨માં રાજ્યના કાયદા વિભાગે ફરિયાદ નોંધવાની ફરી સૂચના આપી. ત્યારબાદ ન્યાયનાં ચક્રો શરૂ થયાં. બીજી બાજુ, રુચિકાના કુટુંબ પરના ત્રાસ અને તવાઈનાં ચક્રો પણ. રુચિકાના નાના ભાઈ, ત્યારે ૧૪ વર્ષના આશુની સપ્ટેમ્બર ૧૯૯૨માં 'ગાડીની ચોરી'ના આરોપસર ધરપકડ કરી એને માર મારવામાં આવ્યો. એ પછી ૩૦ ઓગસ્ટ ૧૯૯૬ સુધીમાં તો તેના પર ૬ કેસ કરવામાં આવ્યા, અને દર વખતે એને પકડી જઈને દર વખતે માર મારવામાં આવતો. બધા જ કેસોમાં કોર્ટે એને બાઈજ્જત નિર્દોષ જાહેર કર્યો. પરંતુ, એ વર્ષ દરમિયાન તવાઈ, અપમાન અને કેસ ચલાવવાનો ખર્ચ કુટુંબ માટે અસહ્ય હતો. અને ૧૪-૧૫ વર્ષનો આશુ જે માનસિક-શારીરિક ટ્રોમામાંથી પસાર થયો એણે તો એની જિંદગી ખલાસ કરી નાખી. રુચિકા દસમાની પરીક્ષા આપવાની હતી ત્યાર પહેલાં એ જે સ્કુલમાં ભણતી હતી એ સેક્રેડ હાર્ટ સ્કુલે એને કાઢી મૂકી. કુમળી વયની રૂચિકા માટે, આ બધું જીરવવું અઘરું બની ગયું. અંશુ પર છઠ્ઠી ફરિયાદ નોંધાઈ ત્યારે પોતાના ભાઈ અને કુટુંબની અવદશા માટે પોતાને જવાબદાર ઠેરવતી ૧૭ વર્ષની રુચિકાએ આત્મહત્યા કરી લીધી. રુચિકાનું કુટુંબ સાવ ભાંગી પડ્યું અને શહેર છોડી જતું રહ્યું. જુલાઈ ૧૯૯૭માં રુચિકાની મિત્ર અનુરાધાના માતા-પિતાએ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટમાં સીબીઆઈ તપાસ માગતી પીટીશન કરી. નવેમ્બર ૨૦૦૦માં સીબીઆઈએ રાઠોર સામે રુચિકાની છેડતી કરવાના આરોપ અંગેની એફઆઈઆર નહીં, પણ ચાર્જશીટ દાખલ કરી. ચાર્જશીટ તો દાખલ થઈ- પણ માત્ર છેડતીની જ! અને એ પણ દસ વર્ષે ! એ દરમિયાન આખું કુટુંબ ખુવાર થઈ ગયું. કુમળી વયના આશુની વારંવાર ધરપકડ, મારપીટ અને ખોટા આરોપો, અને રુચિકાની આત્મહત્યા.

સામે રાઠોરનું શું થયું ? એમનો તો વાળ પણ વાંકો ન થયો. ઊલટું, એમની તો બઢતી થતી ગઈ અને ચાર્જશીટ દાખલ થઈ ત્યાં સુધીમાં તો તેઓ હરિયાણા પોલીસના સર્વોચ્ચ ઉપરી - ડાયરેકટર જનરલ ઓફ પોલીસ બની ચૂકયા હતા ! રાષ્ટ્રીય માનવ અધિકાર આયોગ અને સેન્ટ્રલ વિજિલન્સ કમિશનની રાઠોર પર કામ ચલાવવાની સલાહ પછી પણ મુખ્યમંત્રીથી માંડીને ગૃહમંત્રી, ઉચ્ચ અધિકારીઓ, રાજ્યના (અને દેશના) ન્યાયતંત્ર - સૌએ રુચિકા, અંશુ અને એના માતાપિતા જેવા તંત્ર સામે નિસહાય નાગરિકોને ન્યાય અપાવવાને બદલે રાઠોરને જ છાવર્યા! રુચિકાની સ્કુલે એને કાઢી મૂકી! સીવીલ સોસાયટી, મહિલા સંગઠનો, માનવ અધિકાર સંગઠનો મહદ્ અંશે ચૂપ રહ્યાં! ત્યાં સુધી કે મુખ્યમંત્રી ચૌટાલાએ તો એટલે સુધી કહ્યું કે સીબીઆઈ તો ગમે એને ખોટા આરોપમાં સંડોવી દે, એટલે એમ કાંઈ એ માની ન લેવાય! અને જાહેર જનતામાંથી પણ કયાં કોઈ માંગણી ઊઠી છે ?

અલબત્ત, ન્યાયતંત્રમાં અમુક અપવાદરૂપ બન્યું. સ્પેશિયલ સીબીઆઈ જજ જગદેવ સિંઘે ૨૦૦૧માં રાઠોરને છેડતીના કેસમાં તો કસૂરવાર ઠેરવ્યા જ, સાથે જ પોતાના ચુકાદામાં એમને 'આત્મહત્યામાં મદદગાર'ના આરોપી પણ ઠેરવ્યા. પણ પંજાબ અને હરિયાણા હાઈકોર્ટે એ આરોપને નકારી કાઢયો, જેને દેશની સર્વોચ્ચ અદાલતે પણ કાયમી ઠેરવ્યો! દેશના પૂરા ફોજદારી ન્યાયતંત્ર માટે શરમથી માથું ઝૂકી જાય એવી આ દાસ્તાન છે! રુચિકા તો હવે નથી રહી, પણ એની કહાણી એની એકલીની કહાણી નથી. રુચિકા આપણામાંથી કોઈની પણ દીકરી હોઈ શકે. ■

# મુંબઇ પરનો હુમલો

## ભારતના લોકોનો આત્મ-સંયમ બહાર લાવ્યો છે, અને સાથે જ રાજ્યનું અકૌશલ્ય પણ

### પ્રતાપ ભાનુ મહેતા

૨૬/૧૧ ના રોજ મુંબઇ પર ઘાવો બોલાવીને આતંકવાદીઓ ભારત દેશ પર આક્રમણ કરવા માગતા હતા. એને બદલે એમની કલ્પનામાં પણ નહીં હોય એમ, તેઓ ભારતના લોકોનું સામર્થ્ય બહાર લઇ આવ્યા. આપણા દેશનું આવડું મોટું અપમાન થઈ રહ્યું હતું એનું આપણે સહુ ટીવી પર જીવંત પ્રસારણ જોતા હતા. પહેલેથી આયોજિત દસ હુમલાઓ, એકસો તોંતેર મૃત્યુ અને ત્રણસોથી વધુ ઇજાગ્રસ્તો! ત્યારે આપણે જે ગુસ્સો અને મજબૂરી અનુભવી રહ્યા હતા એ કેમેય ભૂલી શકાય એમ નથી.

એ હુમલાની બર્બરતા તો ભયંકર હતી જ, પણ એણે આપણામાં જે અસુરક્ષિતતાની ભાવના અને કંઈક વધુ અમંગળ બનવાની આશંકા પેદા કર્યાં એ તો એથી પણ વધુ ભયાનક હતાં.

એ અપેક્ષા તો કોઈએ નહોતી રાખી કે રાજ્ય આવા પ્રકારના હુમલાઓ અટકાવી શકે. પરંતુ આખા બનાવ દરમિયાન કોઇ પણ તબક્કે એનો સામનો કરવામાં આટલી હદે નિર્વીર્ય હશે એ તો કલ્પના બહારનું હતું. એક તરફ, કેટલાય પોલીસો અને નાગરિકોએ જે બહાદુરી બતાવી એ અને બીજી તરફ તંત્રનો ઊંડો ભ્રષ્ટાચાર, જેણે તેમને નાહક મૃત્યુ તરફ ધકેલ્યા - એ બે વચ્ચેની વિસંગતિ હજુ પણ તાદૃશ છે. બન્ને હોટલના સ્ટાફની બહાદુરી અને ફરજપરાયણતા અસામાન્ય હતાં, જ્યારે રાજ્ય ઊંઘતું હતું. એવા પોલીસ અધિકારીઓ જરૂર હતા જે પોતાની ફરજ બજાવતા મૃત્યુને ભેટવા તૈયાર હતા, પણ રાજ્યના અધિકારીઓ નહીં, જેમણે ઊતરતી કક્ષાના બુલેટ-પ્રુફ જેકેટ ખરીદેલાં. આપણો ગુસ્સો દેખીતો હતો, પણ આપણો ઊંડો આક્રોશ આતંકવાદીઓ કરતાં સૌથી વધુ તો આપણા પોતાના રાજ્ય તરફ હતો.

અમંગળ થવાની આશંકા અને ક્રોધ ભેગાં મળે ત્યારે બહુ જલદ બની જાય છે, જેનો લાભ ઉઠાવવાની ભારતના દુશ્મનો રાહ જોઇને બેઠા હતા. ૨૬/૧૧ને એક વર્ષ વીતી ગયા પછી એક સામાન્ય માન્યતા એવી ઊભી થઇ છે કે લોકો પોતાનો ગુસ્સો ભૂલીને પાછા ઉદાસીન અને નિષ્ક્રિય થઇ ગયા છે. પરંતુ એ સાચું નથી. એને બદલે, લોકોની આત્મ-સંયમની ભાવના બહાર આવી છે. ૯/૧૧ પછી અમેરિકાનું રાજકારણ ભયથી એટલું તો ઘેરાઇ ગયું હતું કે તેમનાં ઉચ્ચારણોમાં પણ એ છતું થતું હતું. એથી વિપરીત, ભારતમાં ટૂંક સમયમાં જ ચૂંટણીઓ આવી, જેમાં લોકોએ ઠંડા દિમાગથી મત આપ્યા. બદલો લેવાનો બહાર કે અંદરથી પણ ક્યાંય શોરબકોર નહીં. એ એટલા માટે નહીં કે આપણે નબળા છીએ, પરંતુ એટલા માટે કે લશ્કરી હુમલાની અને હિંસાના જટિલ રાજકારણની મર્યાદા આપણે બહુ સ્પષ્ટ રીતે જાણતા હતા.

આ આત્મ-સંયમ આપણે એટલા માટે કેળવી શક્યા, કારણ કે આ ભયંકર હાદસાના ભોગ બનેલા લોકોએ અસામાન્ય ગરિમા સાથે એને સહન કર્યો. એમાંથી બચી જનારા કે પોતાનાં પ્રિય સ્વજનો, પોલીસ અધિકારીઓ તેમજ અન્યોને ગુમાવનારાઓનાં ઉચ્ચારણો કે, દસ વર્ષની દેવિકા જેવાનું અસાધારણ સંતુલન જોઇએ કે તરત એમના આત્મ-સંયમનો આપણને ખ્યાલ આવ્યા વગર ન રહે. એમનું દુ:ખ એટલું અગાધ છે કે એને આપણે ક્યારેય સમજી શકીએ એટલો ઢોંગ પણ કરી શકાય એમ નથી. પરંતુ, સૌથી વધુ નોંધપાત્ર એ છે કે ભોગ બનેલાંઓનો કે મૃત્યુ પામેલાં માટેનો રોદણાંકૂટણાંનો કોઇ દેખાડો જોવા નથી મળતો. ઊલ્ટું, એમની શાંત ગરિમા અને ઠંડી તાકાત આતંકવાદીઓ માટે સંદેશ રૂપ છે. ગમે એટલા ભડકાવો તો પણ દુનિયા સાથે અમારી રીતે નિપટવાની અમારી તાકાત છે. આ સંદેશ જ, રાજ્યે જે કાંઇ ગોકીરો મચાવ્યો એના કરતાં વધુ અસરકારક હતો.

અને આ જ તાકાતે સત્તાધીશોની લોકો માટેની જે કાંઇ ધારણાઓ હતી એને પણ ખોટી પાડી. એમણે રાજકારણીઓનાં પ્યાદાં બનવાની ઘસીને ના પાડી દીધી. એ એમની સૌથી મોટી તાકાત હતી, જેણે નરેન્દ્ર મોદી જેવાને પણ અવાચક બનાવી દીધા. પરંતુ આ દેણગીને રફેદફે કરી નાખવા રાજકારણીઓ બનતી કોશિશ કરશે. મુંબઇ તરફ ઊમટેલી વ્યાપક સહાનુભૂતિ અને એને કેટલા વિવિધ લોકોએ એને પોતાનું ઘર ગણ્યું છે એ જોઇએ તો આ હુમલાએ બતાવી આપ્યું કે મુંબઇ ખરા અર્થમાં વૈશ્વિક શહેર છે. પણ મહારાષ્ટ્રના રાજકારણમાં હાલમાં જે બેજવાબદાર સંકીર્ણતા પ્રવેશી રહી છે એની જો જીત થાય તો ૨૬/૧૧ની ઘટનામાં બહાર આવેલ સત્ત્વ પર એનો જે વાર પડશે એ, બહારની કોઇપણ શક્તિ કરી શકે એના કરતાં બહુ ઊંડો હશે.

૨૬/૧૧ પછી એક વર્ષ વીતી ગયું, છતાં એ પ્રકારનો કોઇ હુમલો આપણા પર નથી થયો એ હકીકતથી આપણે કદાચ આશ્વસ્ત થઇએ.

એક ગૃહ મંત્રાલયે જ પોતાના ગુસ્સાને બરાબર માર્ગ આપ્યો છે. તમામ તટસ્થ અભ્યાસો જોઇએ તો, એ એક માત્ર મંત્રાલય છે જે આપણને ભવિષ્યમાં કામ લાગે એવાં પગલાં ભરી રહ્યું છે અને સંસ્થાગત માળખાં ઊભાં કરી રહ્યું છે. એ સ્વીકારવું પડે કે આ મંત્રાલયે વર્ષોની ઉપેક્ષાને લીધે એ જે સાવ નીચલા સ્તરે ગબડી ગયું હતું એનાથી શરૂ કરવું પડયું છે. આ સુધારા કેટલે સુધી જશે એ જોવાનું છે. પરંતુ એક અગત્યની બાબત એ છે કે ભારતના રાષ્ટ્રે ભારતના લોકોને આ બનાવ અંગે સત્ય હકીકત જણાવવાની જવાબદારી સાવ છોડી દીધી છે. આ બનાવ બાબતે ઉતાવળમાં નિમાયેલી તપાસ-સમિતિનો અહેવાલ ગુપ્ત (classified) રાખવામાં આવ્યો છે, એનું કારણ એ બતાવવામાં આવ્યું છે કે એના લીધે ચાલી રહેલા સરકારી કેસને નુકસાન પહોંચશે. પરંતુ કમસે કમ એના ભોગ બનેલાઓ તરફની સરકારની એ ફરજ છે કે આ બનાવનું એક અધિકૃત નિદાન હોય. એમની હિંમત સામે કમ સે કમ સત્યનો શિરપાવ તો મળવો જ જોઇએ.

આ અસાધારણ બનાવનાં બીજાં ઘણાં પાસાંઓ છે. એની સાથે સંકળાયેલી પ્રત્યેક જિંદગી એની ગવાહી પૂરે છે કે દરેક વ્યક્તિ વૈશ્વિક અસરથી કેવી રીતે ઘડાય છે. આ બનાવે આપણને વૈશ્વિક આતંકવાદના જાળાનો પરિચય કરાવ્યો છે, જે કરાંચીથી ઇટલી અને કેનેડા થઇને શિકાગો સુધી પથરાયેલું છે. પણ આ પરિકવતાનો જે ચહેરો, અજમલ કસબ, આપણી સામે છે, એ એટલો તો રોજ-બરોજનો સામાન્ય ચહેરો છે કે શેને લીધે આટલી નૃશંસતા પેદા થતી હશે એ અંગેની આપણી સીધી સાધી અવધારણાઓ ખળભળી જાય છે.

ભૌગોલિક રાજકારણમાં પણ આ બનાવે બહુ વળાંકો આણ્યા છે. આ હુમલાએ દુનિયાભરમાં આપણા તરફ સહાનુભૂતિ જન્માવી છે, પરંતુ આપણે એક બાબત અંગે ગાફેલ ના રહેવું જોઇએ. આ લડતમાં મૂળભૂતે આપણે એકલા જ છીએ. સૈદ્ધાંતિક સ્તરની ઊંચાઇ પર અમેરિકનો આપણા હેતુઓમાં ભાગીદાર હોઇ શકે, પરંતુ આપણી અગ્રીમતાઓ એમની અગ્રીમતાઓ નથી. હકીકતમાં તો ભારતે એ ચિંતા કરવી જોઇએ કે જે થોડી ઘણી સહાનુભૂતિ એણે દુનિયાભરમાંથી મેળવેલી એ ખતમ થઇ ગઇ છે, અને ૨૬/૧૧ ના ઉલ્લેખ માત્રથી હવે તો એવી વાતો વહેતી થઇ ગઇ છે કે ભારતનું વલણ જ આ ક્ષેત્રની સમસ્યાઓની જડ છે.

પાકિસ્તાને પોતાના ભવિષ્ય અંગે ગંભીર આંતરિક ચર્ચા ઉપાડી છે. પરંતુ એનો અગ્રવર્ગ પાકિસ્તાન ઉપર જાણે કાયમ માટે જોખમ ઝળુંબતું હોય એવી પીડિત મનોદશામાંથી હજી પણ બહાર નથી આવ્યો, એટલે એ આ ક્ષેત્રમાં ડહાપણ પાછું લાવવા માટે જે જરૂરી છે એ કરવાની સ્થિતિમાં નથી. ટૂંકમાં, જો આપણે આપણો બચાવ કે સુરક્ષા બીજાને સોંપવાનું કે ઢીલું પાડવાનું વિચારતા હોઇએ તો આપણે મૂરખાઓના સ્વર્ગમાં વસીએ છીએ એમ કહેવામાં કશું ખોટું નથી. પરંતુ પાકિસ્તાનની અંદરની અંધાધૂંધી અને અમેરિકાની ગતિવિધિઓ જોતાં આ ક્ષેત્રના ભવિષ્ય અંગે આપણે રાજકીય વિચારણા કરવામાંથી ચલિત ન થઇ જઇએ એનું ખાસ ધ્યાન રાખવું પડશે.

આ હુમલા પછી તરત લોકોનો જે ગુસ્સો આપણે જોયેલો એ ઓસરી રહ્યો હોય એમ લાગે છે તેથી આપણે સૌ નિરાશ છીએ. પરંતુ એ લાંબા સમય સુધી એટલો જ ટકી રહેશે એવી અપેક્ષા રાખવી પણ અવાસ્તવિક છે. પરંતુ, નિયતિના પ્રવાહમાં આવું તો અનંત ચાલ્યા કરે એ રીતે ૨૬/૧૧ને ન મૂલવી શકાય અને એ માટે આપણે પોતાની જાતને એક સવાલ પૂછવા જેવો છે : ગૌરવ લઇ શકાય એવું અઢળક સામર્થ્ય ધરાવનાર આપણા લોકો, શરમ આવે એવું રાજ્ય શા માટે મેળવે છે? ■

*(લેખક દિલ્હીના સેન્ટર ફોર પોલિસી રિસર્ચના પ્રેસિડેન્ટ છે. ૨૬ નવેમ્બર ૨૦૦૯ના ઇન્ડિયન એક્સપ્રેસમાંથી સાભાર. ભાવાનુવાદ-તૃપ્તિ પારેખ)*

---

**અનુ. પાન ૨૦ પરથી ચાલુ**

આવ્યું. ૩૦/૪૦ વર્ષ પહેલાં આ બાબતે મદ્રેસાવાળા અંગ્રેજી ભાષાને ઇસાઇઓની ભાષા ગણીને અંગ્રેજી શીખવા ઉપર પાબંધી હતી. જ્યારે આજે તેમને અંગ્રેજીની જરૂરિયાત દેખાતાં આલીમો અંગ્રેજી શીખે છે. તેમના મદ્રસામાં અંગ્રેજી શિખવાડે છે. આ રીતે મૌલવી જમાત કાયમ બીજી કોમથી બીજા દેશથી ૪૦/૫૦ વર્ષ પાછળ રહેવા ટેવાયેલી છે. દિલ્હી, યુ.પી., બિહાર, બંગાળ જેવા મુસ્લિમોના (પછાત) વિસ્તારોમાંથી મુસલમાનોના વિવિધ ફીરકા-સંસ્થાઓ ધ્વારા ટી.વી. ઘરમાં ન રાખવું, ઊંચા લેંઘા પહેરવા-બુરખો ફરજિયાત-કો એજ્યુકેશન વિરુદ્ધ વારંવાર ફતવા જાહેર કરી સંસ્થાઓ - આલીમો પોતાની પ્રસિદ્ધિ કરાવે છે. દુનિયવી તાલીમના દુશ્મનો - વિરોધીઓ ફક્ત ફતવા જાહેર કરે છે.

ફક્ત દીની તાલીમ માટેના જ ફતવા મારફતે પોતાના જ્ઞાનની પ્રસિદ્ધિ કરાવે છે. દારૂલ ઉલુમોમાંથી મૌલવી થઇ બહાર આવે છે તેમને કુર્આન-હદીશ-કાયદા-કાનુનના બધા નિયમોની જાણકારી હોય છે. તેઓ જાહેરમાં-મસ્જિદોમાં પ્રવચનો કરે છે. તેઓ સારું શું- સાચું શું-શું કરવું-શું ન કરવું બધી બાબતોનાં પ્રવચનો કરતાં હોય છે. પછી ફતવાઓ દ્વારા જાહેરમાં મીડિયામાં આવવા માટે કેમ પડાપડી કરે છે? તે સમજાતું નથી.■

*(ગાંધીભવન-બરકત, ૭, પી. પી. વાડીયા સોસાયટી, ફતેગંજ પોસ્ટ ઓફિસ રોડ, ફતેગંજ, વડોદરા-૩૯૦૦૦૨)*

# વંદના એટલે નમસ્તે એટલે સલામ
# માતૃભમિ - માને સલામ એટલે વંદે માતરમ્

**ઇસ્માઇલ ગાંધી**

જમિયતે ઉલ્માએ - દિલ્હી અધિવેશનમાં ''વંદેમાતરમ્'' બાબતે ફતવો/ ઠરાવ પસાર કરી પેટ ચોળીને શૂળ ઊભું કર્યું છે. ભારતમાં કોઇપણ મુસ્લિમ સંસ્થાઓમાં-શાળામાં કે આમ જનતામાં વંદેમાતરમ્ ગવાતું નથી. બિન મુસ્લિમ સંસ્થાઓમાં-શાળાઓમાં ગવાતું હોય છે પણ મુસ્લિમોને ફરજ પાડવામાં આવતી નથી. માન આપવા, આદર સદ્‌ભાવના દાખવવા-અદબ જાળવવા ઊભા થવું પડે. આ રીતે જાહેરમાં ફતવો બહાર પાડી મુસ્લિમ વિરોધી પાર્ટીઓને મુસ્લિમો વિરુદ્ધ વિરોધ પ્રચાર કરવા, કટ્ટરવાદ તથા ભારતવિરોધી બતાવવા, રાજકારણ ખેલવા રાજકીય પક્ષોને ફતવાથી ઉત્તેજન આપ્યું છે. ભૂતકાળમાં શાહબુદ્દીને બાબરી મસ્જિદનો વિવાદ છેડી રેલી કાઢી તથા શાહબાનો કેસનો મુસ્લિમોએ વિરોધ કર્યો. તેથી પાર્લામેન્ટમાં કાયદામાં કોંગ્રેસે સુધારો કરી મુસ્લિમોને ખુશ કર્યા પરંતુ જે મુસ્લિમ વિરોધી પાર્ટીઓ તથા ભાજપ વગેરે એ ભારતમાં કોંગ્રેસ વિરુદ્ધ રામમંદિર / શાહબાનો કેસનો પ્રચાર કર્યો તેને કારણે પ્રજાએ ભાજપને સત્તા ઉપર બેસાડી. બાબરી મસ્જિદ તૂટી એ પહેલાં હું ૧૯૭૩ માં સ્કુલની ટુર લઇ અયોધ્યા ગયો હતો ત્યારે મસ્જિદના દરવાજા (લોખંડી જાળીઓ) બંધ હતા પરંતુ અંદર ચાર-પાંચ ખુરશીઓ ઉપર રામ-સીતા-લક્ષ્મણ હનુમાનના ફોટા હતા. અગરબત્તી દીવા - પૂજા વગરે ચાલુ હતા. આ સમયે મુસ્લિમ નેતાઓની બુદ્ધિ કયાં ગઇ હતી? કોંગ્રેસ ફુલ સત્તા ઉપર હતી. ભાજપ, શિવસેના, બજરંગ દળનું અસ્તિત્વ ન હતું. મસ્જિદ નામની જ હતી, હેરીટેઝ કે મ્યુઝીયમ તરીકે લઇ જવા મુસ્લિમોએ આગળ આવવું જોઇતું હતું. હજારો મસ્જિદ પાકિસ્તાન થયા પછી તબેલામાં (પંજાબમાં) ફેરવાઇ ગઇ હતી. વડોદરામાં મહંમદ બેગડાના સમયની પાવાગઢની મોટી આલીશાન ચાંપાનેરની મસ્જિદમાં કૂતરા-ઢોર વગેરે. ફરતાં હતાં. આજુબાજુમાં ઝૂંપડપટ્ટી ઊભી થઇ ગઇ હતી. કોઇ મુસ્લિમ સંસ્થાઓ તેની રખેવાળી-વહીવટ કરતી ન હતી કે વહીવટ કરવા માંગણી કરી નહોતી કે તેનો ઉપયોગ થતો ન હતો, વેરાન-ખંડેર કલાત્મક ઇમારત પડી રહી હતી. વડોદરામાં શ્રી ગ્રોવરે - ગુજરાતની કેટલીક જૂની ઇમારતોને ''હેરીટેઝ'' તરીકે યાદગારી રૂપે લઇ જવા - હેરીટેઝ ફાઉન્ડેશન (વિદેશમાં) તથા ભારતમાં સરકારને રજૂઆતો કરી તેમાં ચાંપાનેરની મસ્જિદને હેરીટેઝનો દરજ્જો મળતાં લાખોરૂ.ના ફંડના ખર્ચે મસ્જિદને રીપેરીંગ વિ. કરી આજુબાજુનાં દબાણો કાયદેસર ખસેડયાં અને એક મુસ્લિમ ઇમારત તૂટતાં બચી ગઇ. ચાંપાનેરની મસ્જિદ ટુરીસ્ટ-સ્થળ તરીકે કાયમ માટે રહી ગઇ.

યુ.પી. બિહારમાં જમિયતે ઉલેમા જેવી બીજી ઘણી મુસ્લિમ સંસ્થાઓ ફીરકા પ્રમાણે ચાલે છે. આ લોકોને વિશ્વાસમાં લીધા વગર ફતવો જાહેર કરી ભારતના મુસ્લિમોને નીચા જોવાનું કામ કર્યું છે. કારણ કે ત્યાર પછી ઘણી મુસ્લિમ સંસ્થાઓએ તેનો વિરોધ કર્યો છે. અને અંદર અંદર મુસ્લિમોમાં વિખવાદ પેદા કર્યો છે. આ સિવાય ઘણા મુદ્દાઓ મુસ્લિમો માટે કામ કરવાના છે. દા.ત. લાખો કરોડો મુસ્લિમો ઝૂંપડપટ્ટીમાં દિન-દુનિયાવી તાલીમ સિવાય ગરીબીમાં - બેકારીમાં - આપસના ઝઘડાઓમાં-ખોટાં કામો કરીને પેટ ભરવા જીવે છે. મુસ્લિમ શરિયત નિયમનું પાલન કરતા નથી. તેમનાં બાળકોનો આવકના સાધન તરીકે ઉપયોગ કરે છે. છાસવારે તલાક તથા બે-બે-ત્રણ લગ્નો કરે છે.(એકને કાઢીને બીજીને લાવે વિ.) તેમને સુધારવાની કે તેમની રોજી રોટીના સાધનો, દુનિયાવી તાલીમ, એજ્યુકેશન, ટેકનીકલ તાલીમ વિશે વિચારવા, કામ કરવા અભિયાન ચલાવવા, ટેકનિકલ સ્કુલ ખોલવા-વિચારણા કરવા વિચારતા નથી. જમિયતના બે ભાગ પડી ગયા છે. આપસમાં એકતા નથી. આ સિવાય બીજા ઘણા અંગત પ્રશ્નો હલ કરવાના છે. વસ્તી વધારવા કે નવા મુસ્લિમો બનાવવા કરતાં એક મુસ્લિમ-નેક મુસ્લિમ તરીકે, તથા દેશની બીજી કોમ સાથે ધર્મો વચ્ચે સુમેળ, ભાઇચારો - દેશના હિત માટેના કાર્યક્રમો કરવા જોઇએ.

આ પહેલાં મુસ્લિમોએ યોગ ન કરવા બીજી મુસ્લિમ (યુ.પી-બિહારથી) સંસ્થાએ ફતવો બહાર પાડેલ તેના અનુસંધાનમાં જમિયતે ઉલમા (દિલ્હી)એ યોગ કરવા જોઇએ જ, મદનીસા. પોતે પણ યોગ કરે છે, તેવુ જાહેરમાં કબૂલાત કરી છે. વંદે-વંદના એટલે નમસ્તે કે નમસ્કાર સલામ થાય - વંદેમાતરમ્ બોલવાથી- ગાવાથી પૂજા થતી નથી.

જુદી-જુદી મુસ્લિમ સંસ્થાઓ જુદી જુદી બાબતોએ ફતવા બહાર પાડે છે. હમણા ઉત્તર પ્રદેશના એક મુફતી નિઝામુદ્દીને ફતવો બહાર પાડયો કે ટાઇટ જીન પહેરી નમાઝ પઢવાથી નમાઝ કબૂલ નહિ થાય કારણ કે નમાઝ પઢતી વખતે કમરનો ભાગ દેખાય છે. આ રીતે વારંવાર ફતવા-જે તે સંસ્થા જાહેર કરી પોતાની જાહેરાતો કરે છે. હમણા વર્તમાનપત્રોમાં સમાચાર હતા કે પશ્ચિમ બંગાળના મદ્રેસાઓમાં હવે અંગ્રેજી મીડીયમમાં મુસ્લિમ બાળકોને શિક્ષણ આપશે. બાળકોને સ્પર્ધાત્મક બનાવશે. આ બાબતે નિર્ણય યોગ્ય છે. વર્ષો પછી જ્ઞાન


***અનુ. પાન ૧૯ પર***

# માઓવાદી પડકાર

### વૃપ્તિ પારેખ/અંબરીષ મહેતા

માઓવાદી પડકારની કાંટાળી સમસ્યા રાષ્ટ્રીય ડિસ્કોર્સના કેન્દ્રસ્થાને આવી ગઇ છે. લોકસભાની ચૂંટણી પછી તરત જ જે રીતે માઓવાદીઓએ પશ્ચિમ બંગાળના લાલગઢ વિસ્તારને 'લીબરેટેડ ઝોન' જાહેર કરી દીધો અને ટી.વી. કેમેરાઓની સામે જ સી.પી.એમ.ના કાર્યકરોને લક્ષ્ય બનાવ્યા અને એમનાં ઘરો તોડી પાડ્યાં ત્યાર પછી આમ થાય એ સ્વાભાવિક હતું. આમે વડાપ્રધાન મનમોહનસિંહે તો નક્સલવાદી હિંસાને દેશની આંતરિક સુરક્ષા સામેના મોટામાં મોટા ખતરા તરીકે ગણાવી જ હતી. લાલગઢના બનાવો પછી થોડા વખતમાં જ મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં નક્સલવાદથી પ્રભાવિત રાજ્યો એને ખતમ કરવાને એકબીજાની સાથે મળીને વ્યાપક ઝુંબેશ હાથ ધરશે એવી જાહેરાત કરવામાં આવી. મીડિયાએ આ સમાચારને રાષ્ટ્રીય સ્તરે 'ઓપરેશન ગ્રીન હંટ'નાં મંડાણ તરીકે બઢાવી-ચઢાવીને પ્રસારિત કર્યા. એની સાથે જ દેશભરમાંથી ઘણા બૌદ્ધિકો અને કર્મશીલોએ આવી ઝુંબેશમાં ભોગ તો અનિવાર્યપણે નિર્દોષ આદિવાસીઓનો જ લેવાશે એમ કહીને એની સામે લાલ બત્તી ધરવાનું શરૂ કરી દીધું. તો બીજી બાજુ માઓવાદીઓએ પોતે તો એનો જવાબ વધારે હિંસાથી આપ્યો - અપહરણો, પોલીસ ઇન્સ્પેક્ટરનો શિરચ્છેદ, પોલીસ સ્ટેશનો પર બોંબધડાકા, વગેરે કરીને. આ બધામાં આ સમસ્યાની પેચીદી આંટીઘૂંટીઓ વિશે ભાગ્યે જ કોઇ ગંભીર ચર્ચા થયેલી જોવા મળી.

આ માઓવાદી કટોકટીએ આપણા લોકતંત્ર સામેની અનેક કાંટાળી સમસ્યાઓ છતી કરી આપી છે અને જાણે કે આપણી સામે અરીસો ધર્યો છે. આઝાદીનાં ૬૦ વર્ષ પછી પણ દેશના ૪૦ ટકા જેટલા ભૌગોલિક વિસ્તાર પર નક્સલવાદીઓ પોતાની પકડ જમાવી શક્યા છે અને કેટલાયે વિસ્તારોમાં પોતાની સમાંતર સરકાર ચલાવી રહ્યા છે એ હકીકત જ એ દર્શાવવા માટે પૂરતી છે કે આટલાં વરસોમાં આ વિસ્તારોના લોકોના વિકાસ માટે આપણી ચૂંટાયેલી સરકારોએ ખાસ કશું નથી કર્યું. એમના વિકાસ માટેના દ્વાર ખોલી આપવાની આપણી સરકારો નિયત પણ ધરાવે છે કે કેમ, એ વિશે પણ શંકા પેદા થાય છે. નક્સલવાદે મુખ્યત્વે આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરિસ્સા, ઝારખંડ, બિહાર અને પશ્ચિમ બંગાળના આદિવાસી વિસ્તારોમાં પકડ જમાવી છે (જુઓ નકશો). આ એ વિસ્તારો છે જે વન અને ખનીજ સંપદામાં તો અત્યંત સમૃદ્ધ છે, પરંતુ ત્યાં રહેતા આદિવાસીઓને તો બે ટંક પૂરતું ખાવા મળવાનાં પણ સાંસાં છે. કારણ એ કે એમના જ વિસ્તારમાં આવેલ આ પ્રચુર કુદરતી સંપદા પર એમને નથી કોઇ અધિકાર કે નથી કોઇ હિસ્સો. એમને માટે તો સરકાર એટલે પોલીસ કે જંગલખાતાના અધિકારીઓનો દંડો જ. આ ઉપરાંત, છેલ્લાં ૬૦ વરસોમાં સરકારી વિકાસ પરિયોજનાઓના નામે પાણીના મોલે જે જમીનો ફરજિયાત આંચકી લેવામાં આવી તેમાં પણ મુખ્યત્વે આ વિસ્તારોના આદિવાસીઓ જ ભોગ બનેલા. અને હમણાં હવે ઉદારીકરણના પગલે રાજ્યોમાં ઉદ્યોગીકરણ અને ખનીજ સંપદાના વિકાસ માટેની જે હોડ લાગી છે તેને કારણે પણ આ પ્રક્રિયા વધારે તેજ બની છે, જે આપણને ઓરિસ્સા, ઝારખંડ, પશ્ચિમ બંગાળ વગેરે રાજ્યોમાં જોવા મળે છે.



હમણાં મોડે મોડે આ આદિવાસીઓના જંગલ જમીન અને જંગલ પેદાશ પરના હક્કોને માન્યતા આપતો વન અધિકાર કાયદો કેન્દ્ર સરકારે પસાર જરૂર કર્યો છે. પરંતુ એનો પણ બરાબર અમલ થતો હોય એવું એકેય રાજ્યમાં જોવા નથી મળી રહ્યું. આમ, આ એ વિસ્તાર છે, જ્યાંના ગરીબ આદિવાસીઓએ વિકાસનાં ફળ કદી ચાખ્યાં નથી, સરકારી યોજનાઓ કે વિકાસ એમના સુધી પહોંચ્યો નથી. અને હજી પણ એમના વિકાસનાં કોઇ એંધાણ દેખાતાં નથી.

બીજી બાજુ, નક્સલવાદીઓ પોતાનાં કામોની શરૂઆત તો આ વિસ્તારના લોકોના આ અને બીજા સવાલોને વાચા આપીને જ કરે છે અને તેની આસપાસ લોકોને સંગઠિત પણ કરે છે અને એ રીતે લોકોમાં તેમના હક્કો વિશે જાગૃતિ ફેલાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પરંતુ આ સવાલોનો ઉકલ આવે અને વિકાસનાં ફળ આ લોકો સુધી પણ પહોંચતાં થાય એ પાકું કરવામાં એમને કોઇ રસ નથી હોતો. તેમની રાજકીય નેમ તો હિંસક ક્રાંતિ દ્વારા અત્યારની લોકતાંત્રિક વ્યવસ્થાને ઊથલાવી નાખીને તેના સ્થાને 'લોકોની એકહથ્થુ સત્તા' સ્થાપવાની જ છે. એટલે આ સવાલોના ઉકેલમાં એમને કોઇ રસ ન હોય એ સ્વાભાવિક છે (સવાલો ઊકલી જાય તો પછી લોકોને ક્રાંતિકારી વ્યવસ્થા પરિવર્તનમાં રસ ક્યાંથી રહે ?). એથી ઊલટું, એમના વધતા પ્રભાવ સાથે શસ્ત્રો અને હિંસાનો પ્રભાવ પણ વધતો જાય છે જેનો ભોગ પાછળથી આદિવાસીઓ પણ બને છે. હિંસા અને જોર જબરજસ્તીનો ઉપયોગ શરૂઆતમાં જમીનદારો કે પોલીસ સામે થાય છે, પરંતુ પાછળથી વિરોધ કરનારા કે કહ્યામાં નહીં રહેનારા આદિવાસીઓ સામે પણ થવા માંડે છે. એ સિવાય પણ શસ્ત્રો અને હિંસા નક્સલી રણનીતિના કેન્દ્રમાં હોવાથી, એ વાતાવરણમાં ગામોમાં જે સંગઠનો બને તેનું નેતૃત્વ પણ સ્વાભાવિક રીતે જોર જબરજસ્તી કરી શકે એવા ગામના ઉતાર જેવા ગુન્ડા તત્ત્વોના હાથમાં જ આવતું હોય છે. આ ઉપરાંત, લોકો માટે જરૂરી તેવા રસ્તા, શાળા, દવાખાનાં, વગેરે વિકાસ કામોનો પણ તેઓ વિરોધ કરે છે કારણ કે એ કામો થાય તો ગામ પરની એમની પકડ ખતમ થઈ જવાની તેમજ એમની હાજરીની સરકારી તંત્રને ખબર પડી જવાની સંભાવના વધી જાય છે. એટલે જ સરકાર આ કામો કરવા માંગે તો પણ તેઓ તે થવા નથી દેતા. આમ, નક્સલવાદના વધતા પ્રભાવ સાથે લોકોની સમસ્યાઓ હલ થવાનું તો દૂર રહ્યું, ઊલટાની વધતી જાય છે.

સરકારી તંત્રના પ્રતિભાવની વાત કરીએ તો, શરૂઆતમાં તો આદિવાસી વિસ્તારોમાં નક્સલવાદીઓના વધતા પ્રભાવ બાબતે વહીવટીતંત્ર સાવ ઉદાસીન જ રહે છે અને એ અંગે પણ કશું કરવાની એમને જરૂર નથી જણાતી. અને પાછળથી જ્યારે નક્સલીઓની તાકાત ઘણી વધી જાય અને એમની વધતી હિંસાનો સામનો કરવાનો આવે ત્યારે પણ એને માત્ર કાનૂન અને વ્યવસ્થાનો સવાલ ગણીને પોલીસ અને અર્ધલશ્કરી દળોની ફોજ ઉતારીને અનિવાર્યપણે વધારે પડતી પ્રતિક્રિયા આપે છે. નક્સલીઓ તો સામાન્ય રીતે 'મારો અને ભાગો' (હીટ એન્ડ રન)ની પદ્ધતિ અપનાવતા હોય છે. એટલે પોલીસની આ જવાબી હિંસાનો ભોગ મુખ્યત્વે નિર્દોષ આદિવાસીઓ જ બનતા હોય છે, જેઓ એના કારણે પછી નક્સલીઓને બદલે સરકાર વિરોધી થતા જાય છે. આમ, આવી પોલીસ કાર્યવાહીઓના પરિણામે નક્સલીઓનો પ્રભાવ ઘટવાને બદલે ઊલટાનો વધે છે. પરંતુ એની સાથે સાથે એ પણ એટલું જ પાકું છે કે આ આદિવાસીઓને મુખ્ય રસ પોતાના વિકાસ આડેના અવરોધો હટાવવામાં જ હોય છે અને તે પણ બને એટલું જલદી, નહીં કે 'સામાજિક ક્રાંતિ'માં. એટલે એમનો આ પ્રભાવ વધારે વખત ચાલે એમ નથી એ પણ એટલું જ પાકું છે. તો પછી આ સંકટ ખરેખર કેટલું મોટું છે અને આ સમસ્યાના ઉકેલ માટે ખરેખર શું કરવું જોઇએ ? એ સવાલોની ચર્ચા કરવી જરૂરી છે. પણ એમ કરતા પહેલાં નક્સલવાદના ઇતિહાસ પર અને ક્યા રાજ્યમાં શું સ્થિતિ છે તેના પર એક ઊડતી નજર નાખી લઇએ.

## નક્સલવાદનો ઇતિહાસ

દેશમાં નક્સલવાદની શરૂઆત થઇ ૧૯૬૭માં. પશ્ચિમ બંગાળના દાર્જીલીંગ જિલ્લાનો નકસલબાડી વિસ્તાર. મે ૧૯૬૭માં 'આમાર બાડી, તોમાર બાડી, નકસલબાડી, નકસલબાડી' (અમારાં ઘરબાર, તમારાં ઘરબાર, નકસલબારી, નકસલબારી)નો દુંદુભિ-નાદ નકસલબારી કસ્બામાં ગૂંજી ઊઠ્યો. બંગાળ ટેનન્સી એક્ટ નીચે જમીનદારોની જમીન ખેડૂતોને ન મળતાં વચેટિયા જોતદારોને મળી રહી હતી, જેઓ ખરેખર તો ખાસ્સા જુલમી હતા. એટલે ત્યાંના ખેડૂતો, ખેતમજૂરો અને ચાના બગીચાઓના મજૂરોએ સૌ પ્રથમ વાર સંગઠિત થઈને શસ્ત્રો હાથમાં લીધાં અને આ જોતદારો સામે બંડ પોકાર્યું. તે સમયની કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માર્ક્સિસ્ટ)ના નેતાઓ - ચારુ મજુમદાર અને કનુ સંન્યાલે એમના આ બંડને આગેવાની પૂરી પાડેલી. એમની તૈયારીઓ, અલબત્ત, લાંબા સમયથી થઇ રહી હતી, પણ શરૂઆત બહુ સામાન્ય રીતે થઇ. ૨૩ મે ૧૯૬૭ના રોજ એક આદિવાસી ગણોત બિગુલ કિસન, કોર્ટે હુકમ કરીને ફાળવી આપેલી જમીન પર હળ-કુહાડી લઇને ખેડવા ગયો, ત્યારે જોતદારના માણસોએ એને માર માર્યો. ૨૪મીએ પોલીસ ઇન્સ્પેકટર સોનમ વાંગડી પોલીસ ફોજ લઇને જોતદારોના ચઢાવ્યાથી આગેવાનોને પકડવા આવ્યો ત્યારે લોકોએ તીરકામઠાંથી

એને વીંધી નાખ્યો. બસ, થઇ રહ્યું. બીજે જ દિવસે પોલીસની મોટી કુમક આવી અને નક્સલબારીના એક ફળિયામાં ચાલી રહેલી મિટિંગ પર ગોળીબાર કર્યો, જેમાં ૯ સ્ત્રીઓ અને ૨ બાળકો સહિત ૧૧ વ્યક્તિઓ મરણ પામી. પછી તો જોતજોતાંમાં આ આગ આખા પશ્ચિમ બંગાળમાં ફેલાઇ ગઇ અને કલકત્તાની યુનિવર્સિટીઓ અને કોલેજોમાં એનો મોટો ચાહક વર્ગ પેદા થયો. બસ ત્યારથી આપણે ત્યાં આ પ્રકારની હિંસક અને આત્યંતિક ડાબેરી ચળવળને નામ મળી ગયું - નક્સલવાદ.

નક્સલબારીની આ હિંસક ચળવળને ડામી દેવાની કામગીરીમાં તેના જ સહોદર એવા સી.પી.આઇ (માર્કસવાદી) પક્ષે પણ મહત્ત્વની ભૂમિકા ભજવેલી. તે સમયે પશ્ચિમ બંગાળમાં સંયુક્ત મોરચાની સરકાર હતી. સી.પી.આઇ. (એમ)ના સુપ્રીમો જ્યોતિ બસુ ગૃહપ્રધાન હતા અને આ ચળવળને ડામી દેવાના પહેલા હુકમો એમણે જ જારી કરેલા. એટલે ચારુ મજમુદાર અને કનુ સંન્યાલે સી.પી.આઇ.(એમ)થી અલગ પડીને પોતાના નવા પક્ષ સી.પી.આઇ. (એમ.એલ - માર્ક્સિસ્ટ લેનીનીસ્ટ)ની સ્થાપના કરેલી. સી.પી.આઇ (એમ) સામે તેમને મુખ્ય વાંધો લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લેવા અંગે હતો. આપણા સંસદીય લોકતંત્રને તેઓ નકલી (sham) લોકતંત્ર ગણતા હતા અને તેને ખતમ કરીને 'લોકોની એકહથ્થુ સત્તા' સ્થાપિત કરતી ખરી સામાજિક ક્રાંતિ આવે ત્યાર પછી જ સાચું લોકતંત્ર પ્રસ્થાપિત થશે એમ માનતા હતા. જ્યોતિ બસુએ આ નક્સલવાદને ડામી દેવાનું જે કામ શરૂ કરેલું તે પછી સિત્તેરના દાયકાની શરૂઆતમાં કોંગ્રેસના સિદ્ધાર્થ શંકર રેના  શાસનકાળમાં ખતમ કરી દેવામાં આવ્યું. ચારુ મજમુદાર, કનુ સંન્યાલ સહિત અનેક નક્સલવાદી આગેવાનોને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યા અને બીજા અનેક યુવાનો ગોળીના શિકાર પણ બન્યા. આમ, ત્યારે તો નક્સલબારીથી શરૂ થયેલી આ ચળવળ ત્યારે તો થોડાં જ વરસોમાં ખતમ થઇ જતી હોવાનું જોવા મળેલું.

નક્સલબારીની ચળવળ ચાલી રહી હતી ત્યારે જ એના ટેકામાં બિહાર, ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, તામિલનાડુ, કેરાલા, વગેરે રાજ્યોના કોમ્યુનિસ્ટ ક્રાંતિકારીઓ પણ આગળ આવેલા અને મે ૧૯૬૮માં એક ઓલ ઇન્ડિયા કોઓર્ડિનેશન કમિટિ ઓફ કોમ્યુનિસ્ટ રિવોલ્યુશનરીઝ (AICCCR)ની વિધિવત્ રચના પણ કરવામાં આવેલી, જે પાછળથી નવા સ્થપાયેલ પક્ષ સી.પી.આઇ. (એમ.એલ)માં ભળી ગયેલ. આ કમિટિનાં બધાં જૂથો સંસદીય લોકતંત્રના વિરોધની બાબતમાં એકમત હતાં, પરંતુ હિંસાનો ઉપયોગ ક્યારે અને કઇ રીતે કરવો અને વર્ગ દુશ્મનોની હત્યા કરવી કે નહીં તે બાબતે તેમનામાં જુદા જુદા મતો પ્રવર્તતા હતા. આને કારણે કન્હાઇ ચેટરજીની આગેવાની હેઠળનું એક જૂથ સી.પી.આઇ. (એમ.એલ)માં નહોતું જોડાયું અને એને બદલે માઓઇસ્ટ કોમ્યુનિસ્ટ સેન્ટર (એમ.સી.સી)ના નેજા હેઠળ કામ કરવાનું પસંદ કરેલું. ત્યાર પછી ચારુ મજુમદારના નેતૃત્વ તેમજ કનુ સંન્યાલ અને જઘાલ સન્થાલની સંગઠનાત્મક શક્તિના જોરે આ ચળવળ દેશનાં વિભિન્ન રાજ્યોમાં ફેલાઇ રહી હતી. અને એક સમયે તો એમ જ લાગતું હતું કે ભારતમાં માઓવાદી ક્રાંતિ તેના અંતિમ ચરણમાં આવી ચૂકી છે. પરંતુ ઉપર જોયું તેમ એ તો માત્ર રિહર્સલ જ હતું. ત્યાર પછી તો રાજ્યના સપાટામાં અનેક માઓવાદી કાર્યકરોએ પોતાના જાન ગુમાવ્યા અને બીજા હજારો જેલના સળિયા પાછળ ધકેલાયા. પરિણામે નેતૃત્વ અને દિશાના અભાવમાં એ ચળવળ વેરવિખેર થઈ ગઇ. ૧૯૭૨માં ચારુ મજુમદાર જેલમાં જ મૃત્યુ પામ્યાં. ત્યાર પછી તો જાણે નેતૃત્વનો શૂન્યાવકાશ જ સર્જાયો અને એ ચળવળમાં નાની મોટી અનેક ફૂટો પડી. આ ચળવળના પિતામહ સમાન કનુ સંન્યાલ પણ ફૂટ અને પૂનઃઆકલનની આ પ્રવૃત્તિથી મુક્ત ન રહી શક્યા - ૧૯૭૭માં એમણે એવી નવી લાઇન લીધી કે સંસદીય લોકતંત્રમાં ભાગ લેવો એ પણ એક પ્રકારની ક્રાંતિકારી પ્રવૃત્તિ જ છે.

ત્યાર પછીના ગાળામાં આ નક્સલવાદી ચળવળમાં જે અનેક ફાટફૂટો પડી તેમાં મુખ્ય બે પ્રવાહો જોવા મળે છે. એક પ્રવાહ સુબ્રતો દત્ત, નાગભૂષણ પટનાયક અને વિનોદ મિશ્રાના નેતૃત્વવાળો હતો, જેણે ભૂલસુધારની નીતિ અપનાવીને ગેરીલા યુદ્ધની સાથે સાથે વ્યાપક લોકતાંત્રિક મોરચો સ્થાપવાની પણ ભલામણ કરેલી અને સંસદીય લોકતંત્રમાં ભાગ લેવાની પણ હિમાયત કરેલી. ત્યાર પછી એમણે ભૂગર્ભ પ્રવૃત્તિમાંથી બહાર આવીને ખુલ્લા સ્તર પર ઇન્ડિયન પીપલ્સ ફ્રન્ટની પણ રચના કરેલી. બીજો પ્રવાહ આંધ્રપ્રદેશના સીતારામૈયા, બિહારના એન પ્રસાદ, વગેરેની આગેવાનીવાળો હતો, જેણે સંસદીય લોકતંત્રનો વિરોધ ચાલુ રાખેલો અને ખેડૂતો તેમજ આદિવાસી, દલિત અને અન્ય કચડાયેલા વર્ગોના સશસ્ત્ર સંઘર્ષ પરનો ભાર ચાલુ રાખેલો. ૧૯૮૦માં સીતારામૈયાએ આંધ્રપ્રદેશમાં સી.પી.આઇ (એમ.એલ) પીપલ્સ વોર ગૃપની સ્થાપના કરેલી, જ્યારે બિહારમાં પ્રસાદે સી.પી.આઇ (એમ.એલ) યુનિટી ઓરગેનાઇઝેશનની સ્થાપના કરેલી. એ બંનેએ લોકોનાં વ્યાપક સંગઠનો (ફ્રન્ટ સંગઠનો) બનાવવાની હિમાયત જરૂર કરેલી, પરંતુ લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લેવાની સાફ ના પાડેલી અને 'લોકો'ની સશસ્ત્ર ક્રાંતિ પર જ ભાર મૂકેલો અને એ માટે 'પીપલ્સ ગેરીલા આર્મી' બનાવવાની પણ રણનીતિ અપનાવેલી. આ ઉપરાંત એમ.સી.સી. તો પહેલેથી અલગ ધારા તરીકે કામ કરતું જ હતું. નક્સલવાદી ધારાના આ વિવિધ પ્રવાહો એકબીજાની વિરોધમાં કામ કરતા આવ્યા છે અને એમની વચ્ચેની લડાઇ ઘણી વાર એકબીજાની કેડર પરના હિંસક હુમલા સુધી પણ પહોંચી જાય છે.

નક્સલવાદી ધારાનાં વિવિધ જૂથો પૈકી આંધ્રપ્રદેશમાં સીતારામૈયાએ સ્થાપેલ પીપલ્સ વોર ગૃપ સૌથી વધારે પ્રભાવશાળી છે. નક્સલવાદી રાજનીતિમાં એની લાઇન જ પ્રભાવી ભૂમિકા ભજવી રહી છે અને નક્સલવાદ આજે દેશની આંતરિક સલામતી સામેનો જે મોટામાં મોટો ખતરો બની ગયો છે અને દેશના અનેક ભાગોમાં નક્સલવાદીઓ પોતાની સમાંતર સરકાર ચલાવવાનો દાવો કરી શકે છે તો તે માટેનો યશ પણ મુખ્યત્વે આ પીપલ્સ વોર ગૃપને જ આપવો પડે એમ છે. એની સ્થાપના પછી ઘણાં વરસો સુધી તો તેનું કાર્યક્ષેત્ર આંધ્રપ્રદેશના ઉત્તરી તેલંગણા વિસ્તાર પૂરતું જ મર્યાદિત રહ્યું. પરંતુ પછી બહુ ઝડપથી એ એને અડીને આવેલ મહારાષ્ટ્ર, મ.પ્ર., છત્તીસગઢ અને ઓરિસ્સાના દંડકારણ્ય વિસ્તારમાં ફેલાઇ ગયું. સાથે સાથે ૧૯૯૮માં એણે બિહાર-ઝારખંડના પાર્ટી યુનિટી પક્ષ સાથે અને પછી ૨૦૦૪માં એમ.સી.સી. સાથે જોડાણ કરીને એની તાકાત ઘણી વધારી દીધી છે. આ જોડાણો પછી તે કોમ્યુનિસ્ટ પાર્ટી ઓફ ઇન્ડિયા (માઓવાદી)ના નવા નામથી ઓળખાય છે. બીજી બાજુ લોકતાંત્રિક પ્રક્રિયામાં ભાગ લેવાની નેમ સાથે સ્થપાયેલ લીબરેશન ગૃપની ધારા વિધાનસભા કે સંસદમાં રડ્યાખડ્યા પ્રતિનિધિ મોકલવા સિવાય ખાસ ગજું કરી શકી નથી અને ધીરે ધીરે ક્ષીણ થતી ગઇ છે.

વિલીનીકરણ પછીના સી.પી.આઇ (માઓવાદી) પક્ષનું એક વચગાળાનું લક્ષ્ય એ પણ છે કે નેપાળથી આંધ્રપ્રદેશ અને તેથી પણ નીચે સુધીના વિસ્તારમાં એક રેડ કોરીડોર તૈયાર કરવો, જેમાં એમનું વર્ચસ્વ હોય. અને ઘણા અંશે એ તૈયાર થયેલો જોવા પણ મળે છે. આજે દેશનાં ૭ રાજ્યો (પશ્ચિમ બંગાળ, ઓરિસ્સા, છત્તીસગઢ, ઝારખંડ, બિહાર, આંધ્ર પ્રદેશ અને મહારાષ્ટ્ર)ના લગભગ ૯૦ જેટલા (દેશના કુલ ૬૦૦ જિલ્લાઓમાંથી) જિલ્લાઓમાં માઓવાદીઓની પકડ ખાસ્સી મજબૂત ગણાય છે. અને ઘણાના મતે દેશનાં ૨૦ રાજ્યોના ૧૮૨ જેટલા જિલ્લાઓમાં એમની આછી-પાતળી હાજરી જોવા મળે છે.

માઓવાદીઓએ લાંબી સશસ્ત્ર લડાઇની રણનીતિ અપનાવી છે. એમાં પહેલાં અંતરિયાળ ગ્રામીણ વિસ્તારોમાં પોતાનો બેઝ બનાવીને તેમને પહેલાં ગેરીલા ઝોનમાં અને ત્યારબાદ પોતાના આધિપત્યવાળા મુક્ત (લીબરેટેડ) ઝોનમાં રૂપાંતરિત કરી દેવાનો અને ત્યાંથી પછી શહેરોની ગોળાબંધી કરીને છેવટે આખા દેશની રાજકીય સત્તા કબજે કરીને 'લોકોની એકહથ્થુ સત્તા' પ્રસ્થાપિત કરવાનો સમાવેશ થાય છે.

આ કારણસર કોઇ પણ વિસ્તારમાં માઓવાદી ચળવળ જુદા જુદા ત્રણ તબક્કામાંથી પસાર થતી જોવા મળે છે - પહેલો તબક્કો સંગઠનનો, બીજો ગેરીલા યુદ્ધનો અને ત્રીજો મોબાઇલ યુદ્ધનો. સંગઠનના પહેલા તબક્કામાં માઓવાદી કાર્યકરો લોકોને કનડતી સમસ્યાઓ પર વ્યાપક આંદોલનો પેદા કરવા પર પોતાનું ધ્યાન કેન્દ્રિત કરે છે. આ તબક્કામાં નક્સલીઓ રાજ્યની તાકાતની તુલનામાં અત્યંત નબળી સ્થિતિમાં હોવાનું, એટલે કે સ્ટ્રેટેજિક રીતે ડીફેન્સીવ સ્થિતિમાં હોવાનું માને છે. એટલે આ તબક્કામાં તેઓ જવલ્લે જ હિંસાનો ઉપયોગ કરે છે. ફ્રન્ટ સંગઠનો દ્વારા લોકોને કનડતી સમસ્યાઓ પર આંદોલનો શરૂ કરવાં અને તેના પર પોતાની પકડ જમાવી રાખવા પર જ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવે છે. સાથે સાથે એ બહાને ગામોમાં લોકોના સંપર્કોનું જાળું ઊભું કરીને અને તેમની વચ્ચે પોતાની વિચારધારાનો પ્રસાર કરીને બીજા તબક્કામાં પ્રવેશવાની તૈયારી પણ શરૂ કરી દેવામાં આવે છે. આ રીતે જ સીતારામૈયાએ ૩૦ વર્ષ પહેલાં દંડકારણ્ય વિસ્તારમાં નવ કાર્યકરો મોકલેલા, જેનું પરિણામ આપણે આજે આ વિસ્તારો - છત્તીસગઢ તેમજ મધ્યપ્રદેશ અને મહારાષ્ટ્રના ભાગો-માં નક્સલીઓની સમાંતર સરકારના સ્વરૂપમાં જોઇ શકીએ છીએ.

'ગેરીલા યુધ્ધ'ના બીજા તબક્કામાં નક્સલીઓ પોતાને રાજ્યની તાકાતની બરોબરી કરી શકનારા તરીકે જુએ છે અને જે તે વિસ્તાર પર પોતાનું આધિપત્ય સ્થાપવાને લડાઇ છેડે છે. આ એ તબક્કો છે, જેમાં હિંસા એની ચરમ સીમાએ પહોંચે છે. નકસલવાદીઓના ગેરીલા સૈનિકો, સુરક્ષા દળો તેમજ અન્ય દુશ્મનો ઉપર હુમલો કરીને નાસી જવાના હીટ એન્ડ રન હુમલાઓ કરે છે. આ તબક્કાને તેઓ 'સ્ટ્રેટેજિક સ્ટેલમેટ'નો તબક્કો પણ કહે છે.

'મોબાઇલ યુદ્ધ'નો ત્રીજો અને છેલ્લો તબક્કો એ છે જ્યારે એ વિસ્તાર પર નક્સલીઓનું આધિપત્ય સ્થપાઇ જાય છે અને સુરક્ષાદળોને કાયમ માટે ચૌકન્ના રહેવાની ફરજ પડે છે. આ 'સ્ટ્રેટેજિક ઓફેન્સીવ'નો તબક્કો છે જેમાં નક્સલીઓ પોતાની સમાંતર સરકાર ચલાવે છે, ઉદ્યોગો, વેપારીઓ અને ખેડૂતો પાસેથી પણ કર કે સુરક્ષા નાણાં ઉઘરાવે છે અને રાજ્યના કોઇ પણ અંગને કામ નથી કરવા દેતા. રાજકીય નેતાઓ અને પોલીસ કે સરકારી અધિકારીઓનાં ખૂન કરીને શૂન્યાવકાશ પણ પેદા કરવામાં આવે છે.

અલબત્ત, વાસ્તવિક પરિસ્થિતિ ઘણી વાર અત્યંત સંકુલ હોય છે અને રાજ્યની પ્રતિક્રિયાના આધારે ઉપરના તબક્કામાં પહોંચી ગયા હોય તો પણ ત્યાંથી પાછા નીચેના તબક્કે આવી જવાનું લચીલાપણું પણ નક્સલીઓ દેખાડે છે. આન્ધ્ર પ્રદેશમાં એનું શ્રેષ્ઠ ઉદાહરણ જોવા મળે છે. ત્યાં આ ચળવળ મોબાઇલ યુદ્ધના ત્રીજા તબક્કામાં હતી અને ઘણા

વિસ્તારોમાં પીપલ્સ લીબરેશન ગેરીલા આર્મી સમાંતર સરકાર ચલાવવીની સ્થિતિમાં પહોંચી ગઇ હતી. પરંતુ ત્યારે જ સરકારી પ્રતિસાદને ધ્યાનમાં લઇને તેના નેતૃત્વે પ્રવૃત્તિઓને સંગઠનના પ્રાથમિક તબક્કામાં લઇ આવવાનો સભાન નિર્ણય કરેલો અને કાર્યકરોને પોતાની સુરક્ષાને પ્રાથમિક્તા આપવા તેમજ લોકોને જુદા જુદા સવાલો પર આંદોલિત કરવાની સલાહ આપેલી ! આવી ગેરીલા પદ્ધતિમાંથી જ ચોક્કસ વિસ્તાર પ્રમાણે સત્તા હસ્તગત કરવાની રણનીતિ અમલમાં આવે છે.

આ કારણસર જ માઓવાદી આંદોલન ક્યા રાજ્યમાં ક્યા તબક્કામાં છે તે સવાલનો જવાબ આપવો મુશ્કેલ છે. આમ છતાં ઉપર ઉપરથી જોઇએ તો પણ એ તો સ્પષ્ટ છે કે છત્તીસગઢના બસ્તર વિસ્તારમાં આ ચળવળ મોબાઇલ યુદ્ધના તબક્કામાં હોવાનું જણાય છે અને સુરક્ષા દળોની તુલનામાં એમની સ્થિતિ વધારે મજબૂત જણાય છે. તો બિહાર, ઝારખંડ, મહારાષ્ટ્ર, ઓરિસ્સા અને પ. બંગાળમાં તે ગેરિલા યુદ્ધના બીજા તબક્કામાં હોવાનું જણાય છે અને મ.પ્ર., ઉ.પ્ર., કર્ણાટક, હરિયાણા, તામિલનાડુ, કેરાલા અને ઉત્તરાંચલ અને આન્ધ્રપ્રદેશના કેટલાક ભાગમાં તે સંગઠનના પ્રથમ તબક્કામાં હોવાનું જણાય છે.

**સરકારની પ્રતિક્રિયા**

ઉપર કહ્યું તેમ પશ્ચિમ બંગાળ પછી બિહાર, આંધ્રપ્રદેશ, છત્તીસગઢ, ઓરિસ્સા વગેરેમાં રાજ્યોમાં નકસલવાદીઓ પોતાનો પગદંડો જમાવી રહ્યા હતા ત્યારે શરૂઆતમાં તો કેન્દ્ર અને રાજ્ય સરકારો એ બાબતે સાવ ઉદાસીન જ રહી. નક્સલવાદીઓ શા માટે અંતરિયાળ, પછાત, ગરીબ આદિવાસી વિસ્તારોમાં પોતાનો પગપેસારો કરી રહ્યા હતા એનાં કારણોથી પણ તેઓ અજાણ નહોતા. તેમ છતાં કોઇપણ સરકારોને દેશના અણવિકસિત અને પછાત વિસ્તારોનો વિકાસ કરવાનું કે ત્યાંની ગરીબ પ્રજાની સ્થિતિ સુધરે એ અંગે કોઇ ઠોસ પગલાં ભરવાનું સૂઝયું નહીં ! એમના તરફની સંવેદનશીલતાની વાત તો છોડો, પોતાના હિત કાજે પણ તેઓ એમ કરવાનું ચૂક્યા. એટલે ધીમે ધીમે માઓવાદી પકડ વધારે ને વધારે મજબૂત થતી ગઇ અને વ્યાપ પણ વધતો ગયો. વક્રોકિત તો એ છે કે ગુજરાત જેવાં જે રાજ્યોમાં નકસલવાદે હજુ પગપેસારો નથી કર્યો ત્યાં પણ આદિવાસીઓના પ્રશ્ને આગોતરાં પગલાં ભરવાને બદલે તંત્ર એટલું તો ઉદાસીન અને લાપરવાહ છે કે એમ લાગ્યા વગર ન રહે કે તેઓ નકસલવાદના ચાર દાયકાના ઇતિહાસમાંથી કશું શીખ્યા જ નથી.

એક વાર નકસલવાદીઓ પોતાનો પગદંડો જમાવે પછી એમાં જોડાવું હોય કે ના જોડાવું હોય, તેમ છતાં સ્થાનિક આદિવાસીઓએ તો ડરના માર્યા પણ તેઓ એમની સાથે છે એમ જ બતાવવું પડે. બીજી બાજુ, સરકારી તંત્ર બધાને જ 'સસ્પેક્ટ' માનીને ચાલે. નકસલવાદી હિંસા ખૂબ વધી જાય ત્યારે પછી સરકાર ઊંઘમાંથી ઊઠે છે, પરંતુ ત્યારે પણ એની સામે સર્વગ્રાહી પગલાં ભરવાને બદલે માત્ર પોલીસ કે અર્ધલશ્કરી કાર્યવાહી પર જ ભાર મૂકવામાં આવે છે. અને નક્સલીઓ તો હીટ એન્ડ રનની ગેરીલા પદ્ધતિ અપનાવતા હોવાથી, આ પોલીસ કે અર્ધલશ્કરી કાર્યવાહીનો ભોગ સામાન્ય નિર્દોષ આદિવાસીઓ જ બને છે. કેટલાય નિર્દોષ આદિવાસી સ્ત્રી-પુરુષોને નક્સલવાદી કે માઓવાદી ગણી-ગણાવીને  ધરપકડ કરીને જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવે છે કે એન્કાઉન્ટર કરીને મારી નાખવામાં આવે છે, જેનો લાભ સરવાળે નક્સલવાદીઓને જ થાય છે. છત્તીસગઢમાં છેલ્લાં કેટલાંક વરસોથી રાજ્ય સરકાર સલવા જૂડુમના નામે જે કરી રહી છે તેમાં તો તે આનાથી પણ આગળ વધી છે અને લોકોનાં સશસ્ત્રો ટોળાં દ્વારા ગામો પર હુમલા સુધ્ધાં કરાવીને કેટલાંયે ગામો ખાલી કરાવી દઇને લોકોને રાહત છાવણીઓમાં રહેવાને મજબૂર કર્યા છે.

**સલવા જૂડુમ**

૧૯૮૦થી પીપલ્સ વોર ગ્રુપે હાલના છત્તીસગઢના દાંતેવાડા અને બસ્તર જિલ્લાનાં ગરીબ ગામોમાં પોલીસ અને વન વિભાગની હેરાનગતિઓ સામે આદિવાસીઓનું સંગઠન અને સંઘમ બનાવવાનું ચાલુ કરેલું. ધીમે ધીમે વ્યાપ અને પકડ વધારતા જઇને બે દાયકામાં એમણે આખા આદિવાસી વિસ્તારને પહેલાં 'ગેરીલા ઝોન'માં અને પછી 'લીબરેટેડ ઝોન'માં ફેરવી નાખ્યો અને પોતાની સમાંતર સરકાર ચલાવવા માંડી, જેમાં કોઇપણ સરકારી અધિકારીને પ્રવેશવાની બંધી જાહેર કરી. એમની આ પ્રવૃત્તિ સામે વખતો વખત (ખાસ કરીને ૧૯૯૧ અને ૧૯૯૮માં) સ્થાનિક આગેવાનો, મુખિયાઓ વગેરેએ સરકારની મદદથી 'જન જાગરણ અભિયાન' ચાલુ કરેલાં. એમની મુખ્ય રણનીતિ એ હતી કે પહેલાં ગામલોકોને ધમકી આપવી કે માઓવાદી સંઘમના સભ્યોને એમને હવાલે કરો, નહીં તો તેઓ ગામ પર હુમલો કરશે. હુમલા દરમિયાન તેઓ ઘરો બાળી મૂકે, સ્ત્રીઓ પર બળાત્કાર કરે, અનાજ-મરઘાં અને ઢોર લૂંટીને લઇ જાય, મારપીટ કરે અને સંઘમ સાથે જોડાયેલા માણસોને પકડી લઇ જઇને એમની પાસે બીજાં ગામો પર હુમલા કરાવડાવે. આની સામે થોડા સમય બાદ પીપલ્સ વોર ગ્રુપે પણ સામા હુમલા ચાલુ કર્યા, જેમાં એમણે પણ એ જ રણનીતિ અપનાવી. જે ગામલોકો અભિયાન સાથે જોડાયેલા માણસોને હવાલે ન કરે એ ગામો

## બોક્ષ-૧

# છત્તીસગઢમાં આદિવાસીઓ પર રાજ્ય-પ્રેરિત હિંસા

નવેમ્બર ૨૦૦૯માં સમાચારપત્રોમાં માઓવાદી વિસ્તારમાંથી મોટી સંખ્યામાં આદિવાસી કુટુંબો ઉચાળા ભરીને છત્તીસગઢની સીમા પારના આંધ્રપ્રદેશના ખમામ જિલ્લામાં હિજરત કરી રહ્યાના સમાચારો લગભગ રોજ આવતા હતા. એમાંની કેટલીક ઘટનાઓને ત્યાંના જાવેદ ઈકબાલ નામના પત્રકારે ન્યુ ઈન્ડિયન એક્સપ્રેસમાં આપી હતી, જે નેશનલ ફોરમ ઓફ ઈન્ડિયા નામના યાહુ ગ્રુપે નિયમિત રૂપે પ્રસારિત કરી હતી. એમાંથી અમુક અંશો અહીં ટૂંકાણમાં આપીએ છીએ.

છત્તીસગઢના દાંતેવાડા જિલ્લાના કોન્ટા શહેરથી લગભગ ૩૦ કિ.મી. દૂર ગચનપલ્લી નામના એક નાનકડા ગામમાં ઓક્ટોબરના અંતમાં સુરક્ષાકર્મીઓએ રેડ પાડી હતી. આ ગામોમાં હવે એ કાયમી બીના બની ગઇ છે કે પોલીસ કે સુરક્ષાકર્મીઓ ગામ પર તરી આવે એટલે મોટાભાગના લોકો ઘરો છોડીને જંગલોમાં નાસી જાય. એ દિવસે ૫ વ્યક્તિઓને મોતને ઘાટ ઉતારવામાં આવી. લોકોના જણાવ્યા મુજબ, એમાંના ૪ માણસો ૬૦ વર્ષથી ઉપરના અને દોડી ન શકે એવા હતા! ૧૯ ઘરો બાળી મૂકવામાં આવ્યાં. આ ગામ પરનો આ બીજો હુમલો હતો. ૨૦૦૫માં સાલવા જુડુમ તરફથી આ પહેલાં પણ હુમલો કરવામાં આવેલો, જેમાં ૬૫ ઘરો બાળી મૂકવામાં આવેલાં. કોવાસી જોગી નામની ૬૦ વર્ષની આદિવાસી સ્ત્રીએ લેખકને જણાવ્યું કે ગામમાં એમની જમીનો છે, પણ ખેડાયા વગરની પડી છે, ગામ આખું ખાલી થઇ ગયું છે. મોટાભાગના લોકો ખમામમાં રહે છે.

બીજા એક ગામ, પાલેચર્માની એક આદિવાસી સ્ત્રી, સોડી રાની (ખરું નામ આપ્યું નથી) પણ પોતાનાં ૨ બાળકો સાથે ગામ છોડીને આંધ્રપ્રદેશમાં આવી ગઇ છે. એના જણાવ્યાનુસાર ઓક્ટોબરના અંતમાં સુરક્ષાકર્મીઓએ ૩ વ્યક્તિઓને માઓવાદી તરીકે પકડી લઇને મારી નાખી હતી. ગામલોકોને જ્યારે એ જાણવા મળ્યું ત્યારે સૌ ભાગીને ખમામ પહોંચી ગયા.

પાલેચર્મા ગામની નજીકના બાટીગુડા ગામમાં પીવાના પાણીનો મોટો પ્રશ્ન હતો. ૧૨ વર્ષ પહેલાં મૂકવામાં આવેલા ૪ હેન્ડપંપમાંથી માત્ર એક જ પંપ ચાલુ હોવાથી ગામલોકોએ કોન્ટા આવીને હેન્ડપંપ મૂકી આપવા વહીવટીતંત્રને વિનંતી કરી. ત્યારે જે તે જવાબદાર ઓફિસમાંથી એમને જે કહેવામાં આવ્યું એ કોઇને પણ સ્તબ્ધ કરી દે તેવું છે, ‘‘જાઓ નકસલવાદીઓ પાસે, એ હેન્ડપંપ મૂકી આપશે’’! તેઓ પછી નકસલવાદીઓ પાસે ગયા કે નહીં એના જવાબમાં એમણે કહ્યું કે તેઓ એમની પાસે ગયા હતા, જેમણે જણાવેલું કે તમે ભદ્રચલમથી એને માટેનો સામાન ખરીદી લાવો તો અમે એ ગોઠવી આપીશું, કારણ કે એમની પાસે પૈસા નહોતા.

ભેજી નજીકના ઉન્દેરપાડ ગામના મુચકી દેવા નામના ૬૫ વર્ષના માણસને ગોંડી ભાષા બોલવાના ગુનામાં એસપીઓએ ઉપાડી જઇને એને જેલમાં નાખેલો, જ્યાં એને વારંવાર માર મારવામાં આવતો અને ઈલેક્ટ્રીક શોક આપવામાં આવતા. ચાર દિવસ પછી એક ઉપલા અધિકારીએ એને છોડાવ્યો. બીજાપુર જિલ્લાના ઉસુર તાલુકાના મરુદબાકા ગામમાં ૨૪ ઓક્ટોબરે સુરક્ષાકર્મીઓએ રેડ પાડેલી અને કતમ કિસ્તયા (૨૦ વર્ષ) અને તાવથી પીડાતા ભાંડવી ભીમાયા (૧૮ વર્ષ)ને પકડી લઇ ગયેલ, જે આ સમાચાર પ્રસિદ્ધ થયા ત્યાં સુધી તો જેલમાં જ સબડતા હતા. ગામના બીજા લોકો ખમામ જતા રહ્યા.

૯મી નવેમ્બરે સુરક્ષાકર્મીઓએ દાંતેવાડા જિલ્લાના કોન્ટા તાલુકાના તાતેમાર્ગુ ગામમાં રેડ પાડેલી. લગભગ ૫૦૦ જેટલા પોલીસ અને સુરક્ષાકર્મીઓ હતા. તેઓ આવી રહ્યાના સમાચાર જેવા ગામલોકોને જાણવા મળ્યા કે મોટાભાગના લોકો ઘર છોડીને નાસી ગયા. તેઓ જ્યારે પાછા ફર્યા ત્યારે ખબર પડી કે આશરે ૬૦ જેટલાં ઘરોને બાળી નાખવામાં આવેલાં, જેમાં સાઇકલો, કપડાં, પૈસા, રેડિયો, ગાડું વગેરે પણ બળીને રાખ થઇ ગયેલાં. ગામના ૧૪ માણસોને પોલીસ પકડી ગયેલી ૪ જણ (અને ડાઘપર ગામના ૨ માણસો)ને મારી નાખેલા. બચેલા લોકોના જણાવ્યાનુસાર આ પોલીસો, એસપીઓ અને અન્ય સુરક્ષાકર્મીઓએ બકરા, મરઘી અને બતક પકડેલાં અને ગામમાં જ જુદી જુદી જગ્યાઓએ એ રાંધેલું. પાછળથી ૨૭ ઘરોની મુલાકાત દરમિયાન અંદાજ મળ્યો કે એ દરેક ઘરમાંથી ૨-૩ મરઘીઓ, ૬ કબૂતર, ૧૦-૧૨ બકરીઓ અને ૫-૭ બતકોની જયાફત ઉડાવવામાં આવી હતી.

પોલીસ દસેક વ્યક્તિઓને ગામમાં એક જગ્યાએ લઇ ગઇ, જ્યાં લાકડાનું એક મોનોલીથ બનાવવામાં આવેલું અને લાલ રંગે રંગવામાં

આવેલું, જેના પર કોમરેડ ચુટે અમર રહે એવું લખવામાં આવેલું. એ અંગે પોલીસે પૂછપરછ ચાલુ કરી કે એ કોણે બનાવેલું? આ કોમરેડ કોણ છે? વગેરે. લોકોએ બીકના માર્યા શરૂઆતમાં કશું જ જાણતા નથી એમ બતાવ્યું. પરંતુ પાછળથી માર પડ્યા બાદ એમણે કબૂલ્યું કે એમને નકસલવાદીઓએ આવું બનાવવાની ફરજ પાડેલી. પોલીસ કસ્ટડીમાં એ વખતે ૬ સ્ત્રીઓ પણ હતી. કેટલાક એસપીઓએ છરીથી એમના વાળ કાપીને હેરાન કરવાનું ચાલુ કર્યું. આ પકડાયેલા લોકો એ જોતા હતા, ત્યારે ત્યાં હિન્દીભાષી ઉપલા પોલીસ અધિકારી આવ્યા જેમણે એમને ખખડાવ્યા અને એ સ્ત્રીઓ સાથે આવો વર્તાવ નહીં કરવાની ચીમકી આપી. 'તમે તમારા જ માણસો સાથે આવો વ્યવહાર કઇ રીતે કરી શકો છો?' અધિકારીએ છરી ખૂંચવીને ફેંકી દીધી. ત્યાર પછી એ સ્ત્રીઓ સાથે કોઇ બદવ્યવહાર થયો નહીં. એ અધિકારીએ તાતેમાર્ગુ ગામમાં ગોશ્ત ખાવાની પણ ના પાડી દીધેલી.

તાતેમાર્ગુ ગામથી ૧૨ કિ.મી. દૂર આવેલા પાલોડી ગામમાં પણ પોલીસે ૩૦ ઘરોને બાળી મૂકેલાં અને માડવી જોગા નામના માણસને માઓવાદી કહીને મરી નાખેલો. મડકમ ઇદમાની મા મડકમ જોગીએ કહ્યું કે એનો દીકરો સાવ શાંત અને શરમાળ પ્રકૃતિનો હતો તેને અને એનાથી નાના છોકરાને એણે એકલીએ કેટલી મહેનત કરીને ઉછેરેલા !

**બોક્ષ ૨**

## માઓવાદીઓની વધતી જતી હિંસા

છેલ્લાં ૫ વર્ષમાં નકસલવાદીઓનો રકતરંજિત વિસ્તાર, વ્યાપ અને હિંસા વધી ગયાં છે. ગૃહ મંત્રાલયના આંકડા મુજબ ૧૯૯૬થી ૨૦૦૮ સુધીમાં માઓવાદીઓ દ્વારા ૫૪૩૮ વ્યક્તિઓને મારી નાખવામાં આવી છે. અને છેલ્લાં ૩ વર્ષમાં નકસલવાદીઓએ ૨૬૦૦ વ્યક્તિઓને મારી નાખી હોવાના સમાચાર છે. એમાં પણ છત્તીસગઢ, બિહાર, ઝારખંડ અને ઓરિસ્સા - આ ૪ રાજ્યોમાં સૌથી વધુ હિંસા થઇ છે, જ્યાં જાન્યુઆરી ૨૦૦૬થી ઓગસ્ટ ૨૦૦૯ સુધીમાં ૨૨૧૨ વ્યક્તિઓએ પોતાના જાન ગુમાવ્યા છે. ગૃહ મંત્રાલયના જણાવ્યા મુજબ આ સમયગાળામાં નકસલ હિંસાના ૫૮૦૦ બનાવો બન્યા છે. છત્તીસગઢમાં ૨૦૦૬માં ૩૮૮, ૨૦૦૭માં ૩૬૯, ૨૦૦૮માં ૨૪૨ અને ઓગસ્ટ ૨૦૦૯ સુધીમાં ૧૮૦ લોકો નકસલવાદીઓના હાથે મરાયા છે. ઝારખંડમાં ૨૦૦૬માં ૧૨૪, ૨૦૦૭માં ૧૫૭, ૨૦૦૮માં ૨૦૭ અને ઓગસ્ટ ૨૦૦૯ સુધીમાં ૧૫૦ લોકો મરાયા છે. ઓરિસ્સામાં ૩૦ જિલ્લામાંથી ૧૭, ઝારખંડના ૨૪માંથી ૨૦ અને બિહારના ૩૮ જિલ્લાઓમાંથી ૩૦ જિલ્લાઓ નકસલ-ગ્રસ્ત છે. બીબીસીના મત અનુસાર નકસલ બળવાએ આજદિન સુધીમાં ૬૦૦૦થી વધુ માણસોના જાન લીધા છે.

૨૦૦૯ની શરૂઆતથી હિંસાનો દોર ખૂબ વધી ગયો છે. ખાસ કરીને લોકસભાની ચૂંટણીના પહેલા તબક્કામાં ૧૬ એપ્રિલે માઓવાદીઓએ બિહાર, ઝારખંડ અને છત્તીસગઢમાં છાપા નાખીને ૧૮ નાગરિકો અને સુરક્ષાકર્મીઓને મારી નાખ્યા. ત્યારબાદ ચૂંટણીના બીજા તબક્કામાં ૨૩ એપ્રિલે ઝારખંડના જમશેદપુર મત વિસ્તારમાં ઘણા ચૂંટણી અધિકારીઓને ઈજા પહોંચાડી. ૨૬ એપ્રિલે બિહારના ગયા જિલ્લામાં એમણે આરોગ્ય કેન્દ્ર ઉડાવી દીધું. મે ૨૦૦૯માં સંભવિત માઓવાદીઓના હુમલામાં ૧૬ પોલીસ ઠાર થયા. ૧૩ જુલાઇ ૨૦૦૯ના રોજ એમણે છત્તીસગઢના રાજનાન્દગાવ જિલ્લામાં ૩૦ પોલીસની કતલ કરી. ૨૬ ઓગસ્ટ ૨૦૦૯ના રોજ માઓવાદીઓએ ઝારખંડના રાંચી જિલ્લાના બુન્દ ગામમાંથી ૧૨ વર્ષની છોકરી અને એક સ્ત્રી સહિત ૪ વ્યક્તિઓને ઉડાવી દીધી. પાછળ ને પાછળ ૬ સપ્ટેમ્બરની રાત્રે એ જ વિસ્તારના પુન્ડીગીરી ગામમાંથી ૫ વ્યક્તિઓને ઉપાડી જઇ એમના પર પોલીસના બાતમીદારોનો આરોપ લગાવી ફાંસી આપી. આ બનાવને એશિયન સેન્ટર ફોર હ્યુમન રાઇટ્સે પણ વખોડી નાખેલો.

૯ ઓક્ટોબર ૨૦૦૯ના રોજ મહારાષ્ટ્રના ગઢચિરોલીમાં લાહોરી પોલીસ સ્ટેશનને ઘેરો ઘાલીને આગ લગાડીને પોલીસ ઇન્સપેકટર સહિત ૧૭ પોલીસને મારી નખાયા. ૨૦ ઓકટોબરે માઓવાદીઓએ પશ્ચિમ બંગાળના મિદનાપુર જિલ્લાના પોલીસથાણા પર હુમલો કરીને ૨ પોલીસને મારી નાખ્યા અને અતિન્દ્રનાથ દત્ત નામના પોલીસ ઓફિસરનું અપહરણ કર્યું, જેમને જેલમાં પુરાયેલ સ્ત્રીઓ સહિત માઓવાદીઓના જામીન મંજૂર કરવા સામે છોડ્યા. સૌથી તાજેતરમાં 'પીપલ્સ કમિટીઓને પોલીસ એટ્રોસીટી'ના નેતા છત્રધર મહાતોને છોડાવવા માટે દબાણ લાવવા પશ્ચિમ બંગાળના મિદનાપોર ખાતે રાજધાની એકસપ્રેસ ટ્રેઇનને ચાર કલાક માટે રોકી.

પર તેઓ હુમલો લઇ જાય. અને થોડા જ સમયમાં માઓવાદીઓએ પોતાનો ઠેકો ફરી બેસાડી દીધો. આ હુમલાઓને લીધે અભિયાન સાથે જોડાયેલા જે આગેવાનો નાસી ગયા એમને સરકારે ઝૂંપડાં બનાવવા જમીન આપી.

જૂન ૨૦૦૫માં મહેન્દ્ર કર્મા નામના કોંગ્રેસના ધારાસભ્યે ફરી પાછા આવા જન જાગરણ અભિયાનની શરૂઆત કરી, જે સલવા જૂડુમ તરીકે ઓળખાયું. ગોંડી આદિવાસી ભાષામાં સલવાનો અર્થ થાય રોગ ભગાવવા માટે જે પાણીનો દર્દીના શરીર પર છંટકાવ કરવામાં આવે એ પાણી (શુદ્ધ કરવા માટેનું પાણી) અને જૂડુમનો અર્થ થાય શિકાર માટેની તલાશ. એટલે કે આ વિસ્તારમાં માઓવાદરૂપી રોગને મારી હટાવીને તેને શુદ્ધ બનાવવા માટેની તલાશ.

## સલવા જૂડુમ કોણે શરૂ કર્યું - સરકારે કે માઓવાદીઓથી વાજ આવી ગયેલા લોકોએ?

સલવા જૂડુમ કઇ રીતે શરૂ થયું કે કોણે શરૂ કર્યું એ અંગે મતમતાંતરો છે. સ્થાનિક વહીવટીતંત્ર એને માઓવાદીઓ સામેના લોકોના 'સ્વયંભૂ' આંદોલન તરીકે ગણાવે છે. તેમના મતે માઓવાદીઓએ ૨૦૦૫માં ટીમરુ પાન એકઠાં કરવા અને વેચવા પર પ્રતિબંધ જાહેર કરેલો. એ ઉપરાંત, રસ્તા કે શાળા-આંગણવાડી વગેરે પણ નહોતા બનાવવા દેતા. તેથી ઘણા આદિવાસીઓ માઓવાદીઓની વિરુદ્ધ થતા ગયા. આ આદિવાસીઓએ ઠેકઠેકાણે મિટીંગો ચાલુ કરેલી. આ મિટીંગોમાં ૫-૬ હજારથી લઇને ૧૫ હજાર જેટલા લોકો હાજરી આપતા અને એમાંથી પછી સ્વયંભૂ રીતે સલવા જૂડુમનો જન્મ થયો.

બીજી બાજુ, માઓવાદીઓ અને મોટાભાગના બૌદ્ધિકો અને કર્મશીલો - સંગઠનો સલવા જૂડુમને માઓવાદીઓને જેર કરવા માટે આદિવાસીઓનો જ ઉપયોગ કરવા માટેની અને આદિવાસીઓ સામે આદિવાસીઓને લડાવી મારવાની સરકારીની સાજિશ ગણાવે છે. તેમના કહેવા મુજબ સ્થાનિક આગેવાનો, કોન્ટ્રાક્ટરો, શિક્ષકો, વેપારીઓ, રાજકારણીઓ (જેઓમાં મહેન્દ્ર કર્મા મોખરે હતા) તેમજ અન્ય સ્થાપિત હિતોએ માઓવાદીઓના વિરોધમાં સલવા જૂડુમ ચાલુ કર્યું, જેને સરકારી તંત્રે સક્રિય ટેકો આપ્યો. એક કારણ એવું પણ આગળ ધરવામાં આવી રહ્યું છે કે ટાટા સ્ટીલ અને એસાર કંપનીઓ સાથે કરાર થયા એ પછી તરત જ સલવા જૂડુમની સ્થાપના કરવામાં આવી હતી. એની પાછળ સરકારનો મકસદ એ પણ હોઇ શકે કે આદિવાસીઓને ખસેડીને કેમ્પોમાં મોકલી આપવામાં આવે તો માઇનીંગના કામમાં પછી કોઇ વિક્ષેપ ન આવે.

હકીકત ખરેખર શું હતી એ આટલા લાંબા ગાળા પછી અને એના પર ખૂબ બધાં પડળો ચઢ્યા પછી અત્યારે કહેવું મુશ્કેલ છે. પરંતુ એક વાત તો સ્પષ્ટ છે કે શરૂઆત સ્વયંભૂ થઈ હોય તો પણ સરકારનો પ્રત્યક્ષ કે પરોક્ષ ટેકો હોય તો જ તે આટલા મોટા પાયે અને લાંબા સમય સુધી ચાલી શકે. એટલું જ નહીં, જો લોકોનાં ટોળાં સ્વયંભૂ રીતે પણ આમ ગામો પર હુમલા કરતા હોય તો પણ સરકારની ફરજ તેમની સામે ગુનાહ નોંધીને કાયદેસરની કાર્યવાહી કરવાની હોય કે પછી તેમને તાલીમ અને શસ્ત્રો પૂરાં પાડવાની ?

સરકારે સલવા જૂડુમના પરિણામે હિજરત કરી ગયેલા લોકો માટે કામચલાઉ રાહત કેમ્પો ચાલુ કર્યા, છાપરાં માટેનાં નળિયાં આપ્યાં, ટીવી સેટો મૂકી આપ્યાં, એટલું જ નહીં, માઓવાદીઓ સામે લડવા માટે ખાસ તાલીમ આપીને સ્થાનિક સ્પેશિયલ પોલીસ ઓફિસરો (એસપીઓ)ની મોટી ફોજ ઊભી કરી અને એમને શસ્ત્રો પણ આપ્યાં છે. એકબાજુ સલવા જૂડુમ અને બીજી બાજુ માઓવાદીઓ, એમ બન્ને બાજુએથી હિંસા, મારપીટ, ઘરો બાળવાં, અનાજ કે ઢોરઢાંખર લૂંટવાં વગેરે ચાલી રહ્યું છે. એમાં સામાન્ય આદિવાસીઓની સ્થિતિ ઘંટીના બે પડ વચ્ચે દબાવા-દળાવા જેવી થઈ ગઈ છે.

## સલવા જૂડુમ સમેટવું જ પડે

આમ રાજ્ય સરકાર ગમે તેટલો બચાવ કરે તો પણ સલવા જૂડુમને રાજ્ય સરકાર દ્વારા ચાલુ રાખવામાં આવે કે સહાય કરવામાં આવે એ ગેરબંધારણીય જ ગણાય. એ નોંધપાત્ર છે કે તાજેતરમાં જ સુપ્રીમ કોર્ટે રાજ્ય સરકારને સલવા જૂડુમ ચાલુ રાખવા સામે નારાજગી વ્યક્ત કરીને કેન્દ્ર સરકારના વકીલને પૂછ્યું હતું, 'રાજ્ય પોતે ઊઠીને લોકોને હથિયાર કઇ રીતે આપી શકે? જો આ વ્યક્તિઓ બીજા કોઇને પણ મારી નાખે તો રાજ્યે પણ એ ગુનામાં મદદ કરી ગણાય.' સુપ્રીમ કોર્ટ સમક્ષની યાચિકામાં જણાવવામાં આવ્યું છે કે લગભગ ૪૭૦૦૦ લોકોને એમની મરજી વિરુદ્ધ કેમ્પોમાં રાખવામાં આવ્યા છે. એમણે એ પણ જણાવ્યું છે કે કેટલાય નિર્દોષ માણસોને મારી નાખવામાં આવ્યા છે. માર્ક્સવાદીઓના આતંકને ડામવાની જવાબદારી સરકારની છે, પોતાની જ જવાબદારી આદિવાસી નાગરિકો પર નાખીને એ પોતાની અગત્યની ફરજ બજાવવામાંથી પણ તે ચ્યુત થઇ છે. એટલું જ નહીં, એનાથી લાંબે ગાળે તો માઓવાદીઓ સામેની લડાઇને પણ નુકસાન જ થયું છે. કારણ કે નિર્દોષ આદિવાસીઓને સરકાર આ રીતે રંજાડે એ જ તો માઓવાદીઓ ઇચ્છતા હોય છે. એમ થાય તો જ તેઓ સરકારથી અલગ પડીને તેમની સાથે જોડાય.

હાલના કાનૂન મંત્રી વિરપ્પા મોઇલીના વડપણ હેઠળના એડમિનિસ્ટ્રેટીવ રિફોર્મ્સ કમિશને પણ સલવા જૂડુમ સમેટી લેવાની ભલામણ કરી છે. ગૃહમંત્રી શ્રી પી. ચિદમ્બરમ્ પણ એમની મીડિયા સાથેની મુલાકાતોમાં એ કહેતા આવ્યા છે કે કાયદો અને વ્યવસ્થા જાળવવાની જવાબદારી રાજ્યની છે. અને કોઇપણ ગેર-સરકારી વ્યક્તિ (non-state actors)ને એ સોંપવાની ગતિવિધિઓને કેન્દ્ર સરકાર ટેકો નથી કરતી. આ સારી વાત છે. અલબત્ત, માત્ર આવાં વિધાનો કરવાથી કામ નહીં ચાલે. એને અનુરૂપ સરકારી નીતિમાં બદલાવ લાવવાની રાજ્ય સરકારને ફરજ પાડવી જોઇએ. ગામોની સુરક્ષા સમિતિઓ, એસપીઓ વગેરેને તાલીમ અને શસ્ત્રો આપવાનું બંધ કરવું પડે અને એને માટેની નાણાંકીય ફાળવણી બંધ કરવી પડે. એટલું જ નહીં, સલવા જૂડુમ હેઠળ પોલીસ, નાગા ઇન્ડિયન રિઝર્વ બેટેલીયન, એસપીઓ કે ગામ સુરક્ષા સમિતિના સભ્યો દ્વારા એન્કાઉન્ટર કે લૂંટ-બળાત્કારના જે બનાવો બન્યા હોય કે ફરિયાદ કરવામાં આવી હોય એ તમામની તત્કાલ તપાસ કરાવીને કાયદા મુજબ જરૂરી પગલાં લેવાની તાકીદ કરવી પડે. તો જ કોઇને પણ સરકારની કટિબદ્ધતા અંગે વિશ્વાસ ઊભો થાય. એમ થયું હોવાનું અત્યારે તો દેખાતું નથી. એથી વિપરીત નક્સલીઓનાં થાણાં પર હવાઇ હુમલાઓ કરવાની વાતો પણ થઈ રહી છે.

## આંધ્ર પ્રદેશની પદ્ધતિ

નક્સલીઓને જેર કરવાની એક બીજી પદ્ધતિ આંધ્ર પ્રદેશ સરકારે ૧૯૯૦ના દાયકામાં અપનાવી હતી, જે મહદ્ અંશે સફળ રહી હોવાનું પણ જોવા મળ્યું છે. એ માટે એણે ખાસ તાલીમ આપીને પોલીસના સ્પેશિયલ કમાન્ડો - ગ્રે હાઉન્ડ કમાન્ડો - દળ ઊભું કર્યું છે. આ કમાન્ડો દળ ચોક્કસ ઇન્ટેલિજન્સના આધારે માઓવાદી નેતૃત્વ ઉપર જ હુમલા કરીને તેમને ખતમ કરે એવી રણનીતિ અપનાવેલી અને આદિવાસી ગામો પર વ્યાપક હુમલા કરીને સર્ચ અને સીઝર ઓપરેશનો કરવાનું ટાળેલું. પરિણામે લોકો પર સીધા હુમલા થયા હોવાના કે તેમને હિજરત કરી જવાની ફરજ પડી હોવાના બનાવો બહુ ઓછા બનેલા. એટલું જ નહીં, આ આદિવાસી વિસ્તારોમાં સરકારી વહીવટમાં મોટાપાયે સુધારા પણ દાખલ કરવામાં આવ્યા અને લોકોની સમસ્યાઓ હલ કરવા ઉપર પણ ખાસ્સું ધ્યાન અપાયું, જોકે તેને નક્સલવાદ વિરોધીની ચળવળના ભાગરૂપે નહોતા દર્શાવાયા. તે સમયના આંધ્રના મુખ્યમંત્રી ચન્દ્રબાબુ નાયડુએ 'જન્મભૂમિ યોજના' નીચે ગામોનો વહીવટ ગામલોકોને સોંપ્યો તેમજ 'સહભાગી વન વ્યવસ્થા' કાર્યક્રમનો નમૂનેદાર અમલ કરીને વનોના વ્યવસ્થાપનમાં પણ લોકોને મહત્ત્વની ભૂમિકા સોંપી અને વન પેદાશો પર ૧૦૦ ટકા હક્કો પણ આપ્યા. તે જ પ્રમાણે વન અધિકાર કાયદાના અમલમાં પણ આંધ્રપ્રદેશની સરકાર બીજી બધી સરકારો કરતાં ઘણી આગળ છે. નક્સલવાદી નેતૃત્વ સામેની પોલીસ કાર્યવાહી તેમજ લોકો માટેના વિકાસના આ બેવડા ઓફેન્સીવના પરિણામે લોકો નક્સલવાદીઓથી ખાસ્સા વિમુખ થઇ ગયા અને નક્સલવાદીઓ એક સમયે ત્યાં સમાંતર સરકાર ચલાવી રહ્યા હતા તેઓ સૌ દોડતા થઈ ગયા. અને એ વિસ્તારને 'સ્ટ્રેટેજિક ઓફેન્સીવ'ના તબક્કામાંથી 'સ્ટ્રેટેજિક ડીફેન્સીવ'ના તબક્કામાં ઉતારી દેવાની અને કાર્યકરો પોતાના બચાવને પ્રાથમિક્તા આપે એવી સલાહ આપવાની પણ ફરજ પડી.

## તો કરવું શું ?

અત્યારે જ્યારે કેન્દ્ર સરકાર અને સંબંધિત રાજ્યો માઓવાદીઓ સામે કોઓર્ડિનેશન સાથે કામ કરવાની વાત કરી રહ્યાં છે ત્યારે એમાં તેઓ પોલીસ કે અર્ધલશ્કરી કાર્યવાહીની જ વાત કરી રહ્યાં છે. જેઓ એ સ્વીકારે છે કે આવી પોલીસ કાર્યવાહીમાં છત્તીસગઢની સરકારે જે રીતે આદિવાસી ગામો પર વ્યાપક હુમલાઓ કર્યા કે કરાવ્યા તેવા હુમલાઓને બદલે આન્ધ્ર પ્રદેશની જેમ ઇન્ટલિજન્સના આધારે હાર્ડકોર માઓવાદીઓ સામે જ કાર્યવાહી કરવી જોઇએ, તેઓ પણ ભાર તો બધો પોલીસ કાર્યવાહી ઉપર જ મૂકે છે. આ બધામાં એ વાત ભૂલાઇ જાય છે કે સ્થાનિક નાગરિક વહીવટીતંત્રની પુનઃસ્થાપના અને વિકાસ કાર્યક્રમો પોતે જ નક્સલવાદીઓને પાછા પાડવામાં ઘણી મહત્ત્વની ભૂમિકા ભજવી શકે એમ છે. આન્ધ્રમાં જે પરિણામ મળ્યાં તેમાં પણ 'જન્મભૂમિ યોજના' તેમજ 'સહભાગી વન વ્યવસ્થાપન' જેવા કાર્યક્રમોનો ફાળો ઘણો મોટો હતો.

આન્ધ્રપ્રદેશના જ એક ગામનો અનુભવ આનું સરસ ઉદાહરણ પૂરું પાડે છે. ત્યાંના આદિલાબાદ જિલ્લાના ગંગાપુર ગામ એક સમયે નક્સલવાદી પ્રવૃત્તિઓથી ધમધમતું હતું. ત્યાંના લોકો બધી રીતે ૪૦ કિ.મી. દૂર આવેલા કદમના બજાર ઉપર આધારિત હતા. મુખ્ય રસ્તો ગામથી ૧૬ કિ.મી. દૂર આવેલો હતો અને એને ગામ સાથે જોડતો કોઇ રસ્તો નહોતો. આદિવાસીઓએ પોતાની ડાંગર કે વન પેદાશો વેચવા માટે ડુંગર ફરતે થઇને ચાલતા જ કદમ સુધી જવું પડતું અને ઘણીવાર શાહુકારો અને વેપારીઓ એમના માલના પૈસા લેવા માટે બે - ત્રણવાર પણ ધક્કા ખવડાવતા. ગામમાં શાળાનું મકાન હતું પણ તે પડ્યું પડ્યું ખંડેર બની ગયું હતું, કારણ કે એવા ઊંડાણના ગામ સુધી પગે ચાલીને શાળાએ આવવા કોઇ શિક્ષક તૈયાર નહોતા થતા. એવા વખતે, મહેશ ભાગવત નામના એક પોલીસ અધિકારીએ લોકો સાથે વાતચીત કરીને પરિસ્થિતિ સમજવાની કોશિશ કરી. લોકોએ જ્યારે

એમને એમ કહ્યું કે એમના ગામને મુખ્ય રસ્તા સાથે જોડતો રસ્તો બનાવી દેવામાં આવે તો બધા સવાલો દૂર થઈ જશે ત્યારે શરૂઆતમાં તો તેઓ પણ એ માનવાને તૈયાર નહોતા. પરંતુ પછી તેમણે પોતાની બધી વગ આ રસ્તો મંજૂર કરાવવાના કામે લગાડી દીધી અને ૨૦૦૪માં તો એ રસ્તો બની પણ ગયો.

આની સાથે જ ગામમાં આમૂલ પરિવર્તન આવી ગયું. રસ્તો થઇ જવાને કારણે ત્યાંના લોકો કદમને બાજુ પર મૂકીને બીજાં બજારોમાં પણ પોતાનો માલસામાન લઇ જવા લાગ્યા. ગંગાપુર મહારાષ્ટ્રની સરહદ પર જ આવેલું હોવાથી, તેઓ મહારાષ્ટ જઇને પણ પોતાનો કપાસ વેચી શકે છે અને તે માટે ઊંચી કિંમત મેળવી શકે છે. ત્યાર પછી તો મહારાષ્ટ્રના જથ્થાબંધ વેપારીઓ પોતાની ટ્રકો પણ ત્યાંનો માલસામાન લેવા માટે ગંગાપુર સુધી મોકલવા માંડ્યા છે અને ગામની શાળામાં શિક્ષકો પણ આવતા થઇ ગયા છે. આ બધાનું પરિણામ એ આવ્યું કે ગામમાંથી નક્સલવાદીઓ અલોપ થઈ ગયા છે ! આવાં હજારો ગામો છે જ્યાં આવા પ્રકારનાં કામોની જરૂર છે. અહીં એક પોલીસ અધિકારી બંદુકની એક પણ ગોળી છોડ્યા વગર ગામને નક્સલી પકડથી દૂર કરવામાં સફળ થયા. પરંતુ મોટાભાગના પોલીસ અધિકારીઓને આવાં કામો કરવામાં સ્હેજે રસ નથી હોતો, કારણ કે તેમને તો તેઓ કેટલા નકસલીઓને જેર કરે છે કે મારી નાંખે છે તે માટે જ ઇનામો મળે છે, સરકાર પાસેથી તેમજ વેપારીઓ પાસેથી પણ, જ્યારે આવાં કામોની કોઇ નોંધ સુદ્ધાં લેવાતી નથી.

આ દાખલો સ્પષ્ટ રીતે દર્શાવે છે કે આદિવાસીઓને માઓવાદી વિચારધારા - 'હિંસક ક્રાંતિ દ્વારા લોકતંત્રને ઉથલાવીને લોકોની સરમુખત્યારશાહી' સ્થાપવાની વાતો - માં કોઇ રસ નથી. એમને તો બસ એમના વિકાસ આડેના અવરોધો દૂર થાય, એમનાં ગામો સુધી રસ્તા, શાળા, દવાખાના, વીજળી, વગરે સગવડો પહોંચે, વિકાસના નામે એમનાં ઘર-બાર કે જમીનો જબરજસ્તીથી છીનવી લેવાનું બંધ થાય અને બીજા વિસ્તારોની જેમ જ એમને પણ એમના વિસ્તારનાં કુદરતી સંસાધનો પર હક્ક મળે એમાં જ રસ છે અને નહીં કે માઓવાદીઓની 'ક્રાંતિ'ની વાતોમાં. આમ, નક્સલવાદને જેર કરવા માટે કેન્દ્ર અને રાજ્ય સરકારોએ ભેગા મળીને સૌથી પહેલાં તો આ વિસ્તારોમાં સ્થાનિક કક્ષાએ લોકોના પડતર સવાલો ક્યા છે અને એના ઉકેલ માટે શું કરવાની જરૂર છે તે તેમની સાથે ચર્ચા કરીને કાર્યયોજના તૈયાર કરવાની અને પછી એનો તાતો અમલ કરવાની જરૂર છે. આમ થશે તો આ વિસ્તારોમાં સ્થાનિક નાગરિક વહીવટીતંત્ર ફરી ધબકતું થશે અને ગંગાપુરની જેમ જ નક્સલવાદીઓને પોતાની મેળે જ આ વિસ્તારો છોડીને વધારેને વધારે ઊંડાણમાં જતા રહેવાની ફરજ પડશે. અને એમ નહીં થાય અને લોકોની ઇચ્છા / માંગણી મુજબનાં કાર્યોનો પણ તેઓ વિરોધ કરીને તે રોકવાનો પ્રયત્ન કરે તો ત્યારે પોલીસ / પેરા મિલિટરી દળોનું રક્ષણ આપીને પણ એ કામો પૂરાં કરી જ શકાય અને ત્યારે એમની સામેનાં આ પગલાંઓને લોકોનો વ્યાપક ટેકો મળી રહેશે. પરંતુ આવી કોઇ રણનીતિ વિચારણા હેઠળ હોય એવું કાંઇ વાંચવા કે સાંભળવા નથી મળી રહ્યું. આન્ધ્રપ્રદેશની 'સફળ' રણનીતિ બધે અપનાવવી જોઇએ એવું જરૂર સાંભળવા મળે છે, પરંતુ એમાં પણ મુખ્યત્વે તો 'ઇન્ટલિજન્સના આધારિત હુમલાઓ'ની પોલીસ કાર્યવાહીની જ વાતો થાય છે.

અહીં એ નોંધવું જોઇએ કે વડાપ્રધાન મનમોહનસિંહ તો પહેલેથી જ એમ કહેતા આવ્યા છે કે નક્સલવાદીઓને જેર કરવા હશે તો એ માટે પોલીસ કાર્યવાહી તેમજ વિકાસ કાર્યક્રમો અને અધિકારો એમ તમામ પ્રકારનાં કામોની રણનીતિ અપનાવવી પડશે. આ જ કારણસર તેમણે વન અધિકાર કાયદો પસાર થાય એ માટે પહેલ કરેલી અને પાછળથી 'વાઘ બચાવો' પર્યાવરણવાદીઓએ આ કાયદા સામે કાગારોળ મચાવી મૂકેલી ત્યારે પણ એ સામે નમતું નહીં જોખીને એનો બચાવ કરેલો. ચિદમ્બરમે પણ અખબારો સાથેની તેમની મુલાકાતોમાં એવી જાહેર ઓફર મૂકી છે કે નક્સલીઓ જો હિંસા ત્યજવા તૈયાર હોય તો તેઓ એમની સાથે આદિવાસી વિસ્તારોના બધા પડતર સવાલો - ઉદ્યોગો માટે જમીન સંપાદન અને પુનર્વસવાટ, વન અધિકારો, ખનીજ સંસાધનો પરના તેમના અધિકારો, વિકેન્દ્રીકરણ, પંચાયતી રાજ અને પેસા (PESA), વગેરે - અંગે ખુલ્લા મને ચર્ચા કરવા અને એ આધારે નિર્ણયો કરવા તૈયાર છે. નક્સલીઓએ તો, અલબત્ત, આ ઓફરને 'અતાર્કિક અને અવ્યવહારુ' છે એમ કહીને ફગાવી દીધી છે. પરંતુ મૂળ વાત એ છે કે આ સવાલો અંગે જે કરવાની જરૂર છે તેને નક્સલીઓ જોડેની વાટાઘાટો સાથે જોડવાનો કોઇ અર્થ નથી. એ તો સરકારે પોતે જ કરી દેવાનું હોય. વન અધિકાર, જમીન સંપાદન, પુનર્વસવાટ, વગેરે બાબતો અંગે તો નવા કાયદાઓ પસાર થયા છે અને થઈ રહ્યા છે અને એ રીતે થોડી પ્રગતિ થઈ રહી છે. પરંતુ ખનીજ સંસાધનો ઉપર સ્થાનિક લોકોના હક્ક / હિસ્સા અંગે હજી કશું થયું નથી, જે તાકીદે કરવાની જરૂર છે. અને કાયદાઓ પસાર કરી દેવાથી જ કંઇ કામ પતી નથી જતું. રાજ્ય સરકારો દ્વારા એનો બરાબર અમલ થાય એ પાકું કરવાની પણ એટલી જ જરૂર છે. બાકી વન અધિકાર કાયદો તો બની જ ગયો છે ને ? પરંતુ તેના અમલની વાત કરીએ તો લગભગ બધી રાજ્ય સરકારો તેમાં અખાડા જ કરી રહી છે. આ ફક્ત કેન્દ્ર સરકારની હકૂમતની બાબત નથી એ સાચું. પરંતુ આ જ તો ખરો પડકાર છે ને ? ■

# नक्सलवाद

## हिंसा प्रतिहिंसा के व्यूह में राज्य और नक्सलवादी दोनों एक दूसरे को मजबूत कर रहे हैं

**चक्रवर्ती अशोक प्रियदर्शी**

**न**क्सलवाद के बारे में जिम्मेदारी के साथ और जानकारी के साथ विश्लेषण का नतीजा यह कहता है कि आक्रामक क्षमता में अपनी मौजूदगी बनाए रखते हुए भी जनाधार में ये सिकुड़ रहे हैं।

हालांकि प्रधानमंत्री मनमोहन सिंह के बयान के बाद भारत में नक्सलवादी खासे चर्चा में हैं। मनमोहन सिंह ने आंतरिक सुरक्षा में नक्सलवाद को सबसे बड़ खतरा बताया था। वैसे भी राज्य की पूरी मशीनरी नक्सलवादियों को उनके दावे से अधिक मान्यता देने में लगी हुई भी रही है। अपनी आत्यंतिक हिंसा की वजह से वे बीच–बीच में लोगों के ध्यान में आते रहते हैं। एक तो क्सलवादी नेटवर्क की प्रवृत्ति यह है कि गाँव–देहात के रास्ते से ही वे अपना प्रसार करते हैं। इस वजह से इनके फैलाव का जनाधार भी होता है और इस तरह वे 'लाल जोन' भी बनाते जाते हैं। नक्सलवादी धारा के विभिन्न समूहों ने कुल मिलाकर भारत के 13 राज्यों में अपनी उपस्थिति का एक नक्शा बनाया है। इन सब ज्ञात खबरों के रहते हुए नक्सलवादी राजनीति का आकलन करना मुश्किल है। खासकर यह कहना विवादास्पद भी है कि नक्सलवादी आज गिरान पर हैं। नक्सलवादी गिराव पर है, यह कहना उस स्थिति में और भी विवादास्पद माना जाएगा जबकि –

1. कई जगहों पर भारत की कम्यूनिस्ट पार्टी – मार्क्सवादी, लेनिनवादी (सीपीआई–एमएल) के कुछ धड़े एक–दूसरे के साथ एकता प्रस्ताव चला रहे हैं और एक–दूसरे में विलय कर रहे हैं।
2. बंगाल के लालगढ़ क्षेत्र में नक्सलवादी संगठन सीपीआई–माओवादी व्यापक जन विद्रोह के साथ अंतः धारा के रूप में मजबूत हैं।
3. छत्तीसगढ़ में 'सलवा जुडूम' नामक राज्य प्रायोजित हिंसा को झेलते हुए 18 हजार वर्ग किलोमीटर के विस्तार में इनकी ध्वजा लहरा रही है।
4. अनेकों भाषाओं में इनकी लगभग सौ पत्रिकायें वितरण में हैं। अनेकों बुद्धिजीवियों ने नक्सलवादी पद्धति को मान कर लगातार इसी तरह से भारत का विश्लेषण किया है।
5. इनके ठिकानों से बड़े पैमाने पर हथियार गोला बारूद और असल्लाह बरामद हो रहे हैं। बावजूद इसके, इनके कोष खाली नहीं हो रहे है। शासन द्वारा दिए गए आंकड़े नक्सलवादियों की बढ़त को ही दर्ज करा रहे हैं।
6. संसदीय चुनावों के दौरान या अन्य मौकों पर इनके द्वारा फैलाए गए 'लैण्ड माइन्स' और डायनामाइट पुलिस बल, सरकारी ठिकानों और सार्वजनिक ठिकानों पर ब्लास्ट करते हैं। इन्होंने जेल तोड़ कर अपने लोगों को छुड़ाया है।
7. इनके हथियार इनके चिन्हित दुश्मनों पर बरसते हैं और हथियारबन्द दस्ते स्वच्छंद विचरण करते हैं।

नक्सलवादी राजनीति की मौजूदगी और मजबूती दर्शाने वाले उक्त सारे तथ्य एक तरफ कायम हैं। परंतु दूसरी तरफ इस पर भारी पड़ रहा है यह सच कि नक्सलवादी जनाधार लगातार सिकुड़ रहा है। यह अपरिहार्य भी है। नक्सलवादी अपनी रणनीति में तो पिछड़ ही रहे हैं, इससे ज्यादा इनकी दरिद्रता वैचारिक है। हालांकि स्थानीय परिस्थितियों का व्यवहारवादी विश्लेषण करके नक्सलवादी समूह लड़ते–भिड़ते और उत्तर देते जरूर हैं। परंतु हिन्दुस्तान की व्यवस्था का मध्ययुगीन विश्लेषण करते हुए पिछले 40 वर्षों से ये वैचारिक गतिरोध में हैं। विचारधारा के स्तर पर का यह पिछड़ापन इनको उन रणनीतियों में धकेलता है जिस पर चलते हुए वे शायद ही हिन्दुस्तान की व्यवस्था का विकल्प दे पाएँगे।

**भा**रत में 4 दशक पहले नक्सलवाद संसदीय रास्ते के प्रति बगावत के रूप में उभरा था। सीपीआई–मार्क्सवादी, लेनिनवादी कहे जाने वाले ये कम्यूनिस्ट भारत में मौजूद कम्यूनिस्ट पार्टियों सीपीआई और सीपीएम के समानान्तर और उनके द्वारा अपनाए गए संसदीय पथ का प्रतिवाद करते हुए उभरे थे। इस तरह नक्सलवादी राजनीति का आरंभ ही सामान्य जनतंत्र, जनतांत्रिक और कल्याणकारी राज्य के खिलाफ बगावत के साथ हुआ है।

रूस में जारों और चीन में युद्ध सरदारों के खिलाफ कम्यूनिस्ट क्रांति के अध्याय रचे गये थे। आज भारत में आधुनिक राज्य के खिलाफ जो कम्यूनिस्ट आंदोलन है, उसकी पहचान नक्सलवादी

हिंसक परंपरा से होती है। नक्सलवादी परंपरा में जो कम्यूनिस्ट संगठन हैं उनमें से ज्यादातर चारू मजदूर के नेतृत्व वाली भारतीय कम्यूनिस्ट पार्टी, मार्क्सवादी–लेनिनवादी (सीपीआई–एमएल) कहलाती है।

भारत के सूबे पश्चिम बंगाल में सीपीआई–एमएल के नेतृत्व में गुर्रिल्ला युद्ध का यह क्षेत्र दार्जिलिंग जिले (तत्कालीन) में स्थित नक्सलवाड़ी नामक गांव से पहचाना जाता है। बंगाल टीनेन्सी एक्ट के प्रभाव में बंगाल के परंपरागत जमीन्दारों का स्थान उन जोतदारों ने ले लिया जो ठीके की रकम अदा कर जमीन्दारों की जमीन जोतते थे। जोतदार भी बड़े भूस्वामी थे। अंग्रेजों के समय की स्थाई बन्दोबस्ती (परमानेन्ट सेटलमेंट) से भूस्वामी बना जो वर्ग 'जमीन्दार' कहलाता था – उनकी तरह की सामंती सत्ता जोतदारों की नहीं थी। परंतु पुराने जमीन्दार जोतदारों के पैसों पर निर्भर थे और ये अनुपस्थित भूस्वामी वर्ग थे। इन जोतदारों की सत्ता ही गाँवों में कायम थी। यह नवधनाढ्य और जुल्मी वर्ग था। जमीन का स्वामी होने के साथ व्यापार, सूदखोरी और महाजनी करता था। इन जोतदारों के खिलाफ किसानों का संघर्ष बंगाल के गाँवों का जारी संघर्ष था। नक्सलबाड़ी में भी किसानों ने जोतदारों के खिलाफ संघर्ष चलाया – जिसे सीपीआई–एमएल के नेतृत्व वाले युवा कम्यूनिस्टों की मदद मिली। इस तरह सीपीआई–एमएल की पहचान नक्सलवादी नामक गांव से शुरू हुए और उत्तरी बंगाल में फैले विद्रोह से हुई। वे नक्सलवादी (नक्सलाइट) कहलाए। नक्सलवादियों ने एकजुट कम्यूनिस्ट पार्टी सीपीआई के दिनों में आंध्र के तेलंगना क्षेत्र के भूमि संघर्ष को भी पहचान धारा में जीवित रखा। तेलंगना क्षेत्र में जो संघर्ष आजादी के बाद चला था उसे नक्सलवादियों ने भी जारी रखा हैं। इसका परिणाम है कि तेलंगना क्षेत्र के भूस्वामियों ने दूसरे इलाके में उद्योग–व्यापार इत्यादि की ओर रूख किया। नक्सलवाद का इतिहास तेलंगना के मुकाबले श्रीकाकुलम संघर्ष से ज्यादा तादात्म्य रखता है। आंध्र का यह प्रयोग तेलंगना जैसे बड़े विस्तार में न होकर भी कृषक बगावत के रूप में नक्सलवादियों को पहचान देते हैं।

बंगाल में नक्सलवादी शुरूआत अराजक थी। प्रेसीडेंसी कॉलेज, कोलकाता में अंग्रेजी दीक्षा लिए युवकों सहित नक्सलवादी धारा के सामने हिंसक क्रांति की रूमानी तस्वीर थी। नक्सलवादी धारा में आमतौर पर हिंसक अतिवाद की रूमानियत रही है और यह आज तक कायम है। परंतु कुछ समूहों ने संसदीय पथ के साथ साझा करते हुए 'मास लाइन' (आम जनता को साथ लेकर चलने की पद्धति) को भी अपनाया है। अभी मास लाइन वाला मुख्य समूह है सीपीआई–एमएल (लिबरेशन)। लिबरेशन समूह के कुछ विधायक बिहार विधान सभा में जीता करते हैं। एक समय बिहार और असम से इनका एक–एक सांसद भी हुआ था। लिबरेशन के जनाधार की तुलना माओवादियों से की जाती है। खासकर बिहार में इनका जनाधार बड़ा है। परंतु आज के समय लिबरेशन भी अपनी युक्तियों और अपने जनाधार में लगातार कमजोर पड़ रहा है। एक समय सत्यनारायण सिंह के नेतृत्व वाले समूह से पश्चिम बंगाल विधान सभा में संतोष राणा प्रतिनिधित्व कर सके हैं। आंध्र प्रदेश के तेलंगना में हिंसक संघर्ष, गुरिल्ला छापेमारी के रास्ते पर नक्सलियों ने सेना का भी सामना किया है। परंतु आंध्र में मास लाइन भी काफी मजबूत रहा है। यहाँ टी नागी रेड्डी के नेतृत्व में सीपीएम से बगावत किया समूह सक्रिय रहा है। रेड्डी की किताब 'इन्डिया मोर्गेज' आम नक्सली प्रस्थापना के अनुरूप है। परंतु इस समूह ने चारू मजूमदार के नेतृत्व को नहीं स्वीकार किया था। इसी तरह अन्य समूह भी हैं जिनका उल्लेख आगे आएगा। युद्ध की घोषणा कर उसमें उतरे समूह के अलावा मास लाइन वाले समूह के प्रभाव में भी गिरावट आ रहा हैं। बिहार में लिबरेशन की सामर्थ्य भी घट रही है।

नक्सलवादियों की एक धारा रही है माओवादी कम्यूनिस्ट सेंटर (एमसीसी)। यह धारा भी चारू मजूमदार के नेतृत्व वाली परंपरा से भिन्न धारा रही है। इनका वैचारिक विभेद चीन में मौजूद नेतृत्व की धारा लीन पिआओ और ऐन्टी लीन पिआओ के आधार पर होता है। एमसीसी का नेतृत्व कन्हाई चटर्जी करते थे। इनकी मृत्यु के बाद इस संगठन को नेतृत्व देने वाला व्यक्ति कन्हाई चटर्जी प कहलाता रहा है।

सीपीआई–एमएल की परंपरा में अनेक विखंण्डन भी हुए हैं। परंतु सितंबर 2004 में अतिवादी हिंसा में निपूण दो समूहों का विलय हुआ। माओवादी कम्यूनिस्ट सेंटर (एमसीसी) और भारत की कम्यूनिस्ट पार्टी मार्क्सवादी–लेनिनवादी (पीपुल्सवार) के विलय से नई पार्टी बनी है – भारतीय कम्यूनिस्ट पार्टी (माओवादी)। हालांकि सीपीआई (एमएल) अपने जन्म काल से माओवाद को शामिल कर मार्क्सवादी है। हथियारबंद लाल सेना के बूते क्रांतिकारी संघर्ष निर्णायक तौर पर हिंसक संघर्ष होगा। और इस निर्णायक संघर्ष द्वारा ही बुर्जुआ जनतंत्र की जगह कम्यूनिस्ट सत्ता और कम्यूनिस्ट जनतंत्र स्थापित होगा। मान्यता के स्तर पर प्रायः सभी नक्सलवादी समूह क्रांति की यही रुमानी तस्वीर खींचते हैं। भले ही उनकी अपनी सेना भी न हो। भारत में

नक्सलवादी कहे जाने वाले समूहों में से ज्यादातर हथियारबन्द दस्तों और कथित लाल सेना के बगैर स्थानीय राजनीति के प्रभाव में मौजूद और प्रभावी हैं। कुछ नक्सल समूह ही ऐसे हैं जिन्होंने एक तरफ आंध्र–उड़ीसा–छत्तीसगढ़ और महाराष्ट्र के एक दूसरे से मिल रहे इलाकों में लाल पट्टी जैसा बनाया है। दूसरी तरफ इनका प्रभाव क्षेत्र झाड़खण्ड, बिहार और बंगाल के सीमावर्ती क्षेत्रों को मिला कर दिखता है।

सीपीआई–एमएल अर्थात नक्सलवादी राजनीति का इसी साल चार दशक पूरा हुआ है। इस दौरान इनमें अनेक विभाजन हुए हैं। इनमें कई छोटे–छोटे समूह बन कर तीन दर्जन से ज्यादा समूह अस्तित्व में आये हैं। परंतु इस तरह के विभाजनों के बावजूद इन्होंने भारत वर्ष के नक्शे पर अपनी उपस्थिति बनाये रखी है और फैलाई है। कई दफा गैर मामूली और अकल्पनीय कार्यवाई के साथ ये दिखे हैं। जैसे जहानाबाद जेल ब्रेक। बिहार की राजधानी पटना से 60 किलोमीटर पर स्थित जिला मुख्यालय जहानाबाद को लगभग अपने नियंत्रण में लेकर वहां के जेल को तोड़कर हजार की संख्या में कैदियों को भागने का मौका दिया है। इस क्रम में अपने खास कैडर–लीडर को छुड़ाया है।

परंतु इन पंक्तियों के लेखक को गौर करना पड़ा है कि आखिर किस वजह से नक्सलवादी समूह के खुले कार्यक्रम अब प्रशासन द्वारा विफल कर दिए जाते हैं। क्या उनकी यह स्थिति पहले से रही है। लगभग 10 साल पहले गया जिला मुख्यालय पर माओवादियों की रैली को गैरकानूनी करार देकर और जिले में धारा 144 लगा कर भी प्रशासन एमसीसी द्वारा आहूत रैली को विफल नहीं कर सका था। आज प्रशासन के रूख में आए अंतर की वजह से नहीं बल्कि नक्सलवादियों के जनाधार में आई गिरावट की वजह से उनके खुले कार्यक्रम नहीं हो पाते हैं।

पश्चिम बंगाल से नक्सलवाद की उभरी चिनगारी 80 के दशक से महत्वपूर्ण रूप से आंध्र–प्रदेश और सम्मिलित बिहार में प्रभावी हुई थी। आंध्र प्रदेश में सांस्कृतिक टोलियों द्वारा नक्सलवादियों ने शहरों के बौद्धिक वर्गों, विश्वविद्यालयों में भी अपने नैतिक और वैचारिक मौजदूगी फैलाई थी। आंध्र और कर्नाटक में सांस्कृतिक जत्थों ने व्यापक उपस्थिति बनाई थी। युवा वर्ग पर इनका खासा प्रभाव पड़ा था। आपातकाल (1975–76) के पहले बिहार के युवकों में, कुछ विश्वविद्यालयों तक में नक्सलवादी चिनगारी फैली थी। इलाहाबाद विश्वविद्यालय और दिल्ली में भी इसका प्रसार हुआ। इस समय कोलकाता के प्रेसिडेंसी कॉलेज में और बंगाल के विश्वविद्यालयों में नक्सलवाद मजबूत युवा धारा थी।

इस विचारधारा के साथ भारत के युवा मानस का एक हिस्सा आकर्षित हुआ था और इस हिस्से के एक भाग ने इस पथ पर गाँव देहात की खाक छानी, यातना और मौत को वरण किया। जिसने दुनिया भर में चल रहे समकालीन जन विद्रोहों के साथ तादात्म्य बनाया। इन पंक्तियों का लेखक अपने एक लेख का उल्लेख यहाँ करना उचित समझता है जिसका शीर्षक है – 'दस हजार चौरासिवें की मां'। सीवान में 'लिबरेशन' समूह के युवा नेता चंद्रशेखर की हत्या के बाद, चंद्रशेखर की शहादत को श्रद्धांजली देते समय लेखक ने महाश्वेता देवी के उपन्यास 'हजार चौरासिवें की माँ' का स्मरण किया था। इस तरह स्पष्ट है कि हजारों नौजवानों ने नक्सलवादी रास्ते पर चल कर आत्मबलिदान तक किया है। उस धारा का वर्तमान इतना मलिन क्यों है?

**हा**ल के वर्षों में एमसीसी और पीपुल्स वार नामक समूह के विलय के बाद अब सीपीआई–माओवादी का बैनर बना है। माओवादी अब भारत में सबसे बड़ा समूह है।

आत्यंतिक परिमाण में हिंसा और कत्लेआम के लिए जिम्मेदार एमसीसी बिहार में हमेशा चर्चा में रहे हैं। बिहारी समाज की पिछड़ी व्यवस्था, इसकी पिछड़ी हुई अर्थव्यवस्था और शासन के पिछड़े स्तर के साथ तालमेल बिठा कर इन्होंने क्रांति धारा की आदिम और पिछड़ी हुई तस्वीर रची है। विरोधी और सामंती सेना को सबक सिखाने के लिए कम–से–कम तीन बार आम जनसंहार रचाया। पहला, दलेलचक बघौरा कत्लेआम; दूसरा, बारा जनसंहार; तथा तीसरा, सेनारी जनसंहार। बिहार में आत्मघाती, जातीय और सामंती सेनाओं ने रूपसपुर चंदवा (पूर्णियां), पिपरा (पटना), अरवल (अरवल), नोन्हीनगवाँ (जहानाबाद), छोटकी छेछानी (भोजपुर), लक्ष्मणपुर बाथे (अरवल), नारायणपुर (जहानाबाद) और मीयांपुर (गया) जैसे जनसंहार रचाएँ हैं। इन जनसंहारों के खिलाफ जनतांत्रिक वातावरण बनाने का आंदोलन भी बिहार में जारी रहा है। परंतु नक्सलवादी जनतांत्रिक संघर्षों से ज्यादा हिंसक जवाबों में विश्वास रख कर हिंसा प्रतिहिंसा का मार्ग अपनाते हुए प्रतिक्रियावादी हिंसा को औचित्य प्रदान करते आएं हैं।

भाकपा–माले (लिबरेशन) भूमिगत हिंसक संघर्ष की परंपरा की ऐसी धारा है जिसने दो दशक के एक खास अभ्यास के बाद अपने को भूमिगत से खुले पथ पर लाया है। पूरी पार्टी और नेतृत्व अब खुला संगठन है। इसके पहले लिबरेशन समूह ने व्यापक खुले संगठन को बनाने को समर्थन दिया था। एक प्रक्रिया चला कर इन्डियन पीपुल्स फ्रंट (आईपीएफ) नामक बैनर खड़ा किया था। आईपीएफ के बैनर से लगभग 10 साल का अभ्यास

करने के बाद लिबरेशन ने इसे एक तरफ समेट दिया और इसकी जगह खुद भूमिगत पार्टी को खुला संगठन घोषित कर दिया। इस तरह आईपीएफ की पीठ पर चढ़ कर सीपीआई–एमएल (लिबरेशन) ने संसदीय रास्ता अपनाया। यह समूह सबसे ज्यादा बिहार में सक्रिय है। परंतु इसके नेता विनोद मिश्रा उत्तर प्रदेश के थे। विनोद मिश्रा के नेतृत्व में ही पार्टी ने भूमिगत से खुले पथ की संत्रासदायी यात्रा कुशलता पूर्वक पूरी की थी। उनकी मृत्यु के बाद दीपांकर घोष नामक युवा बंगाली इसके नेता हैं।

छत्तीसगढ़ और आंध्र की मिलती सीमा पर सीपीआई (एमएल) माओवादी ने दण्डकारण्य नामक गुरिल्ला युद्ध का क्षेत्र बना रखा है। 18000 वर्ग किलोमीटर में फैले इस इलाके की बदौलत नक्सलवादी इधर के अनेक वर्षों में राज्य सरकार के खिलाफ युद्ध जैसा कर रहे हैं। शासन की नजर में यह इनके नियंत्रण का इलाका है और इस इलाके को युद्ध के द्वारा वापस पाना है। यहाँ सक्रिय माओवादी कम्यूनिस्ट पार्टी ऑफ इंडिया की शब्दावली में यह उनका मुक्त क्षेत्र नहीं बन पाया है। बल्कि यह ऐसा क्षेत्र है जहाँ राज्य सत्ता भी मौजूद है और खुद माओवादी पार्टी भी समानान्तर रूप से कायम हैं। दोनों पक्ष के युद्ध में वे अपनी स्थिति गुरिल्ला युद्ध द्वारा राज्य के ठिकानों को चुनौती देते रहने की बनाए हुए हैं। राज्य मशीनरी ने नक्सलवादियों की सत्ता को मान कर उनसे लड़ने के लिए 'सलवा जुडूम' नाम का बदनाम अभियान चला रखा है। सलवा जुडूम अभियान में दण्डकारण्य क्षेत्र की नक्सल विरोधी जनता से चुने हुए युवा को सरकार और पुलिस द्वारा हथियार दिया जाता है। इस हथियार को माओवादियों के खिलाफ उठाने के नाम पर वे भी आम जनता का दमन करते हैं। माओवादियों ने अपनी सत्ता स्थापित करने के क्रम में जनता के खिलाफ कहर बरपाया है।

ऊपर हमने छिटपुट रूप से नक्सलवादी समूहों का सर्वे किया है। जिन समूहों का उल्लेख आया है उनके अलावे जिनका नाम लेना जरूरी है वह है जनशक्ति समूह और न्यू डेमोक्रेसी समूह। ये दोनों आंध्र के हैं। सीपीआई–एमएल समूह में अनेक छोटे समूह ऐसे भी हैं जो किसी राज्य के किसी एक जिले में कुछ गाँवों में हैं। इनके टूट–टूट कर अलग–अलग बने रहने की बानगी को ये खुद इस तरह गौरान्वित करते हैं मानो रक्तबीज से भी कम्यूनिस्ट जन्म लेते हैं। परंतु वस्तुतः छोटे समूह विचार के परंपरागत लाइन को मानने में आम नक्सलवादी धारा को मानने के अलावा अपनी वैचारिक भिन्नता को भारत की बदलती हुई परिस्थिति में परिमार्जित करने में भी समर्थ नहीं हैं।

**चा**र दशक की परंपरा में बने नक्सलवादी समूहों में से आज प्रत्येक का काम चारू मजूमदार के जमाने के विश्लेषण से ही पूरा नहीं होता। कईयों ने परिस्थितियों का वस्तुनिष्ठ विश्लेषण करने की कोशिश की और इस धारा में ताजी हवा को आने दिया। इससे प्रतीत हुआ कि विचारधारा के मामले में यह 'गत्यात्मक' धारा है। इन्होंने रूस और बाद में चीन के विकास की भी निन्दा की। परंतु आम तौर पर आजतक यह धारा मूलतत्ववादी या कठमुल्ला बनी हुई है। नक्सलवादी परंपरा के कई समूह जब एक साथ बैठते हैं, तो वस्तुस्थिति से सीख कर विकसित हुई अपनी समझ का आग्रह नहीं रखते, बल्कि इसे किनारे कर देते हैं। ज्यादातर समूह एक साथ बैठने पर एक दूसरे पर एक दूसरे से ज्यादा मूलतत्ववादी होने का दावा करते हैं। इस तरह नक्सलवादी विश्लेषण का सारतत्व यह है कि 1945 की कम्युनिस्ट क्रांति के पहले के चीन की परिस्थिति आज भी भारत की परिस्थिति है। अपनी पिछड़ी हुई समझ का इजहार करते हुए पिछले 40 वर्षों से नक्सलवादी कहते आएं हैं कि भारत अर्द्ध–औपनिवेशिक और अर्द्ध–सामंती देश है। उनके अनुसार 15 अगस्त 1947 के बाद भारत आजाद नहीं हुआ। बल्कि औपनिवेशिक शासन ने भारत में अपने उन प्रतिनिधियों को शासन की कमान सौंप दी, जो आज तक साम्राज्यवाद के एजेंट के रूप में भारत में शासन कर रहे हैं। इस तरह आज भारत की व्यवस्था दलाल पूंजीपतियों (कंम्प्राडोर कैपटलिस्ट क्लास) के हाथ में है।

इसी तरह नक्सलवादी विश्लेषण 'गांधीवाद' की शव परीक्षा करने को आतुर रहता है। अपने विश्वासों में ये इतना कट्टर हैं कि अहिंसा से मिली आजादी को आजादी ही नहीं मानते। वे दक्षिण अफ्रीका सत्याग्रह में गांधी द्वारा एक गाल में झापड़ मारने पर दूसरे गाल को सामने करने की मिशाल देकर इस ओर ध्यान तक नहीं देते हैं कि 1942 में गांधी ने अंग्रेज विरोधी हिंसा के जारी रहने पर भी करो और मरो का नारा दिया था।

नक्सलवादी गांधी पर तोहमत लगाते रहते हैं कि वे सामंतवाद और पूंजीवाद के समर्थक थे। माओवाद को मार्क्सवाद का विस्तार मानने वाले नक्सलवादियों ने कभी इसका उत्तर नहीं दिया कि माओ–त्से–तुंग ने चीन की राजधानी में महज स्थानीय स्तर पर प्रभाव डालने वाले सून–यात–सेन को जबकि मार्क्सवादी प्रगतिशील व्याख्या के साथ अपनाया तब भारत के माओवादी गांधी जैसे सर्वोमान्य नेता के बारे में अनुदार कैसे रहे? नक्सलवादी विचारधारा में कभी किसी नेता ने गांधी विचार में अंतर्निहित

प्रगतिशील बातों को स्वीकार करने की कोशिश नहीं की। बल्कि गांधी को सामंतवाद और मजदूर आन्दोलन के संदर्भ में उनके पूराने वक्तव्य के साथ चस्पा कर विश्लेषित करते रहे हैं।

समाज विकास का लक्षणिक (सिम्टोमेटिक) विश्लेषण करने वाले भारत के नक्सलवादियों ने जिंबाबे–रोडेशिया और नेपाल में कम्यूनिस्टों की भूमिका की सकारात्मकता के लिये एक पैमाना और भारत के लिये दूसरा पैमाना रखा। और इस तरह उनके विश्लेषण में जिंबाबे आजाद हुआ, वियतनाम मुक्त हुआ और नेपाल में राजशाही का अंत हुआ, परंतु भारत गुलाम रह गया।

नक्सलवादी समूहों के बीच एकता प्रस्तावों में वैचारिक मसले भी 'एजेंडा' पर रहते हैं। परंतु आजादी के बाद के तीन दशकों तक भारतीय अर्थव्यवस्था अविकास के जिन गतिरोधों में था – उसमें ही वे आज तक इस देश को देख रहे हैं। वे आज भी 1945 के पहले के चीनी रास्ते के जनयुद्ध को जनता की मुक्ति की रणनीति घोषित करने की वैचारिक गलती से बंधे हुए हैं।

लेखक ने पीपुल्स वार–एमसीसी के आपसी विलय से माओवादी कम्युनिस्ट पार्टी के बनने (सितम्बर, 2004) की प्रक्रिया की दिलचस्पी के साथ 'जनमुक्ति' पत्रिका के मार्च 2005 अंक में समीक्षा की है। उस विलय के दौरान कहा गया कि माओवादी हथियारबन्द और खेतिहर जनयुद्ध चला कर पिछड़े क्षेत्रों में आधार इलाका बनाएँ। विलय प्रक्रिया में उनकी साझा समझ यह जाहिर हुई कि खेतिहर जनयुद्ध का विस्तार शहरों को घेरने और अंततः इसका अधिग्रहण करने में होगा। माओवादी कम्यूनिस्ट पार्टी की केन्द्रीय जिम्मेदारी होगी जनता की सेना बनाना। पार्टी और सेना के इर्द–गिर्द अन्य खुली गतिविधियाँ केन्द्रीय जिम्मेदारी का समर्थन करने के लिए होंगी। इस तरह मास लाइन, खुले मोर्चे पर संयुक्त मोर्चा बना कर काम करना माओवादियों के लिए दूसरी पंक्ति का सुरक्षा घेरा बनाने जैसा है।

नक्सलवादी कम्युनिस्ट मार्क्स–ऐंगल्स के बाद रूसी क्रांति के नायक ब्लादीमीर इलीच लेनिन को और चीनी जन क्रांति के नायम माओ–त्से–तुंग को एक धारावाहिकता में रखने के लिए उनके मूल तत्व का कठमुल्ला इस्तेमाल करते हैं। रूस में जारों की हिंसा थी, जारों का शासन मध्ययुगीन था। हालांकि जारों के काल में ही भूमि सुधार कार्यक्रमों द्वारा भूस्वामियों की जमीन बहुत हद तक जनता में वितरित कर दी गई थी। इसके बाद मध्ययुगीन शैली के हिंसक संघर्ष में चीन में मौजूद युद्ध सरदारों से कम्यूनिस्टों ने आर–पार की लड़ाई जीती थी। इसके बाद अन्य कई देश में लाल पताका लहरा। परंतु सत्ता और हिंसा – दोनों पर आत्यंतिक (सरप्लस) निर्भरता की वजह से धीरे–धीरे पूरी दूनिया में कम्यूनिस्ट लाल झंडा मलिन और फीका पड़ता जा रहा है। आज भारत का नक्सलवादी आंदोलन उन विफलताओं के बारे में कोई भी मौलिक समीक्षा के बगैर उन्हीं रास्तों में फेरबदल कर समाज पर उतारने की हेठी कर रहा है। उनके दुराग्रह उन्हें प्रभावहीन बना रहे हैं। उनकी हिंसा राज्य हिंसा को औचित्य प्रदान कर रही है। इस तरह दोनों एक दूसरे को मजबूत कर रहे हैं। इसका अंतिम परिणाम दो तरह का है। एक तो नक्सलवादी नैतिक अपील घट रही है। दूसरे राज्य द्वारा आतंकवाद के खिलाफ घोषित प्रचार में नक्सलवादी कटघरे में फंस जा रहे हैं।

भारत की आजादी और दुनियाँ के अन्य देशों में औपनिवेशिक शासन से मुक्ति के मामले में नक्सलवादी दृष्टिकोण जिस तरह अंतविरोधों से भरा हुआ है, उसी तरह भारत में जनतंत्र के बारे में उनकी भूमिका अंतर्विरोधी है। जनतांत्रिक व्यवस्था में मौजूद छिद्रों का लाक्षणिक विश्लेषण करते हुए नक्सलवादी अपनी लड़ाई की युक्ति का निर्धारण करते हैं। वास्तव में जनतांत्रिक और कल्याणकारी कही जाने वाली शासन व्यवस्था का जनता पर ज्यादा गहरा नियंत्रण होता है। जनतांत्रिक शासन अपने कल्याण कार्यक्रमों के माध्यम से दूरस्थ भाग तक पहुँच और जनता के कमजोर–से कमजोर हिस्से तक अपनी पकड़ बनाए रखती है। नक्सलवादी–युद्ध–नीति में जनतांत्रिक कही जाने वाली परंपराओं को स्वीकार करने की गुंजाइश काफी कम है। क्षेत्रीय असंतुलन की वजह से कल्याणकारी कही जाने वाली शासन व्यवस्था की पकड़ से परे रह गए इलाके नक्सलवादियों के लिए अनुकूल होते हैं।

नौकरशाही, अर्थात शासन की प्रशासनिक संरचना को भारत के दूरस्थ इलाकों में नक्सलवादियों की उपस्थिति को स्वीकार करने में कोई दिक्कत नहीं है। नौकरशाही पूरी तरह से अनुत्पादक, अनुत्तरदायी, भ्रष्ट और मोटी चमड़ी वाली जमात है। वर्ग के रूप में नौकरशाही नक्सलवादियों के द्वारा एक तरह से संरक्षित हैं। नक्सलवादी हिंसा की वजह से नागरिक और पुलिस प्रशासन की स्वेच्छाचारिता और लूट के अवसर घटते नहीं हैं। बल्कि कई जगह एमसीसी जैसे समूह राज्य के विकास कार्यक्रमों में कमीशन और लेवी लेकर हर स्तर पर व्याप्त कमीशनखोरी को औचित्य देते हैं। शासन के सभी पाऐ – न्यायपालिका, कार्यपालिका या विधायिका नक्सलवादियों के प्रहार से निरापद हैं। बल्कि सुरक्षा के नाम पर ये अपनी सुविधा और अपनी हैसियत

बढ़ाते ही जा रहे हैं।

वास्तविक अर्थों में जहाँ कहीं भी नक्सलवादी निर्णायक संघर्ष में उतरे हैं, उन इलाकों की जनता में बाद में वे अपनी मौजूदगी भी नहीं रख पाए हैं। इलाका बदल की रणनीति और स्थानीय परिस्थितियों से जद्दोजहद में उनकी मौजूदगी हमेशा ही बदलती रहती है। एमसीसी ने त्रिपुरा से बदल कर अपनी पकड़ बिहार में बनाई। पीपुल्स वार और एमसीसी के विलय के पहले इन दोनों के आधार इलाके क्रमशः बिहार–झाड़खण्ड और आंध्र में थे। आज ये यहाँ का जनाधार खोते जा रहे हैं। हालांकि आज भी बिहार–झाड़खण्ड या आंध्र में इन समूहों की उपस्थिति इस रूप में दिखती है कि ये पुलिस बल, नागरिक ठिकानों–स्कूल और रेलवे पर अपने डायनामाइट के बूते पर गरज बरस रहे हैं। परंतु इन्हें भी स्पष्ट है कि इस तरह ये अपनी मौजूदगी या बढ़त की घोषणा तो कर सकते हैं लेकिन अपने लिए इलाका निर्माण नहीं कर सकते।

पश्चिम बंगाल में सिंगूर और नन्दीग्राम में जिस तरह शासन और शासक दल ने जनता के खिलाफ जुल्म ढाया और बेनकाब हुए उसका परिणाम है कि लालगढ़ के जन विद्रोह के पीछे माओवादियों की मौजूदगी की सराहना हो रही है। परंतु माओवादियों की खुद लालगढ़ इलाके में मौजूदगी जन प्रतिरोध में उनके साझा करने मात्र से कायम नहीं रह सकती। बल्कि जिस चेतना की बदौलत वो जनता के साथ लगातार तादात्म्य बनाये रख सकते हैं – उस जनतांत्रिक चेतना का इस धारा में काफी अभाव है।

बन्दूक और दस्तों पर इनकी निर्भरता के अपने नियम हैं। आधार इलाकों में कालक्रम में उनका हिंसा और प्रतिहिंसा के निरर्थक खेल में फंसना प्रायः अपरिहार्य हो जाता है। हथियारों से लैस इनके दस्ते लगातार भ्रष्ट और जनता के खिलाफ आक्रामक हो जाते हैं। युद्ध में उतरे 'गुरिल्ला' तरीके से कार्यवाई कर रहे दस्तों से लैस समूहों की एक बड़ी समस्या यह है कि उन्हें अपने हथियारबन्द दस्तों में से बराबर छंटनी करनी पड़ती है। कइयों के लिए वो सजा का एलान किए रहते हैं। इस तरह उनके ही लोग पुलिस की मुखबीरी करते हैं। बिहार और झाड़खण्ड में माओवादियों के बीच से निकले लोगों ने आपस में मिलकर संगठन तक बनाए हैं। इनकी माओवादियों के साथ हिंसक झड़पें होती रहती हैं।

विभिन्न नक्सलवादी समूहों के हथियार आपस में एक दूसरे से टकराते हैं। पीपुल्स वार और एमसीसी जब एक दूसरे के प्रतिस्पर्धी थे, तब इनकी आपस में मारकाट हुई थी। इसी तरह एमसीसी के हथियार चुनाव में उतर आए नक्सली समूह लिबरेशन के खिलाफ उठे थे। लिबरेशन पर एमसीसी ने पुलिस की मुखबीरी के कई आरोप लगाए थे – जिसकी वजह से पुलिस ने एमसीसी के लोगों की हत्याएँ की थीं। इस तरह की हिंसा प्रतिहिंसा में बिहार–झाड़खण्ड में 100 से अधिक जानें गई थीं। पीपुल्सवार –एमसीसी के विलय का सम्मेलन सितंबर 2004 में किसी गुप्त ठिकाने पर धूम–धाम से हुआ था। उस आयोजन में एक समय पार्टी का झंडा उन शहीदों के नाम से झुकाया गया जिनकी हत्या दोनों समूहों ने एक दूसरे के खिलाफ की थी।

हिंसा से क्रांति शीघ्र और संपूर्ण होती है – आधुनिक इतिहास ने पूरी दुनियाँ में इसे झुठलाया है। 'दस दिन जब दुनियाँ हिल उठी' (टेन डेज दैड शुक द वर्ल्ड) जैसी किताब अब दुबारा रची जाए और वह आवेग पैदा करे, जैसा कि रूसी क्रांति के बाद हुआ – यह दुबारा संभव नहीं जान पड़ता।

## उपसंहार

हिंसा प्रतिहिंसा के दुष्चक्र में नक्सलवादी समूहों की उपस्थिति और इनके क्षरण की समीक्षा ऊपर की गई है। दरअसल नक्सलवादी राजनीति अपनी आक्रामक क्षमता में जिस तरह दिखलाई दे रहे हैं, उससे सरकार और मीडिया दोनों के लिए आज ये महत्वपूर्ण बने हुए हैं। परंतु इस वजह से इस वस्तुस्थिति पर पर्दा नहीं पड़ता है कि वे सिकुड़ रहे हैं। हो सकता है आगे भी उनका फैलाव दिखे। अत्याधुनिक हथियारों में हो सकता है वो पुलिस बल को मात दें। हो सकता है कहीं उनकी हैसियत गृह–युद्ध की स्थिति बनाने तक की हो जाए। और यह भी संभव है कि जैसा कि अभी कहा जाता है कि माओवादी समूह के पास 1,000 राइफल हैं – उनकी संख्या दोगुनी हो जाए। परंतु जिस राजनीति से अभी तक नक्सलवादी राजनीति अपनी सैनिक सामर्थ्य पर नियंत्रण बनाए रख रहे हैं – कालक्रम में यह इतने काम भर की भी नहीं रह जाए। जिन इलाकों में इन्होंने जनता की आकांक्षा बढ़ाई है – उस जनता को आगे नेतृत्व देने के लिए कार्यक्रम, दर्शन और राजनीति के अभाव में वे आगे बढ़ने का भ्रम पैदा कर सकते हैं। परंतु वस्तुतः यह उनका क्षरण ही है। इस तरह ये अपनी नैतिक अपील को गंवाते ही चले जाने वाले हैं। इनका सिकुड़ना अपरिहार्य है। ■

*(એલ/૧૬૪, રોડ નંબર ૨૩, કૃષ્ણા નગર, પટના, બિહાર)*

# ભારતીય સંઘમાં હૈદ્રાબાદનું વિલીનીકરણ : સરદારની ભૂમિકા

**પ્રા. ગજેન્દ્રસિંહ પી. જાડેજા**

સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેના લાંબા સંઘર્ષને અંતે બ્રિટીશરોને અનિચ્છાએ 'હિંદ સ્વાતંત્ર્ય ધારો' ઘડવાની ફરજ પડી. આ ધારામાં સ્વતંત્ર થતાં નવોદિત ભારત માટે નવી સમસ્યા જન્મે એવી બાબત પણ હતી. 'હિંદ સ્વાતંત્ર્ય ધારા'માં હિન્દુસ્તાનનાં દેશી રાજ્યો ભારતીય સંઘ કે પાકિસ્તાનમાં જોડાઇ શકે અને ઇચ્છે તો સ્વતંત્ર પણ રહી શકશે, એમ જણાવ્યું હતું. આ બાબતનો કેટલાંક દેશી રાજ્યોએ પોતાની અનુકૂળતા મુજબ અર્થ કરી ભારતીય સંઘની એકીકરણની પ્રક્રિયાને વિલંબમાં નાખવા પ્રયાસ કર્યા.

૩ જૂન ૧૯૪૭ના રોજ લોર્ડ માઉન્ટ બેટને જાહેરાત કરી કે ૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ની મધ્યરાત્રીએ હિન્દુસ્તાનને આઝાદ કરવામાં આવશે. તેના એક મહિના પછી હિન્દુસ્તાનનું એકીકરણ કરી એકસૂત્રતાથી જાળવી રાખવાના હેતુસર હિન્દુસ્તાનનાં ૫૬૨ દેશી રાજ્યોને માટે ૫મી જુલાઇ ૧૯૪૭ના રોજ એક અલગ રિયાસતી ખાતાની રચના કરવામાં આવી અને તેની જવાબદારી સરદાર પટેલને સોંપવામાં આવી. સરદારે સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન અને સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી પણ દેશની વિકટ સમસ્યાઓના ઉકેલ માટે પોતાની શ્રેષ્ઠતમ શક્તિ કામે લગાડી હતી.

જાહેરક્ષેત્રના આગેવાનો માટે બે શબ્દો પ્રચલિત છે - પોલિટીશિયન અને સ્ટેટસમેન, જેમાં પોલિટીશિયન રાજકીય કાવાદાવામાં રાચે છે અને સ્ટેટસમેન જે તે રાષ્ટ્રની ભાવિ પેઢીના ઘડતરની ચિંતામાં રહેતો હોય છે.

સરદાર આવા સ્ટેટસમેન હતા. તેઓ રાષ્ટ્રહિત અને લોકહિતને કેન્દ્રમાં રાખીને નિર્ણયો કરતા. દૃઢ મનોબળ ધરાવનારા ક્રાંતિકારી મૌલિક વિચારોના માલિક હતા. તેમના વિચારોની અભિવ્યક્તિની શૈલી આક્રમક હોવા છતાં તેમાં વાણીવિલાસ કે ચાલાકીને કોઇ સ્થાન ન હતું. આ ગુણોને કારણે માઉન્ટ બેટને સરદારને એક પત્રમાં વિશ્વાસ સાથે લખ્યું હતું : ''તમારા ટેકાને કારણે જવાહરલાલ નિષ્ફળ નહીં જ નીવડે. તમે એકવાર નિશ્ચય કરી લો પછી તમારી સામે ઊભો રહી શકે એવો એક પણ માણસ ભારતમાં નથી તમે એમને ટેકો આપવા સમર્થ છો તે સૌથી મહત્ત્વની બાબત છે.'' માઉન્ટ બેટને વ્યક્ત કરેલા વિશ્વાસને નહેરુ સાથે કેટલીક બાબતોમાં મતભેદ છતાં સમર્થન આપીને સાર્થક કર્યો. અને સંભાળેલી જવાબદારી હિંમત અને નિષ્ઠાપૂર્વક બજાવતા રહ્યા. પરિણામે મોટાભાગનાં દેશી રાજ્યોનું વિલીનીકરણ ટૂંકા સમયગાળામાં ભારતીય સંઘમાં કરવામાં સફળ રહ્યા. આ અંગે ગાંધીજીએ કહ્યું હતું, રાજ્યોનું વિલીનીકરણ એ તો અપચાથી પીડાતા બાળકને એરંડિયાનો જુલાબ આપવા જેવું છે. આવું કરવાથી છેવટે તો રાજાઓનું જ હિત થયું છે, હાથ પગ બાંધીને અથવા બંદૂકની અણીએ એરંડિયું પાવાનું અઘરું નથી. પણ સરદાર રાજવીઓને રાજીખુશીથી અને સમજાવટથી સ્વતંત્ર ભારતનો હિસ્સો બનાવવા માંગતા હતા. કેટલાક કિસ્સાઓમાં તેમણે  દબાણ કર્યું. પરંતુ એ પણ એરંડિયું પીવડાવવા દીકરાને પગ વચ્ચે જકડતી 'મા' જેવું હતું, આ ભારતીય દેશી રાજ્યોના વિલીનીકરણમાં સરદારની કુનેહ, માઉન્ટબેટનની શેહ, વી.પી.મેનનની વહીવટી કુશળતા અને રાજવીઓનો સહકાર સાંપડતાં ૧૪મી ઓગસ્ટ ૧૯૪૭ની મધ્યરાત્રી પૂર્વે સફળતાપૂર્વક આ કાર્ય પૂર્ણ થઇ શક્યું છતાં પણ કાશ્મીર , હૈદ્રાબાદ, જૂનાગઢ અને તેની બગલમાં આવેલાં માંગરોળ, માણાવદર અને કુતિયાણા સિવાયનાં રાજ્યોનો ભારતીય સંઘ રચાયો.

૩ જૂન ૧૯૪૭ના રોજ અંગ્રેજ સરકારે હિન્દુસ્તાનને સત્તાની સોંપણીની જાહેરાત કરતાંની સાથે જ હૈદ્રાબાદના નિઝામ મીર ઉસ્માનઅલી ખાને પણ ૧૧મી જૂને જાહેરાત કરી કે હૈદ્રાબાદ રાજ્ય ભારત કે પાકિસ્તાન આ બંનેમાંથી કોઇની પણ બંધારણસભામાં પોતાનો પ્રતિનિધિ નિયુક્ત કરશે નહીં અને ૧૫મી ઓગસ્ટ ૧૯૪૭થી હૈદ્રાબાદ રાજ્ય સ્વતંત્ર સાર્વભૌમ રાજ્ય બની જશે. પરંતુ નિઝામની આ જાહેરાત હિંદ સ્વાતંત્ર્ય ધારાની કલમ ૭ ની વિરુધ્ધ હતી. તેથી આ ગેરસમજને દૂર કરવા લોર્ડ માઉન્ટ બેટનને સ્પષ્ટતા કરવી પડી કે હિંદનાં રાજ્યો કાં તો હિંદીસંઘ અથવા તો પાકિસ્તાન સાથે જોડાવાનું પસંદ કરી શકશે પરંતુ કોઇ રાજયનું સ્વતંત્ર અસ્તિત્વ નહીં રહે-આ જાહેરાતથી નિઝામની મુશ્કેલી વધી.

નિઝામના પૂર્વજોનો ઇતિહાસ પણ જાણવા જેવો છે. નિઝામના પૂર્વજને ઔરંગઝેબના સમયમાં દક્ષિણના આ પ્રદેશના વહીવટનો ઠેકો પ્રાપ્ત થયો હતો. મોગલ રાજ્યનું પતન થવા લાગ્યું ત્યારે નિઝામના પૂર્વજ અસફ જાહી સુબાની સત્તામાં વધારો થવા લાગ્યો અને નિઝામ બન્યા. નિઝામ મીર ઉસ્માનઅલી ખાન તે આ વંશના સાતમા નિઝામ હતા. હૈદ્રાબાદ હિન્દુસ્તાનનાં દેશી રજવાડાઓમાં મોટાં રાજ્યોમાંનું એક હતું. તેનું ક્ષેત્રફળ ૨,૧૩,૨૦૦ ચો.કિ.મી. હતું. તેની વસ્તી ૧ કરોડ ૬૦ લાખ હતી. તેમાં ૮૬ ટકા હિન્દુઓ, ૧૨.૫ ટકા મુસ્લિમો, ૧૫ ટકા

ખ્રિસ્તીઓ અને અન્ય પ્રજા હતી. હૈદ્રાબાદ રાજ્યના ૧૬ જિલ્લાઓમાંથી ૮ જિલ્લા તેલુગુ ભાષી, ૫ મરાઠી ભાષી અને ૩ કન્નડ ભાષી હતા. તેમાં ૭૦ લાખ તેલુગુ, ૪૦ લાખ મરાઠી અને ૨૦ લાખ લોકો કન્નડ ભાષા બોલતા હતા. બહુ થોડા લોકો અને રાજવી પરિવારમાં જ ઉર્દૂ ભાષા બોલાતી. તેમ છતાં હૈદ્રાબાદ રાજ્યની સત્તાવાર ભાષા ઉર્દૂ અને પર્શિયન હતી. રાજ્યની એક માત્ર કોલેજ મદ્રાસ યુનિવર્સિટીના ઉપક્રમે તેલુગુ ભાષામાં શિક્ષણ આપતી હતી. હૈદ્રાબાદ રાજ્યમાં શિક્ષણનું પ્રમાણ નહિંવત્ હતું. આવા હૈદ્રાબાદ રાજ્યની વાર્ષિક આવક ૨૬ કરોડ રૂપિયાની હતી. અને નિઝામની અસ્કયામતો ૮૦૦ કરોડની હતી. તેઓની સત્તા અને સંપત્તિની લાલચને કારણે ભારતીય સંઘમાં જોડાવામાં મૂંઝવણ અનુભવતા હતા.

બીજી બાજુ માઉન્ટબેટનના મતે ફક્ત ભૌગોલિક રીતે જ નહીં પરંતુ ઐતિહાસિક, ભાષાકીય રીતે, સંસ્કાર અને પ્રજાજીવનની દૃષ્ટિએ હૈદ્રાબાદ ભારતનો એક અવિભાજ્ય ભાગ હતો. અને વાસ્તવિક સ્થિતિ એ હતી કે રાજ્યની ચારે બાજુ હિંદીસંઘની સરહદો હતી. હૈદ્રાબાદના પાકિસ્તાન સાથેના જોડાણથી રાજ્યના વાહનવ્યવહાર અને વેપારની પ્રવૃત્તિઓ અટકી જાય અને સમસ્યાઓ વધે, સ્વતંત્ર રહી શકાય નહીં તેથી નાછૂટકે હિંદીસંઘમાં જોડાવું પડે એવી સ્થિતિ સર્જાઇ હતી. આ ભારતીય સંઘ અને હૈદ્રાબાદ રાજ્યનો અનુબંધ છતાં નિઝામ એ સ્વીકારવા તૈયાર ન હતા.

હૈદ્રાબાદમાં ભારત સરકારના એજન્ટ જનરલ તરીકે સરદારે ક.મા.મુનશીની પસંદગી કરી નિમણૂક કરી હતી. તો બીજી બાજુ નિઝામ સાથે સમજૂતિ સાધવા માટે લોર્ડ માઉન્ટ બેટનને કેટલીક છૂટછાટ પણ આપી હતી. તેમાં સરદારનો માત્ર આગ્રહ હતો કે હૈદ્રાબાદની સમસ્યા ભારતની જ રહેવી જોઇએ, તેમાં પાકિસ્તાનને દરમિયાનગીરીનો અવકાશ ન મળવો જોઇએ. આ શરતને આધિન નિઝામ કે તેના પ્રતિનિધિ સાથે માઉન્ટ બેટન ઇચ્છે ત્યારે વાટાઘાટ ચલાવી શકે.

નિઝામના વકીલ મોંકટને એવી દરખાસ્ત રજૂ કરી કે નિઝામ જોડાણખત પર નહીં પરંતુ મૈત્રીખત પર સહી કરી આપે. આ દરખાસ્ત માઉન્ટ બેટનને પણ પસંદ પડી હતી. પરંતુ સરદારે તેનો અસ્વીકાર કરતાં કહ્યું કે આવી દરખાસ્ત સ્વીકારવાથી બીજાં રાજ્યો સાથે વિશ્વાસઘાત કર્યો ગણાશે અને જોડાણખત સ્વીકારવાનો દૃઢ આગ્રહ રાખ્યો હતો. છતાં પણ માઉન્ટ બેટનની મધ્યસ્થિથી સંધિ માટેની વાટાઘાટોનો દોર ચાલુ રાખ્યો હતો. બરાબર તે સમયે જ નિઝામે મહમદઅલી ઝીણા પાસે સર ઝફરૂલ્લાખાનની સેવા માગી અને માઉન્ટ બેટનને સર સુલતાન દ્વારા એક પત્ર મોકલ્યો. તેમાં ધમકી રૂપે જણાવ્યું કે ભારત સાથે જોડાણની વાટાઘાટો તૂટી પડશે તો પાકિસ્તાન સાથે પત્રવ્યવહાર કરીશ.

૨૫મી નવેમ્બર ૧૯૪૭ના રોજ નિઝામ અને હૈદ્રાબાદ રાજ્યની કાઉન્સિલે એક પત્રમાં જણાવ્યું કે હિંદીસંઘ બ્રિટિશ સમૂહતંત્રમાંથી અલગ થાય તો નિઝામને ફરીથી નિર્ણય કરવાનો અધિકાર રહેશે. તેમાં બીજી બાબત એ હતી કે જો પાકિસ્તાન અને હિન્દુસ્તાન વચ્ચે સંઘર્ષ થાય તો હૈદ્રાબાદ તટસ્થ રહેશે. તેમજ ભારત સરકાર રક્ષણ, પરારાષ્ટ્ર સંબંધ અને વાહન વ્યવહારનાં સાધનો હૈદ્રાબાદ સરકાર વતી સંભાળે પરંતુ ભારત સરકાર હેદ્રાબાદમાં સૈન્ય મોકલી ન શકે. આવી શરતો સાથેની સંધિનો સ્વીકાર થયો. તેની જાણ ૨૯મી નવેમ્બરના રોજ સરદારે સંસદમાં કરી. બીજો અંગત પત્ર નિઝામે માઉન્ટબેટનને લખ્યો. તેમાં વચન અને વિશ્વાસ આપતાં જણાવ્યું હતું કે હૈદ્રાબાદ પાકિસ્તાન સાથે જોડાશે નહીં. આ પ્રકારની સંધિ અને બાંહેધરી આપવા છતાં નિઝામે હૈદ્રાબાદમાં બે પ્રકારના વટહુકમ બહાર પાડ્યા. એક કિંમતી વસ્તુઓની હૈદ્રાબાદમાંથી ભારતમાં નિકાસ કરવાની મનાઇ ફરમાવવામાં આવી. બે, ભારતીય ચલણને હૈદ્રાબાદમાં અમાન્ય ઠરાવવામાં આવ્યું. આ બંને વટહુકમ ભારત સરકાર અને હૈદ્રાબાદ રાજ્ય વચ્ચે થયેલી સંધિની વિરુદ્ધ હતા. તો બીજી બાજુ નિઝામે અમેરિકાના પ્રમુખને આ સમસ્યામાં દરમિયાનગીરી કરવા વિનંતી કરી. પરંતુ તેમાં સકારાત્મક પ્રતિભાવ મળ્યો નહીં. તો હૈદ્રાબાદ રાજ્યના વડાપ્રધાન મીર લાયકઅલીએ આ પ્રશ્નને યુ.એનમાં લઇ જવાની એક યોજના તૈયાર કરી. તે માટે મોઇનનવાઝ જંગના નેતૃત્વ નીચે એક પ્રતિનિધિ મંડળ કરાંચી ગયું. ત્યાંથી અમેરિકા જઇ યુ.એન.ની સલામતી સમિતિ સમક્ષ આ પ્રશ્ન રજૂ કર્યો. તેમાં પાકિસ્તાનનું માર્ગદર્શન અને મદદ નિઝામને મળતા હતા તેની પાછળનું કારણ પાકિસ્તાન આ પ્રશ્નને હૈદ્રાબાદ અને ભારત પૂરતો મર્યાદિત રાખવાને બદલે આંતરરાષ્ટ્રીય મંચ પર લઇ જવા ઇચ્છતું હતું. આમ કરીને પ્રત્યક્ષ કે પરોક્ષ પોતાની સામેલગીરી શક્ય બને અને આ પ્રશ્નને ભારત હૈદ્રાબાદ અને પાકિસ્તાન એમ ત્રિ-પક્ષી બનાવી શકાય. જે નિઝામ સમજવા તૈયાર ન હતા પરંતુ સરદાર બરાબર જાણતા હતા.

નિઝામે ભારત સરકાર સાથે વાટાઘાટો લંબાવીને સમય મેળવવાની નીતિ અપનાવી. સાથોસાથ આ મળેલા સમયમાં યુદ્ધની તૈયારી પણ શરૂ કરી દીધી. રઝાકાર કાસિમ રઝવીની સલાહથી હથિયારો ખરીદવા માટે એક ઝેકોસ્લોવેકિયન કંપનીને ૩૦ લાખ પાઉન્ડનાં શસ્ત્રોનો ઓર્ડર આપ્યો. મીર લાયકઅલી પાકિસ્તાનની સલાહ અને ઇચ્છા મુજબ વિદેશોમાં પોતાના પ્રચારકો દ્વારા ભારતની વિરુદ્ધ અને હૈદ્રાબાદની તરફેણમાં પ્રચાર વધારતા રહ્યા. વિમાનો દ્વારા યુદ્ધ સામગ્રી ઠલવાતી જાય અને રાજ્યના જનઆંદોલનને અત્યાચારો દ્વારા દબાવવાની અરાજકતાવાદી નીતિ નિઝામ અને તેના વહીવટકર્તાઓએ અપનાવી.

રાજ્યની પોલીસ, રઝાકારો અને સામ્યવાદીઓએ એકીસાથે મળીને રાજ્યમાં લૂટફાટ અને અત્યાચારો આચરીને અરાજકતાનું સામ્રાજ્ય સ્થાપી દીધું.

કાસિમ રઝવીના ૧૮૦૦૦ રઝાકારોએ હિંસક સંઘર્ષ ચલાવ્યો તેમાં ૪૦૦૦ લોકો માર્યા ગયા. આ અત્યાચારોથી દ્રવિત થઇને નિઝામની કારોબારીના સભ્ય જે.વી. જોશીએ રાજીનામું આપ્યું. રાજીનામું આપતાં તેઓએ જણાવ્યું કે રાજ્યની પોલીસ રઝાકારો અને સામ્યવાદીઓ સાથે મળી ગઇ તેથી લૂંટ કરવી, આગ લગાડવી, અપહરણ કરવું, હત્યા કરવી અને સ્ત્રીઓ પર બળાત્કારનાં કુકર્મો ખૂબ જ વધી ગયાં. આથી રાજ્યની હિંદુ પ્રજા નિરાશ થઇ રાજ્યની બહાર સ્થળાંતર કરવા લાગી. આ પરિસ્થિતિ હૈદ્રાબાદની પ્રજા અને ભારત સરકાર માટે અસહ્ય અને તનાવપૂર્ણ હતી. ભારત સરકાર સાથે નિઝામે કરેલી સંધિના ભંગ સમાન હતી તેથી પ્રજાને અત્યાચારમાંથી મુક્ત કરવા પોલીસ પગલું ભરવા સિવાય ભારત સરકાર પાસે બીજો કોઇ વિકલ્પ રહ્યો ન હતો. આ પરિસ્થિતિએ પોલીસ પગલું ભરવાની યોજના વિચારવા સરદારને મજબૂર બનાવ્યા.

વી.પી. મેનને પોતાના અનુભવને આધારે નોંધ્યું છે કે મહાન નેતાઓ બે પ્રકારના હોય છે. નેપોલિયન જેવા નેતાઓ નાનામાં નાની બાબતથી વાકેફ અને નિપૂણ હોય છે. તેમની નીતિ અને નિર્ણયો નક્કી હોય છે. એમને આ નીતિનો અમલ કરાવનાર માણસોની જ જરૂર હોય છે. બીજા સરદાર જેવા નેતા હોય છે. સરદાર ક્યારેય પોતે બધું જાણે છે એવો દાવો કરતા નહીં બલકે, ચુનંદા તજજ્ઞો સાથે નિખાલસતાપૂર્વક પૂર્ણ ચર્ચા વિચારણા કર્યા સિવાય ક્યારેય નિર્ણય લેતા ન હતા. એક વખત નીતિ વિષયક નિર્ણય લેવાઇ જાય તે પછી એ ટકોરા મારીને પસંદ કરેલા પોતાના માણસો પર તેના અમલનું કામ છોડી દેતા હતા અને તેમની પર પૂરેપૂરો વિશ્વાસ રાખતા. તેની પ્રતીતિ હૈદ્રાબાદના પ્રશ્ને સરદારે સમગ્ર દેશને કરાવી. આ પ્રશ્નના ઉકેલ માટે સરદારે સંરક્ષણ સચિવ એચ.એમ. પટેલ અને લેફ્ટનન્ટ જનરલ મહારાજ શ્રી રાજેન્દ્રસિંહજી જાડેજાને સાથે રાખીને એક યોજના તૈયાર કરી, જેનું મહારાજ શ્રી રાજેન્દ્રસિંહજી જાડેજાએ 'ઓપરેશન પોલો' એવું સાંકેતિક નામ આપ્યું હતું.

સરદાર હૈદ્રાબાદના નિઝામના રજવાડાને કેન્દ્રના હૃદયના અલ્સર સમાન ગણતા હતા. પૂર્વ અને પશ્ચિમ પાકિસ્તાનની લગભગ વચ્ચે હૈદ્રાબાદ હોવાથી સરદાર તેને ઝડપથી ભારતીય સંઘમાં સમાવવા ઇચ્છતા હતા. હૈદ્રાબાદની પરિસ્થિતિ પણ વણસતી જતી હતી અને હાથમાંથી સરકતી જતી હતી. તેથી સરદારે તેના ઉકેલની યોજના પણ તૈયાર કરી લીધી હતી. તેમ છતાં નિર્ણયના અમલમાં વિલંબ થતો હતો. તે અંગે દુર્ગાદાસે નોંધ્યું છે કે પરિસ્થિતિની ગંભીરતા પારખીને સરદારે બે વખત હૈદ્રાબાદમાં લશ્કર મોકલવાનો નિર્ણય કર્યો. પરંતુ બંને વખત ભારે રાજકીય દબાણને કારણે નિર્ણય મોકૂફ રાખવા પડ્યા. ત્રીજી વખત નિર્ણય લીધો ત્યારે નિઝામે ગવર્નર જનરલ સી.રાજગોપાલાચારીને વિનંતી કરીને મુદત વધારી આપવા કહ્યું. સી. રાજગોપાલાચારી અને નહેરુની દરમિયાનગીરીને કારણે સરદાર ચૂપ રહ્યા પરંતુ છેવટે ૧૩મી સપ્ટેમ્બર ૧૯૪૮ના રોજ સરદારે લશ્કરને ટૂંકો આદેશ આપ્યો : કૂચ કરો, બધાનું રક્ષણ કરો, વિરોધને કચડી નાંખો. મેજર જનરલ જે. એન. ચૌધરીની આગેવાની નીચે હૈદ્રાબાદ પર પોલીસ પગલું ભરવામાં આવ્યું. તેમાં સાથે કે.પી.કેન્ડેથ પણ હતા. ૧૭ મી સપ્ટેમ્બરે હૈદ્રાબાદના લશ્કરે શરણાગતી સ્વીકારી. ૧૮મી સપ્ટેમ્બરે મેજર જનરલ જે. એન. ચૌધરીએ હૈદ્રાબાદનો કબજો સંભાળ્યો અને ભારત સરકારના એજન્ટ જનરલ ક.મા.મુનશીને નિઝામની નઝરકેદમાંથી મુક્ત કરવામાં આવ્યા. નિઝામ મીર ઉસ્માનઅલી ખાનને વિલીનીકરણના દસ્તાવેજમાં સહી કરવાની ફરજ પડી અને નિઝામે ભારતીય સંઘમાં જોડાવાનું સ્વીકાર્યું. ૨૩મી સપ્ટેમ્બરે નિઝામે યુ.એન.ની સલામતી સમિતિને તાર કરી હૈદ્રાબાદની ફરિયાદ પાછી ખેંચી લીધી. તેનો પાકિસ્તાને વિરોધ કર્યો. પરંતુ તે પહેલાં આ પ્રશ્નનો અંત આવી ચૂક્યો હતો.

હૈદ્રાબાદના પ્રશ્ને સરદારે પોલીસ પગલું ભરવાનો નિર્ણય એવા સમયે કર્યો અને ઝડપી અમલ કર્યો કે યુ.એન.ની સલામતી સમિતિ બર્લિનની સમસ્યામાં રોકાયેલી હતી. તે હૈદ્રાબાદનો પ્રશ્ન ચર્ચે તે પહેલાં જ તેનો ઉકેલ લાવી દીધો. બીજી બાબત એ હતી કે સરદાર આ પ્રશ્ન અંગે શરૂઆતથી જ માનતા હતા કે આ પ્રશ્ન માત્ર ભારત પૂરતો જ રહેવો જોઇએ, અન્યની દરમિયાનગીરીને કોઇ સ્થાન ન રહેવું જોઇએ. તેમણે પોતાની આ માન્યતાને સાચી ઠરાવી હતી. હૈદ્રાબાદના સફળ ઓપરેશન પછી ક.મા.મુનશીએ સરદારને લખ્યું હતું, તમારો વિશ્વાસ અને ઇશ્વરકૃપાથી મારી લાજ રહી ગઇ. જો આમાં મને નિષ્ફળતા મળી હોત તો મારું જાહેરજીવન પૂરું જ થઇ જવાનું હતું.

સરદારની સપષ્ટ સમજ હતી કે સરકાર પર સમસ્યાઓનો કાબૂ હોય તેના કરતાં સમસ્યાઓ પર સરકારનો કાબૂ હોવો જોઇએ. આપણી સરકાર આટલી સમજ કેળવે તો હિન્દુસ્તાનની દરેક સમસ્યાનો ઉકેલ લાવી શકાય અને તે જ સરદારને સાચી વિરાંજલિ આપી ગણાશે. ■

*(રાજ્યશાસ્ત્ર વિભાગ, શામળદાસ આર્ટ્સ કોલેજ,*
*ભાવનગર-૩૬૪૦૦૨)*

# પોલીસ સત્તાનું વિભાજન

## અશ્વિનકુમાર ન. કારીઆ

મેકાઈવલી, જહોન સ્ટુઅર્ટ મિલ, સી.કે. એલન જેવા રાજ્યશાસ્ત્રીઓએ વર્ણવેલા શાસનના નિયમાનુસાર મોટાભાગનાં લોકશાહી રાષ્ટ્રોમાં વહીવટ થઈ રહ્યો છે. રાજ્ય શાસનનાં ત્રણ અંગો સંસદ, ન્યાયતંત્ર અને કારોબારી. આ ત્રણમાં સર્વોપરી કોણ? તે વિવાદમાં ન પડીએ. પરંતુ વર્તમાન કાળમાં જ નહીં, લોકશાહીનું અસ્તિત્વ હતું નહીં ત્યારથીયે રાજ્યની પ્રાથમિક અને સૌથી મહત્ત્વની જવાબદારી પ્રજાના જાન અને માલની સલામતીનું રક્ષણ રહેલી છે. એને માટે મુખ્યત્વે જવાબદાર પોલીસદળ આજકાલ સર્વોચ્ચ તેમજ ગુજરાત વડી અદાલત અને તાબાની કેટલીક અદાલતોની કડક ટકોરના પરિણામે વિવાદના ઘેરામાં છે.

પોલીસ દળની અનિવાર્યતા વિશે કોઈ બેમત નથી. તેની ધાક-બીકથી કેટલાક ગુનાઓ થતા અટકે છે. પરંતુ પોલીસનું પ્રજા તેમજ આરોપીઓ સાથેનું વર્તન, સમજાવટ કે લાઠીથી કામ ચાલે એમ હોય ત્યાં ગોળીબારનો આશ્રય, નિર્દોષોને કરવામાં આવતી મારપીટ અથવા હેરાનગતિ, બંને પક્ષો પાસેથી દમદમાટી આપીને પૈસા પડાવવાનું વલણ, તપાસમાં વિલંબ, કેસ નબળો પાડવો, ગુનેગારો-બુટલેગરો પાસેથી હપ્તા, આરોપીઓ સાથે સાંઠગાંઠ, વગેરે મુદ્દાઓના કારણે પોલીસ કામગીરીની પ્રશંસા જેટલી થાય છે તેના કરતાં તેના પર માછલાં વધારે ધોવાય છે. પોલીસ દળની કામગીરીની સમીક્ષા માટે સૌ પ્રથમ રાષ્ટ્રિય પંચ ૧૯૬૬માં નિમાયું હતું, ત્યારથી લઈને અત્યાર સુધીમાં નિમાયેલ પંચોએ મુખ્યત્વે નીચેની બાબતો પર ભાર મૂક્યો છે :

૧. વી.આઈપી.ઓના કાર્યક્રમો માટે અતિવ્યસ્તતા.
૨. પોલીસ દળનું અથવા પોલીસ દળમાં અપરાધીકરણ
૩. સભા-સરઘસોમાં અને તે સમયે સતત હાજરી.
૪. સેવાના સાતત્યપૂર્ણ નિયમોની ગેરહાજરી.
૫. ઓછા પગારોને લીધે વધતું જતું અશિસ્ત અને ગુનાખોરીનું વલણ.
૬. તપાસ-અન્વેષણ માટે તાલીમ તેમજ આધુનિક સાધનોનો અભાવ.

પોલીસની કામગીરીમાં જાનમાલના રક્ષણનો જ સમાવેશ થતો હોત તો વિવાદ કદાચ આટલો ભાગ્યે જ વકર્યો હોત. પોલીસ તપાસ અને તેના અહેવાલને રાષ્ટ્રની ફોજદારી ન્યાયપ્રથા સાથે પ્રત્યક્ષ સંબંધ છે. કોઈપણ ગંભીર ગુનો બને એટલે લોકઆક્રોશ સામાન્ય રીતે એવો હોય છે કે ગમે તે ગુનો થાય, પણ આરોપી કોર્ટમાં છૂટી જવાનો. આમ કહીને અદાલતની નબળી કામગીરી તરફ ઈશારો હોય છે. વાસ્તવમાં ફોજદારી કેસોમાં ગુનાની ગુનાહિતતા મુખ્યત્વે પોલીસ તપાસ, અહેવાલ, પોલીસે રજૂ કરેલા સાક્ષી-પુરાવા વગેરે પર અવલંબે છે. રાષ્ટ્રીય સર્વેક્ષણ મુજબ અદાલતોમાં રજૂ થતા કુલ ફોજદારી કેસોમાં આશરે ૬ ટકા જેટલા કેસોમાં જ આરોપીને સજા થાય છે. મુંબઈના થાણા પોલીસ મથકમાં ફરિયાદી કિશોરી મથુરા પર થયેલ બળાત્કારના પોલીસ આરોપીઓ છેલ્લે સર્વોચ્ચ અદાલતમાં માનપૂર્વક નિર્દોષ જાહેર કરાયા હતા. તેના પગલે ભારતીય ફોજદારી ધારામાં ૧૯૭૬માં કેટલાક સુધારાઓ દાખલ કરાયા હતા અને બળાત્કારીઓ નિર્દોષ છૂટી જતા હોવાના કારણે એક તબક્કે આ ગુના બદલ ફાંસીની સજા દાખલ કરવાનું સૂચન પણ કોઈ રાજકીય પક્ષના આગેવાને કરેલ હતું. પોલીસ કસ્ટડી અને જેલોમાં ગુનેગારો પર પોલીસના અત્યાચારો, હિંસા અને પરિણામે આરોપીઓનાં કમોત વળી અલગ જ મુદ્દો છે. ભાગલપુરના કેદીઓ સાથે અમાનવીય મારપીટથી કેદીઓની આંખો ફોડવાનો બનાવ, નડિયાદના મેજિસ્ટ્રેટને હાથકડી પહેરાવવાની ઘટના, રાજકોટમાં પોલીસે આરોપીઓની આંખમાં બામ આંજવાના બનાવે ચકચાર જગાવી છે.

પોલીસની ગુનાની નબળી તપાસ કામગીરીના કારણે ગુનાના આરોપીઓ ઈજ્જતભેર નિર્દોષ છૂટતા હોવાને કારણે પોલીસદળ સાથે ન્યાયતંત્રની પણ ઠીક ઠીક વગોવણી થઈ છે. રાજ્યતંત્રનાં આ બંને મહત્ત્વનાં અંગોને આ તહોમતનામાથી બચાવવાનો એક ઉપાય છે. આ વિશે ગંભીર વિચારણા એટલા માટે થવી જોઈએ કે પ્રજાની ગુનાની ફરિયાદ લેવામાં પોલીસની ઉપેક્ષા, ઈન્કાર કે આનાકાની સંબંધમાં સર્વોચ્ચ અદાલતે ખુલ્લેઆમ ચાબખા માર્યા છે. આસારામ આશ્રમમાં બે નિર્દોષ સગીર બાળકોનાં અપમૃત્યુના કેસમાં તપાસ બાબતે ગુજરાત વડી અદાલતે નિરીક્ષણ કરતાં કહ્યું કે ગુજરાત સરકાર અને પોલીસ પોતાનો રવૈયો બદલે તો જ ન્યાય થયાનું દેખાશે. પોલીસની બદનામી કરવામાં રાજ્યતંત્ર પણ દોષિત છે તેમ ખુલ્લા મને સ્વીકારવું જોઈએ. અલબત્ત, ટૂંકો સમય, અલ્પ સાધનો અને અનેકવિધ કામગીરી વચ્ચે પોલીસતંત્ર કામ કરી રહેલ છે એ પણ સ્વીકારવું જોઈએ.

'સબ દુઃખોં કી એક દવા' એમ તો આપણાથી કહી ન શકાય. પરંતુ પ્રયોગાત્મક ધોરણે આ વિચારણીય દરખાસ્ત છે, તેમ બહુમતી કદાચ કબૂલશે. પોલીસ પાસે જાનમાલનું રક્ષણ, વી.આઈ.પી. બંદોબસ્તનો હવાલો છે તે ભલે રહ્યો. પરંતુ ફરિયાદ નોંધવાથી લઈ, તેની તપાસ, અન્વેષણ, અહેવાલ, કેસ પેપર્સની તૈયારી, સાક્ષી-પુરાવાની રજૂઆત

*અનુ. પાન ૪૧ પર*

# ''તુંડે તુંડે ભિન્ન ભિન્ન મતિ''

કુંજન મહેતા

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણના સંદેશ અનુસાર પરિવર્તન સંસારનો નિયમ છે. વ્યાપક અર્થમાં જીવનનાં બધાં જ પરિણામો તેમજ મૂલ્યો-સંસ્કારો વગેરે સાપેક્ષ છે અને સમયાનુસાર બદલાયા કરે છે. તે જ તેમની ગતિ છે. પ્રખ્યાત જીવવિજ્ઞાની ચાર્લ્સ ડાર્વિનના સંશોધન પ્રમાણે અસ્તિત્વના જીવનસંઘર્ષમાં અનુકૂલન સાધનારા સક્ષમ જીવો ટકી જાય છે જ્યારે અનુકૂલન સાધી ન શકનારા જીવોનું ધીરે-ધીરે ક્રમશઃ અસ્તિત્વ રહેતું નથી. પ્રવર્તમાન સમયમાં સત્ય, અહિંસા, કરુણા, પ્રમાણિકતા વગેરે મૂલ્યોનું વાસ્તવિક જીવન-વ્યવહારમાં આચરકણ કેટલું છે? પરિવર્તનના અટલ અને અફર નિયમાનુસાર આ શબ્દોની વિભાવના પણ સમયે બદલી નાખી છે! સાચા અને ખોટાની સમજ પણ સાપેક્ષ અને પરિવર્તનશીલ જણાય છે.

વિજ્ઞાનના દર્શન અનુસાર સૌથી બુદ્ધિશાળી અને બળવાન સજીવો અસ્તિત્વના જીવનસંઘર્ષમાં ટોચ પર બિરાજે છે. અધ્યાત્મ ભાવાનુસાર જગતમાં બધું જ નિયતિ પ્રમાણે ઘટે છે તથા નિયતિ પરમ કૃપાળુ પરમાત્માને આધીન છે. પ્રારબ્ધપ્રધાન વિચારધારા અનુસાર નસીબ સાથે હોય તેને કદી કોઇ રોકી શકતું નથી, જ્યારે નસીબ બે ડગલાં પાછળ હોય ત્યારે ગમે તેટલો બુદ્ધિપૂર્વકનો પુરુષાર્થ પણ ઇચ્છિત પરિણામ ઉપજાવી શકતો નથી. પરંતુ સદ્‌નસીબ ધરાવનારનાં ઊંધાં પડેલાં પાસાં પણ સવળાં થઇ લક્ષ્ય તરફ દોરી જાય છે. ભક્ત કવિશ્રી નરસિંહ મહેતાના દર્શન અનુસાર ''જેહના ભાગ્યમાં જે સમે જે લખ્યું, તેહને તે સમે તે જ પહોંચે.'' સુધારાવાદી વિચાર પ્રમાણે નસીબના આશરે બેસીને પુરુષાર્થ કરવાની તક શા માટે જતી કરવી? પુરુષાર્થ કરનારને જ પ્રારબ્ધ યારી આપે છે અને સફળતા બક્ષે છે. મહાન વિદ્વાન પંડિત ચાણક્ય જણાવી ગયા છે - ''કેવળ ભાગ્યના સહારે જ જીવિત રહેનારાએ ઇશ્વરને તેમજ ભાગ્યને વગોવી નાખ્યાં છે, પરિશ્રમ કરનારાએ જ ભાગ્ય પર વિજય મેળવી લીધો છે.'' વિવેકબુદ્ધિ અભિપ્રાય અનુસાર માત્ર ગણતરીપૂર્વકની મહેનત અને બુદ્ધિના જોરે જ સર્વ કાર્યો સિદ્ધ થઇ શકે.

પ્રારબ્ધવાદ અનુસાર ઓછી મહેનત અને સામાન્ય બુદ્ધિના આધારે સફળતાને વરનારાઓ તો હકીકતમાં તેમના પૂર્વજન્મનાં કર્મોનું શુભ ફળ મેળવી રહ્યા છે. બુદ્ધિજીવીઓના એક મતાનુસાર લક્ષ્ય પામવા માટે દરેક બાબતમાં યોગ્ય વિવેક જાળવવો તે આવશ્યક અનિવાર્યતા હોય છે. જીવન-વ્યવહારોનું પારદર્શક, -સચોટ અવલોકન કરતાં સ્પષ્ટ જણાય કે મુખ્યત્વે સત્તા, સંપત્તિ, સંબંધો અને સંગઠનના જોરે જ મોટાભાગનાં દુન્યવી કાર્યો સિદ્ધ થાય છે. સત્ય, અહિંસા, કરુણા, પ્રમાણિકતા વગેરે મૂલ્યો અમુક પ્રમાણમાં જળવાયાં છે, પરંતુ બહુ ઓછા લોકો તેમને વરેલા જણાય છે. આ મૂલ્યોને આધારે અને સહારે આત્મશક્તિ બળે આભ પણ આંબી શકાય છે અને ક્યારેક આ મૂલ્યો માટે લડતાં લડતાં જિંદગી પણ નાની પડતી અનુભવાય છે.

માનવ-સભ્યતાનો ઇતિહાસ દર્શાવે છે કે જે પ્રજા બળવાન અને બુદ્ધિશાળી હતી તેણે જ વિશ્વમાં ચાવીરૂપ ભૂમિકાઓ અદા કરી છે. સાત્ત્વિક મૂલ્યોને વરેલી વ્યક્તિઓએ જીવનમાં ઘણાં બલિદાનો આપ્યાં છે અને ઘણું સહન કર્યું છે અને તેથી જ તેઓ મહાન કહેવાયા છે.

કોઇ પણ બાબત વિજ્ઞાને સાબિત કરી છે કે સાબિત નથી કરી, માત્ર એ કારણસર સાચી કે ખોટી મૂલ્યાંકિત કરવી એ જરા અતિશયોક્તિભર્યું નથી જણાતું? કારણ કે વિજ્ઞાનનાં સંશોધનો સતત અવિરત ચાલ્યા કરે છે. જે આજે ખોટું છે તે ભવિષ્યમાં સાચું સાબિત થવાની સંભાવના રહેલી છે. આવું ઘણી બાબતો-વિષયોમાં બનેલું છે અને તે જ વિષયોમાં હજુ સંશોધનો ચાલી રહ્યાં છે. આથી જીવનની સાપેક્ષ અને પરિવર્તનશીલ બાબતો પ્રત્યે સહજ રહેવું તે અનુકૂલન સાધવા બરાબર ગણી શકાય. જુદા-જુદા લોકો અને સમુદાયો દ્વારા ભિન્ન વિચારો અને વિભિન્ન જીવનશૈલીને આદર્શ માનવામાં આવે તે સહજ ગણાય. કદાચ દરેક વ્યક્તિ માત્ર પોતાની આગવી વિચારધારા મુજબ જ જીવે છે, એવું નથી લાગતું? જીવન સંદર્ભે એક સાથે ઘણાય વિચારો, માન્યતાઓ સિદ્ધાંતો, નિયમો વગેરે પ્રવર્તમાન છે. પરંતુ તેમના પ્રત્યે ક્યા સમયકાળે કેવો દૃષ્ટિકોણ રહેશે, તે માત્ર સમય જ નક્કી કરી શકે છે.

"In nature there are neither Rewards nor Punishments, there are only Consequences." ■ ***(આશિષ, ૨૨-બી, સંતોષ સોસાયટી,,શ્રી બિલેશ્વર મહાદેવ મંદિર સામે, ભુજ-૩૭૦૦૦૧)***

---

***અનુ. પાન ૪૦ પરથી ચાલુ***

વ. બાબતો માટે ચૂંટણીપંચની માફક એક અલગ એકમનું અસ્તિત્વ જરૂરી છે. તેની પાસે ગુનાખોરીની તપાસ, અહેવાલ અને અદાલતમાં ગુનેગારને સજા કરાવવા સુધીની કામગીરી હોય તો પ્રજાના જાનમાલનું રક્ષણ સારી રીતે થાય, ગુનાખોરી રોકવામાં સહાય મળે અને ન્યાયપ્રક્રિયા પણ ઊજળી બને. ■ ***(૧, શ્રીઆંગણ એપાર્ટમેન્ટ્સ, એલ.જે. કોલેજ પાસે, વસ્ત્રાપુર, અમદાવાદ)***

# ન્યાયતંત્રની માફક શિક્ષણનું તંત્ર પણ સરકારથી સ્વતંત્ર જ હોય

**- વિનોબા ભાવે**

આજના શિક્ષણમાં પરિવર્તન લાવવું હોય તો તેની દિશા કઇ હોય, તે વિશે વિચારું છું, ત્યારે મારા મનમાં પહેલી વાત એ આવે છે કે શિક્ષણને સરકારી તંત્રથી મુક્ત કરી નાખવું જોઇએ. શિક્ષણ ઉપર સરકારનો કોઇ વરદ હસ્ત ન હોવો જોઈએ. જ્ઞાનના ક્ષેત્રમાં સંપૂર્ણ આઝાદી હોય. દિમાગની આઝાદી એ શિક્ષણનો પ્રાણ છે. દિમાગને જો જકડી લેવાશે, બાંધી લેવાશે, તેને મુક્ત વિચાર કરવાની સ્વતંત્રતા જો નહીં રહેવા દેવાય, તો તેનાં બહુ જ ખરાબ પરિણામો આવશે.

પરંતુ આજકાલ આપણે શું જોઇ રહ્યા છીએ? દુનિયાભરમાં શિક્ષણનું તંત્ર સરકારના હાથમાં છે. સરકાર જે શીખવે છે, તે વિદ્યાર્થીઓ શીખે છે. ખરું જોતાં, લોકશાહીમાં તો લોકમતને અમુક જ ઢાંચામાં ઢાળવાની કોશિશ ન થવી જોઈએ. લોકમત સ્વતંત્ર જ રહેવો જોઈએ. તો જ સાચી લોકશાહી પાંગરી શકે. પણ આજે તો નામમાત્રની કહેવાતી લોકશાહી છે. દરેકને વોટનો અધિકાર જરૂર અપાયો છે. તેમ છતાં વાસ્તવમાં સત્તા મુઠ્ઠીભર લોકોના હાથમાં રહે છે, અને તે લોકો જે કરે છે તે થાય છે. સરકાર જે ખવડાવે તે જનતાએ ખાવું પડે છે અને સરકાર જે શીખવાડે તે શીખવું પડે છે. સરકાર જેને જ્ઞાન કહે છે, તેને જ જનતાએ જ્ઞાન માની લેવું પડે છે. જનતાએ માત્ર વોટ આપી દઇને છૂટી જવાનું છે. શિક્ષણ પણ બધું સરકારને હસ્તક કરી દેવાયું છે. આ ભયાનક છે. આનાથી લોકશાહીને પાયામાંથી લૂણો લાગી રહ્યો છે.

આમાં કેટલો બધો ખતરો છે! સરકાર જે ઢાંચો નક્કી કરે છે, તેમાં જ બધા વિદ્યાર્થીઓનાં દિમાગને એકસરખાં ઢાળવાની કોશિશ આજે દુનિયાભરમાં થઇ રહી છે. દરેક સરકારની એવી જ કોશિશ રહે છે કે પોતે નક્કી કરેલા વિચારો વિદ્યાર્થીઓનાં દિમાગમાં ઠોંસી દેવામાં આવે. પછી તે સરકાર સોશિયાલિસ્ટ હોય કે કોમ્યુનિસ્ટ હોય કે, કોમ્યુનાલિસ્ટ હોય કે બીજી કોઇ ઇષ્ટ કે અનિષ્ટ હોય. દરેક સરકારનું આ જ વલણ છે, આ જ પદ્ધતિ છે. આજે ઇતિહાસ પણ લખવો હોય, તો તે જે-તે વખતની સરકારે નક્કી કરેલા ઢાંચામાં જ લખાય છે. ઇતિહાસ એટલે શું? 'ઇતિ હ આસ'—વાસ્તવમાં આવું આવું થયું. પરંતુ આજે એમ નહીં. આજે તો સરકાર જેવું ઇચ્છે તેવો ઇતિહાસ લખાવે છે, પછી તેમ થયું હોય કે ન થયું હોય, તેની પરવા નહીં ! આવું રશિયામાં થયું, ચીનમાં થયું, બીજા દેશોમાંયે થઇ રહ્યું છે. રશિયામાં બબ્બે, ત્રણ-ત્રણ વાર ઇતિહાસ લખાવાયા. ઇતિહાસ પણ નવા નવા! આવું ખરેખર થયું, એમ નહીં, સરકાર ઇચ્છે છે અને કહે છે, એમ થયું!

અને આમાં માત્ર ઇતિહાસનો જ સવાલ નથી. જેવી સરકાર તેવો તે શિક્ષણ ઉપર પોતાનો રંગ ચઢાવવા માગે છે. ફાસીવાદી સરકાર આવી તો ફાસીવાદનો રંગ ચઢશે, સામ્યવાદી સરકાર આવી તો સામ્યવાદનો રંગ ચઢશે. જો વેલફેર સ્ટેટ છે, તો પંચવાર્ષિક યોજનાનાં ગાણાં ગવડાવવામાં આવશે. જે રંગની સરકાર હશે, એ જ રંગનું શિક્ષણ બધાંને અપાશે.

આ કેટલું બધું ખતરનાક છે! આવી રીતે જો બુદ્ધિને પોતપોતાના મનગમતા ઢાંચામાં ઢાળવાની કોશિશ થતી રહેશે, તો પછી બુદ્ધિનો કોઇ અર્થ રહેશે ખરો? એટલા વાસ્તે બુદ્ધિની આઝાદી હંમેશા અબાધિત જ રહેવી જોઇએ. અને તેમાંય બુદ્ધિની આઝાદીનો જો કોઇને હક છે, તો સૌથી પહેલો વિદ્યાર્થીને છે, કેમ કે હુકમથી જ્ઞાન પ્રાપ્ત થઇ શકતું નથી. જ્ઞાનને કોઇ પોતપોતાનો રંગ આપી શકતું નથી. જ્ઞાન એ જ્ઞાન છે.

શંકરાચાર્યનું એક બહુ સુંદર વાક્ય છે, *જ્ઞાનં વસ્તુતંત્રમ્, ન પુરુષતંત્રમ્* -જ્ઞાન એ મનુષ્યના હાથની વાત નથી, એ વસ્તુનિષ્ઠ છે, વસ્તુ ઉપર અવલંબિત છે. તમારી સામે જો ગોળ વસ્તુ છે, તો તેનું ચોરસ આકારનું જ્ઞાન થઇ શકતું નથી, તેનું ગોળ આકારનું જ્ઞાન જ થાય છે. વસ્તુનું જ્ઞાન તેના પોતાના સ્વરૂપ ઉપર નિર્ભર છે, તમારી મરજી ઉપર કે કોઇની આજ્ઞા ઉપર નહીં. તેથી વિદ્યાર્થીઓને યથાતથ જ્ઞાન ગ્રહણ કરવાની પૂરેપૂરી આઝાદી હોવી જોઇએ. એમનાં દિમાગ કોઇ ઢાંચામાં ઢાળવાની કોશિશ નહીં થવી જોઇએ. માટે સરકારો શિક્ષણને પોતાને મન ફાવે તેવો ઘાટ આપતી રહે, તે ન ચાલે. પરંતુ તમે જો શિક્ષણ સરકારને હસ્તક કરી દીધું, તો આવું જ થશે. અને તેમાં તો બહુ મોટો ખતરો છે, એમ બરાબર સમજી લેજો.

આજે શિક્ષણ બધું સરકાર ઉપર નિર્ભર થઇ ગયું છે. સરકાર જ પાઠ્યક્રમ નક્કી કરે છે, સરકાર જ પાઠ્યપુસ્તકો બનાવે છે, સરકાર જ શિક્ષણના બધા નિયમો ઘડે છે. જેમ બળદને કાંઇ ખેડૂત પૂછતો નથી કે ખેતરમાં શું વાવવું છે. એ તો પોતે જ નક્કી કરે છે કે અમુક ખેતરમાં ઘઉં વાવવા છે અને અમુકમાં ચણા. બસ, પછી બળદને ખેતરમાં જોતરી દે છે. એવું જ શિક્ષકોનું પણ. આ શિક્ષણમાં બધું નક્કી સરકાર જ કરે છે. પુસ્તકો પણ સરકાર તરફથી જ નક્કી થાય છે. જે અધિકાર તમે તુલસીદાસજીને નહોતો આપ્યો, શંકરાચાર્યને નહોતો આપ્યો, તે અધિકાર આજે તમે શિક્ષણ ખાતાના મંત્રીને આપી દીધો છે! તુલસીદાસજીનું રામાયણ અત્યંત લોકપ્રિય હોવા છતાં તુલસીદાસજી એમ નહોતા કહી

શક્યા કે મારું આ રામાયણ દરેકે ફરજિયાત વાંચવું પડશે. શંકરાચાર્ય બહુ મોટા વિદ્વાન અને જ્ઞાની પુરુષ હતા, પરંતુ એ પણ પોતાનાં પુસ્તકો કોઈને ફરજિયાત વંચાવી નહોતા શક્યા. પરંતુ આજના શિક્ષણમંત્રી જે પુસ્તકો નક્કી કરશે, તે દરેકે ફરજિયાત વાંચવાં પડશે. એટલે કે તમે તુલસીદાસજી અને શંકરાચાર્યના હાથમાં જે સત્તા નહોતી મૂકી, તે આજના શિક્ષણમંત્રીના હાથમાં મૂકી દીધી! વિદ્યાર્થીઓ તે પુસ્તકો નહીં વાંચે, તો પાસ નહીં થાય. એટલા વાસ્તે એમણે એ પુસ્તકો વાંચવાં જ પડશે. આનાથી વધારે ગુલામી બીજી કઇ હોય?

કમનસીબી તો એ છે કે આજે લોકો પણ ઇચ્છે છે કે સરકાર જ શિક્ષણની બધી વ્યવસ્થા કરે. લોકો પોતે આવી માગણી કરે છે. પોતે બહુ-બહુ તો નાનું-મોટું મકાન બનાવી દે છે અને પછી અપેક્ષા રાખે છે કે સરકાર શિક્ષણ અંગેની બાકીની બધી વ્યવસ્થા કરી આપે. શિક્ષક સરકારનો, શિક્ષણ પદ્ધતિ સરકારની, પરીક્ષા સરકારની. અને પછી પોતાનાં વહાલાં બાળકો એમના હાથમાં સોંપી દે છે. થવું તો એમ જોઇએ કે લોકો જ શિક્ષણપદ્ધતિ નક્કી કરે, બીજી બધી વ્યવસ્થા કરે અને પછી તેમાં સરકારની મદદ મળે. પરંતુ સરકારનો કશો અંકુશ ન હોય.

આમ તો શિક્ષકના નિર્વાહની વ્યવસ્થા પણ ગામ જ કરે તો સારું. પરંતુ તેમ ન થાય અને શિક્ષકોનો પગાર સરકાર આપે તો ભલે આપે. એ સરકારનું કર્તવ્ય છે. જેમ કે અદાલતોનું બધું ખર્ચ સરકાર આપે જ છે ને! અને તેમ છતાં ન્યાયતંત્ર આખું સરકારથી સ્વતંત્ર છે. અને સુપ્રીમ કોર્ટમાં સરકારની વિરુદ્ધ પણ ચુકાદા આપી શકાય છે, અને અપાય પણ છે; પછી ભલે ને એ વિરુદ્ધ ચુકાદો આપનાર ન્યાયાધીશનોયે પગાર સરકાર આપતી હોય. આવી જ રીતે શિક્ષણ વિભાગ પણ સરકારથી સાવ સ્વતંત્ર હોવો જોઇએ. આમ નથી થતું, તો દેશને માટે ભારે ખતરો છે.

આપણે ત્યાં આવું જ હતું. આપણે ત્યાં વિદ્યા ઉપર ક્યારેય રાજાઓની સત્તા હતી નહીં. વિદ્યા કેવી આપવી, કેવી રીતે આપવી, એ બધું ગુરુઓ નક્કી કરતા. રાજા એમને મદદ કરતા. રાજપુત્રો પણ એમની પાસે આવતા અને ગુરુ રાજપુત્રોને પણ સામાન્ય લોકોના પુત્રોની જેમ જ રાખતા. સાંદીપનિએ કૃષ્ણને એક ગરીબ બ્રાહ્મણની સાથે જ રાખેલા અને બંનેને જંગલમાં જઇને લાકડાં કાપી લાવવાનું કામ સોંપેલું. બંનેને શિક્ષણ પણ એકસરખું જ આપેલું. આશ્રમ ચલાવવા માટે રાજા મદદ કરતા, પરંતુ રાજપુત્ર માટે કોઇ વિશેષ સગવડ કે વિશેષ તાલીમ નહોતા માગતા. આવી રીતે હિંદુસ્તાનમાં વિદ્યા સાવ સ્વતંત્ર હતી. રાજાની સત્તા તેના પર નહોતી ચાલતી.

હમણાં નયી તાલીમનો જે પ્રયોગ થયો, તે આવી રીતે સરકારથી મુક્ત રહીને જ ચાલવો જોઈતો હતો. પણ તેમ ન થયું. મોટે ભાગે સરકાર દ્વારા જ નયી તાલીમના પ્રયોગો થયા. તેનાં પરિણામો આપણે જોઈએ છીએ. નયી તાલીમનું ‘વાનરીકરણ’ થઈ ગયું. નયી તાલીમની પાછળ તો એક જીવન-દર્શન છે. તે ગ્રહણ કર્યા વિના જ્યારે તેનું એકાંગી આકલન અને વિકૃત અનુકરણ થાય છે, ત્યારે તેનાથી નયી તાલીમની બદનામી સિવાય બીજું શું થાય ? જુદાં જુદાં રાજ્યોમાં નયી તાલીમના જે સરકારી પ્રયોગ થયા, તેની જે દશા મેં જોઈ, તેથી મને થયું કે કદાચ નયી તાલીમની ઘોર ખોદાઈ રહી છે! આવી વિકૃતિ માટે જવાબદાર એ લોકો જ છે, જેમણે પોતે નયી તાલીમને સરકારની સાવ આશ્રિત બનવા દીધી. થવું તો એમ જોઈતું હતું કે આપણે નયી તાલીમના શુદ્ધ નમૂના ઠેર ઠેર સરકારથી નિરપેક્ષ રહીને ઊભા કરત.

સરકારી અમલદારો મારફત અત્યાર સુધી નયી તાલીમના જે પ્રયોગો કરવામાં આવ્યા, તેના બે પ્રકાર છે. એક પ્રકાર તો જાણી જોઈએ બુનિયાદી તાલીમને બદનામ કરવાના ઉદ્દેશથી જ ચાલ્યો, કે જેથી તે ખર્ચાળ સાબિત થાય, તેમાં જ્ઞાનની કમી દેખાય, વાલીઓ નારાજ થાય, વિદ્યાર્થીઓ પણ અસંતુષ્ટ થઈ જાય. સ્પષ્ટ છે કે એક સારી વસ્તુનો આ અપ્રામાણિક વ્યવહાર છે. તેને તો આપણે છોડી પણ દઈએ. પરંતુ બીજો પ્રકાર પ્રામાણિક છે. તેમ છતાં તેમાં નવાં મૂલ્યોનો સ્વીકાર કર્યા વિના જૂનાંપુરાણાં મૂલ્યોને કાયમ રાખીને નયી તાલીમનો તેના કેટલાક ગુણો માટે સ્વીકાર કરવાની વાત છે. આ પ્રકાર પ્રામાણિક હોવા છતાં નયી તાલીમનું અસલી સ્વરૂપ તેમાં નહીં દેખાય. એટલા વાસ્તે એ બહુ જ જરૂરી છે કે નવાં મૂલ્યોની બુનિયાદ ઉપર જેટલા પરિશુદ્ધ પ્રયોગ કરી શકાય, તેટલા કરવા જોઈએ.

દેશ હજી આઝાદ નહોતો થયો, ત્યારે રાષ્ટ્રીય શિક્ષણનો વિચાર આવ્યો અને તે માટે સ્વતંત્ર વિદ્યાપીઠો પણ ખૂલી. પરંતુ દેશ આઝાદ થઈ ગયો એટલે લોકોને થયું કે હવે સરકારી વિદ્યાલયો પણ રાષ્ટ્રીય વિદ્યાલય જ છે ને! પરંતુ વાસ્તવમાં એમ નહોતું. તેથી સરકાર નિરપેક્ષ શિક્ષણના સ્વતંત્ર પ્રયોગ કરવાની આવશ્યકતા હતી અને આજેયે છે. વળી, માત્ર નયી તાલીમ જ નહીં, દેશની આખી શિક્ષણ વ્યવસ્થા સરકારથી સાવ સ્વતંત્ર રહીને ચાલવી જોઈએ. જ્યારે હું કહું છું કે શિક્ષણ સરકારી તંત્રથી સ્વતંત્ર હોવું જોઇએ, ત્યારે તે સરકારમાં દોષ છે એટલા વાસ્તે નહીં. પરંતુ માની લો કે સરકાર સર્વ ગુણ સંપન્ન છે અને તેમાં કોઇ દોષ નથી, તોયે હું કહીશ કે શિક્ષણ સરકારથી સ્વતંત્ર રહીને જ ચાલવું જોઇએ. ■

**(યજ્ઞ પ્રકાશન દ્વારા પ્રકાશિત ‘શિક્ષણ વિચાર’ પુસ્તકમાંથી સાભાર.)**

# પાંચ વર્ષના અંકોની વિષયસૂચિ


**પર્યાવરણ / કુદરતી સંસાધનો**

- સંશયાત્મક પર્યાવરણવાદી-૧ : વિશ્વની પરિસ્થિતિનું વાસ્તવિક આકલન - અંબરીષ મહેતા, માર્ચ-એપ્રિલ ૨૦૦૫
- સંશયાત્મક પર્યાવરણવાદી-૨ : શું આપણે ઉછીના સમય પર જીવી રહ્યાં છીએ? - અંબરીષ મહેતા, મે-જૂન ૨૦૦૫
- ભૌતિક સુખાકારીનો વિકાસ ટકાવી રાખી શકાય ખરો? - સુદર્શન આયંગર, નિમિષા શુકલ, મે-જૂન ૨૦૦૫
- સંશયાત્મક પર્યાવરણવાદી-૩ : પાણીની કટોકટી - અંબરીષ મહેતા, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- ભૌતિક સુખાકારીનો વિકાસ ટકાવી રાખી શકાય ખરો? -એક પ્રતિતર્ક - અનિલ પટેલ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- સાયમન-અર્લિક શરતના ૨૫ વર્ષે, અંબરીષ મહેતા, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- સંશયાત્મક પર્યાવરણવાદી-૪ : પ્રદૂષણ અને રસાયણોનો ભય - અંબરીષ મહેતા, નવેમ્બર ૨૦૦૫ ફેબ્રુઆરી ૨૦૦૬
- વરસાદી પાણી ઝીલવાના ભૂગર્ભ ટાંકા - અમરીશ વોરા, નવેમ્બર ૨૦૦૫ ફેબ્રુઆરી ૨૦૦૬
- સૌરાષ્ટ્રનું જળસંચય અભિયાન શું નર્યું ગાંડપણ છે ? - અંબરીષ મહેતા, માર્ચ-એપ્રિલ ૨૦૦૬
- ગ્લોબલ વોર્મિંગ : સ્ટર્ન રિપોર્ટ - યોગેન્દ્ર માંકડ, માર્ચ - એપ્રિલ ૨૦૦૭

**વન / વન્ય પ્રાણીઓ અને આદિવાસીઓ**

- જંગલ મધ્યે આદિવાસી, જંગલના રખેવાળ કોણ - આદિવાસી કે વન વિભાગ? - તૃપ્તિ પારેખ, મે-જૂન ૨૦૦૫
- ગુજરાત સરકારનો વન નીતિ ખરડો - તૃપ્તિ પારેખ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- પાંખાં વનોની કાયાપલટનો કીમિયો - તૃપ્તિ પારેખ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- સરિસ્કા ધબડકો અને ટાઈગર ટાસ્ક ફોર્સ અહેવાલ - તૃપ્તિ પારેખ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- આદિવાસી અધિકાર બીલ ૨૦૦૫ - તૃપ્તિ પારેખ, નવેમ્બર ૨૦૦૫-ફેબ્રુઆરી ૨૦૦૬
- આ NPV વળી શું ચીજ છે ? - તૃપ્તિ પારેખ, માર્ચ-એપ્રિલ ૨૦૦૬
- જંગલમાં દવ - શંકર ગોપાલક્રિશ્નન, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- વાઘનું સંરક્ષણ : ચીનનો નવતર પ્રયોગ - બરુન મિત્રા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- ચેરિયાઓનો વિનાશ - ભરત પટેલ/માલશ્રી ચારણીયા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- વન અધિકાર કાયદો - એક ઐતિહાસિક ઉપલબ્ધિ - તૃપ્તિ પારેખ, જાન્યુ.- ફેબ્રુ. ૨૦૦૭
- જંગલ જમીન માટેની લડત - એક નિજી વિહંગાવલોકન - તૃપ્તિ પારેખ, જાન્યુ.- ફેબ્રુ.૨૦૦૭
- સિંહ ભૂમિ ગીરનું સંરક્ષણ - રેવતુભા રાયજાદા, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- ગીરના સાવજનો રાજકીય ઇતિહાસ - મહેશ રંગરાજન, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- વન અધિકાર કાયદો ... કેટલો છેટે ? - તૃપ્તિ પારેખ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- ગીરના માલધારી - સાવજ અંગે - વાસુદેવ વોરા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- આંતરસુબાનું સત્ય - તૃપ્તિ / અંબરીષ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- જંગલોનું ફેરણું પણ ચાલુ કરી દીધું છે. . .- તૃપ્તિ પારેખ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- વન અધિકાર કાયદાનો અમલ - તૃપ્તિ પારેખ, મે - જૂન ૨૦૦૮
- વન અધિકાર કાયદાના અમલમાં સરકારની પીછેહઠ - અંબરીષ મહેતા, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૯

**અર્થવ્યવસ્થા : રાજ્ય અને બજારની ભૂમિકા - સમાજવાદ વિ. મુક્ત બજાર**

- વ્યક્તિવાદ અને સમૂહવાદ - ફ્રેડરિક હાયેક, મે-જૂન ૨૦૦૫
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૧) - અનિલ પટેલ, મે-જૂન ૨૦૦૫
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૨) - અનિલ પટેલ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૩) - અનિલ પટેલ, સપ્ટેમ્બર-ઓક્ટોબર ૨૦૦૫
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૪) : કાયદાનું શાસન વિરુદ્ધ લીગલ પોઝીટીવીઝમ - સમાજવાદનો ઉદય - અનિલ પટેલ, નવેમ્બર ૨૦૦૫ - ફેબ્રુઆરી ૨૦૦૬

- હોંગકોંગ પાસેથી ભારત શું શીખી શકે ? - બરુન મિત્રા, નવેમ્બર ૨૦૦૫ - ફેબ્રુઆરી ૨૦૦૬
- સંશયાત્મા નથી બનવું, પણ વિવેકાત્મા જરૂર બનવું છે - કાન્તિ શાહ, નવેમ્બર ૨૦૦૫ - ફેબ્રુઆરી ૨૦૦૬
- વિવેકબુદ્ધિનો તકાજો શું છે ? - અંબરીષ મહેતા, નવેમ્બર ૨૦૦૫ - ફેબ્રુઆરી ૨૦૦૬
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૫) : બજાર કિંમતો- મેન્જરની સીમાંત ક્રાંતિ અને પ્રત્યાઘાત - અનિલ પટેલ, માર્ચ-એપ્રિલ ૨૦૦૬
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૬): એકમલક્ષી વિ. સમગ્રલક્ષી અર્થવ્યવસ્થા - વોલરા, કેઈન્સ, સમાજવાદ- અનિલ પટેલ, મે-જૂન ૨૦૦૬
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર(૭): ગરમ સમાજવાદમાંથી નરમ સમાજવાદ તરફ - કલ્યાણકારી રાજ્ય- અનિલ પટેલ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- તમારા મનને મુક્ત કરો (૧): રાજકીય અર્થશાસ્ત્ર શીખનાર માટેની માર્ગદર્શિકા ૧ : પોતાની જાતને ઓળખો ૨ : વસ્તીને કારણે સમૃદ્ધિ વધે છે - સૌવિક ચક્રવર્તી, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર (૮): ન્યાયી વિતરણ કે વ્યક્તિસ્વાતંત્ર્ય - આરપારની લડાઈ- અનિલ પટેલ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- તમારા મનને મુક્ત કરો (૨): રાજકીય બજાર શા માટે કામ કરતાં નથી ? - સૌવિક ચક્રવર્તી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- તમારા મનને મુક્ત કરો (૩): જાહેર સેવાઓ-વસ્તુઓ અને બજારની નિષ્ફળતા - સૌવિક ચક્રવર્તી, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- મિલ્ટન ફ્રીડમેનઃ ભારતના સાચા મિત્ર - અંબરીષ મહેતા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- ભારતનું આર્થિક આયોજન - મિલ્ટન ફ્રીડમેન, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- તમારા મનને મુક્ત કરો (૪): મુક્ત વ્યાપાર શા માટે જરૂરી છે? - સૌવિક ચક્રવર્તી, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- મીણબત્તી બનાવનારાઓની અરજી - ફ્રેડરિક બેસ્ટિયાટ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- स्वदेशी – मुन्शी प्रेमचंद, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- The Gains from Trade - Matt Ridley, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- તમારા મનને મુકત કરો (૫): રોજગારી- સૌવિક ચક્રવર્તી, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- તમારા મનને મુકત કરો (૬): ભરોસાપાત્ર નાણું-૧. નાણાંની શોધ માણસોએ કરી, નહીં કે સરકારોએ- સૌવિક ચક્રવર્તી, મે-જૂન ૦૭
- તમારા મનને મુકત કરો (૭): ભરોસાપાત્ર નાણું - ૨- સૌવિક ચક્રવર્તી, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- તમારા મનને મુકત કરો (૮): નૈતિકતા અને ધર્મ નિરપેક્ષતા - રાજકારણ - સૌવિક ચક્રવર્તી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- સ્વતંત્રતા - જ્ઞાન અને બજાર - મુકેશ એડનવાલા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- સમતા અને સ્વતંત્રતા - અંબરીષ મહેતા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- હું , પેન્સિલ. . . - લીયોનાર્ડો ઈ. રીડ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- 'ડિસ્મલ સાયન્સ'નો છૂપો ઈતિહાસ - અંબરીષ મહેતા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- वैकल्पिक अर्थव्यवस्था और समता - મંથન, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- બજારની કાર્યસાધકતા અને નૈતિકતા - રમેશ બી. શાહ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- ડાબેરી-જમણેરી વચ્ચે મધ્યમ માર્ગ શક્ય છે? - દિનેશ શુકલ, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- આર્થિક કટોકટી - અંબરીષ મહેતા, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- ડૉ. જ્હોન ટેલર સાથેનો વાર્તાલાપ - પીટર રોબિન્સન, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- The Present Economic Crisis - Mukesh Adenwala, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- ....તો માર્કસ જી-૨૦ દેશોને શી સલાહ આપત? - દિનેશ શુકલ, મે - જૂન ૨૦૦૯
- માર્ક્સ કથા - કાર્લ માર્ક્સ ૧૨૫ વરસે - અનિલ પટેલ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- કામદારોની સલામતી અને મુક્તબજાર - જગદીશ પટેલ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- કામદારોની સલામતી અને મુક્ત બજાર - અંબરીષ મહેતા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯

**વિકાસ અને ગરીબો / વિસ્થાપન અને પુનર્વસવાટ / સેઝ / ઝૂંપડપટ્ટી**

- રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ખાતરી યોજના, માર્ચ-એપ્રિલ ૨૦૦૫
- કલિંગનગરની કરુણાંતિકાના સૂચિતાર્થો - તૃપ્તિ પારેખ, નવેમ્બર ૨૦૦૫ -ફેબ્રુઆરી ૨૦૦૬
- કલિંગનગરમાં પોલીસ ગોળીબાર : પીયુસીએલ ઓરિસ્સાનો તપાસ અહેવાલ, માર્ચ-એપ્રિલ ૨૦૦૬
- 'કેલો' અને અમેરિકાની સુપ્રીમ કોર્ટ - તૃપ્તિ પારેખ, માર્ચ-એપ્રિલ ૦૬

-આપણાં શહેરો અંગે નવેસરથી વિચારીએ - જૈમિની મહેતા, મે-જૂન ૨૦૦૬
- શહેરી વિકાસ અને ગરીબો - પરસ્પર વિરોધી કે પૂરક? - તૃપ્તિ પારેખ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- જવાહરલાલ નહેરુ અર્બન રિન્યુઅલ મિશન - અંબરીષ મહેતા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- સેઝ વિવાદ અંગે થોડું ... - અંબરીષ મહેતા, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- ટાઇટલ આપો, દાન નહીં - ગુરુચરન દાસ, મે - જૂન ૨૦૦૭
- બંગાળનાં લોહિયાળ ખેતરો - અર્નબ રાય, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- સમયના સૂર અને ગરીબીની ગાથા - પ્રો. કે.વી. પટેલ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- રોજગાર ખાતરી કાયદો - કેટલી રોજગારી મળી ? તૃપ્તિ પારેખ, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- ગરીબોના વિકાસનું ચાર્ટર મનમોહનસિંહ કાં ન બનાવે? - તૃપ્તિ પારેખ, મે - જૂન ૨૦૦૭
- લારી-ગલ્લા પરનો ખોરાક : તાજો, સસ્તો, સ્વચ્છ અને અગત્યનો - મધુ પૂર્ણિમા કિશ્વર, મે - જૂન ૨૦૦૭
- તળિયેથી . . . નર્મદા ધબકે છે : ડુંડીયાથી બોટની વિકાસયાત્રા - રાજેશ મિશ્રા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- સેતુસમુદ્રમ્ પ્રોજેક્ટ જરૂરી છે ખરો? - તૃપ્તિ પારેખ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- એએસઆઈની વખોડવાપાત્ર ભૂમિકા - જયર્કિંન નાયર, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- તળિયેથી . . . એ તો ભરણ બાકી હતું ને એટલે. . . રાજેશ મિશ્રા, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- વિકાસના નામે આ શું થઈ રહ્યું છે ? - અંબરીષ મહેતા, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- વાયબ્રન્ટ ગુજરાતના વિકાસનો ચહેરો - પ્રસાદ ચાકો, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- મુડેટીના આદિવાસીઓ ન્યાય માગે છે - તૃપ્તિ પારેખ, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- ગરીબ, પણ છૈયે કેટલાં બધાં ! - ઈલા ૨. ભટ્ટ, જાન્યુ.-એપ્રિલ ૦૯
- વડોદરાનું શુક્રવારી બજાર - ચિરાગ કાયસ્થ, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- આ પણ શહેરનો જ ભાગ છે, દોસ્તો - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- સ્લમડોગ મિલિયોનેર - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯

**બિહાર- વિકાસના પડકારો**

- बिहारःग्रामीण समाज की संभावना का अंतरिम मूल्यांकन . चक्रवर्ती अशोक प्रियदर्शी, મે - જૂન ૨૦૦૭
- बिहार: विकास की चुनौती (2) - चक्रवर्ती अशोक प्रियदर्शी, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- कोसी बाढ़, प्राकृतिक से ज्यादा, मानव निर्मित आपदा है . चक्रवर्ती अशोक प्रियदर्शी, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- खिचड़ी का स्वाद कड़वा हो जाता है . पूनम, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮

**નક્સલવાદ**

- માઓવાદી પડકાર - તૃપ્તિ પારેખ/અંબરીષ મહેતા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯
- नक्सलवाद - चक्रवर्ती अशोक प्रियदर्शी, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૯

**વિવેકબુધ્ધિ / રેશનાલીટી / વિજ્ઞાન અને આધ્યાત્મ / ઉત્ક્રાંતિ**

- બુદ્ધિવિવેક અને ખુલ્લો સમાજ - એક સંવાદ, કાર્લ પોપર, માર્ચ-એપ્રિલ ૨૦૦૫
- સદ્ગુણોનો ઉદ્ભવ : ઉત્ક્રાંતિના પરિપ્રેક્ષ્યમાં - અનિલ પટેલ, માર્ચ-એપ્રિલ ૨૦૦૫
- ભારતની વાદ-વિવાદની પરંપરા - અમર્ત્યા સેન, નવેમ્બર ૨૦૦૫ - ફેબ્રુઆરી ૨૦૦૬
- નાસ્તિક - આસ્તિક વચ્ચે વાસ્તવિક સેતુ આવકાર્ય - ગૌતમ ઠાકર, નવેમ્બર ૨૦૦૫ - ફેબ્રુઆરી ૨૦૦૬
- બુદ્ધિનિષ્ઠા - કાર્લ પોપર, નવેમ્બર ૨૦૦૫ - ફેબ્રુઆરી ૨૦૦૬
- વિજ્ઞાન-અધ્યાત્મ (૧) To Err is Human રીચાર્ડ ડોકીન્સ - આઈનસ્ટાઈન - ફ્રીટઝોફ કાપ્રા - અનિલ પટેલ, મે - જૂન ૨૦૦૭
- વિજ્ઞાન-અધ્યાત્મ (૨) ''તાજ ઉછાલેંગે, તખ્ત ઊથલાયેંગે - હમ દેખ લેંગે'' - માનવી સ્વતંત્રતાની ઘોષણા ગેલીલીયો, બેકન, દકાર્ત - અનિલ પટેલ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- વિજ્ઞાન - અધ્યાત્મ - જયંતી પટેલ અને મિત્રો, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- વિજ્ઞાન-અધ્યાત્મ (૩) ન્યૂટન - બર્કલી - અર્નસ્ટ મેક - અનિલ પટેલ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- વિજ્ઞાન-અધ્યાત્મ (૪) વૈજ્ઞાનિક નિયતિવાદ - બંધ વિશ્વ : એક ભયાનક દુ:સ્વપ્ન - અનિલ પટેલ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- રેશનાલિટી : આધુનિક વિભાવના - જયંતી પટેલ, જાન્યુઆરી -

ફેબ્રુઆરી ૨૦૦૮
- વિજ્ઞાન-અધ્યાત્મ (૫) ઇંડકશન ઊંડા કળણમાં-ઇરેશનાલિટીનો મધ્યાહ્ન-દિશાહીન અંધ વિજ્ઞાન, હ્યુમ-કાન્ત-મેક-રસેલ - અનિલ પટેલ, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- વિજ્ઞાન-શ્રદ્ધા વચ્ચેનો સંબંધ - અશ્વિન ન. કારીઆ, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- વિજ્ઞાન-અધ્યાત્મ (૬) ખંડન - આલોચનાત્મક રેશનાલિટી - કાર્લ પોપર - અનિલ પટેલ, મે - જૂન ૨૦૦૮
- વિજ્ઞાન-અધ્યાત્મ (૭ અ)ચાર્લ્સ ડાર્વિન - જીવોની ઉત્ક્રાંતિ - અનિલ પટેલ, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- વિજ્ઞાન-અધ્યાત્મ (૭ બ) ઉત્ક્રાંતિમાં રેશનાલિટી-સ્વતંત્રતા-મનુષ્યચેતના - કાર્લ પોપર - અનિલ પટેલ, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- સોક્રેટીસ : સત્ય અને શાણપણની ખોજ - દિનેશ શુક્લ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૯
- ૧૫૦ વર્ષની આરે - ઉત્ક્રાંતિ - જે. જે. શાહ, જુલાઈ-ઓગસ્ટ ૦૯

**વ્યક્તિ સ્વાતંત્ર્ય અને અસહિષ્ણુતા**

- ઈમરાના, બાર ગર્લ્સ... અને વ્યક્તિસ્વાતંત્ર્ય - તૃપ્તિ પારેખ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- વ્યક્તિ સ્વાતંત્ર્ય : વ્યક્તિત્ત્વનું વૈશિષ્ટ્ય શેમાં? પત્રચર્ચા - મીરા ભટ્ટ / અનિલ પટેલ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- મૌનને સંમતિલક્ષણ ગણી લેવાય તે પહેલાં . . . - હિમાંશી શેલત, મે-જૂન ૨૦૦૬
- મણિપુરની શર્મિલા - અહિંસક લડતની પ્રતીક - રોહિત પ્રજાપતિ/ તૃપ્તિ શાહ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- હરખ હવે તું હિન્દુસ્તાન - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- આ અસહિષ્ણતા અટકશે ખરી ? - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- વાણી-અભિવ્યક્તિની સ્વતંત્રતાના રક્ષણ માટે - પીયુસીએલ ગુજરાત, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- આવું તે કાંઈ હોતું હશે ? - તૃપ્તિ પારેખ, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- પક્ષીની તાલીમ - રવીન્દ્રનાથ ટાગોર, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- હવે આપણે પૂતળું બનાવીએ - કુમાર કેતકર, મે - જૂન ૨૦૦૮
- આપણી મૂળભૂત સ્વતંત્રતાઓ - તૃપ્તિ પારેખ, મે - જૂન ૨૦૦૮
- અભિવ્યક્તિ-સ્વાતંત્ર્ય સંમેલનનો ઠરાવ, મે - જૂન ૨૦૦૮
- વિભાજક રાજકારણનો અંત? - મેઘનાદ દેસાઇ, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- નૈતિકતાના સૈનિકો, એક નઝર... - અશ્વિન કારીઆ, જાન્યુઆરી - એપ્રિલ ૨૦૦૯
- સ્વાતના થીજી ગયેલા અધિકારો - મુર્તઝા રઝવી, જાન્યુઆરી - એપ્રિલ ૨૦૦૯
- ઇસ્લામ : દાઢી, બુરખો કે જ્ઞાનપ્રાપ્તિની ઝંખના? - જાવેદ આનંદ, મે - જૂન ૨૦૦૯
- આખરે ડૉ. બિનાયક સેનને જામીન - તૃપ્તિ પારેખ, મે - જૂન ૨૦૦૯
- ત્રણ સ્વતંત્ર વિભાવનાઓ - ગોવિંદભાઈ રાવલ, જુલાઈ - ઓગસ્ટ ૦૯
- અભિવ્યક્તિ સ્વાતંત્ર્ય - અશ્વિનકુમાર ન કારીઆ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૯
- આમચી મુંબઇ કોની ? 'મારી', 'મારી' - તૃપ્તિ પારેખ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૯

**ધર્મ, કોમવાદ, ધાર્મિક અસહિષ્ણુતા, બિનસાંપ્રદાયિકતા**

- ૨૦૦૨-પાછું વળીને જોઉં છું ત્યારે...- રાજેશ મિશ્રા, માર્ચ-એપ્રિલ ૨૦૦૫
- નાણાવટી કમિશન અહેવાલ - તૃપ્તિ પારેખ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૫
- રાજ્યને ધર્મ સાથે નિસ્બત કેટલી ? અશ્વિન કારીયા, નવેમ્બર ૦૫ -ફેબ્રુઆરી ૨૦૦૬
- બેસ્ટ બેકરી ચુકાદો અને ગુજરાત ૨૦૦૨ - જે.એસ. બંદૂકવાલા, માર્ચ-એપ્રિલ ૨૦૦૬
- ગોધરા, ન્યાય, અને અન્ય પ્રશ્નો - ડો. સુરેશ અમીન, મે-જૂન ૨૦૦૬
- વડોદરા : ગુજરાત 'ગૌરવ દિને' ભડકેલી હિંસા - પીયુસીએલ અહેવાલ, મે-જૂન ૨૦૦૬
- ઈશ્વરના પોતાના જ ધામમાં કૌભાંડ - અશ્વિન કારીઆ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- અમરનાથ યાત્રાનો ખોટો વળાંક - તૃપ્તિ પારેખ, મે - જૂન ૨૦૦૮
- બિનસાંપ્રદાયિકતા અને કોમવાદ - ભીખુ પારેખ, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- નાણાવટી કમિશન - મુકુલ સિન્હા, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- ઇસ્લામ અને (ઓમ્) શાંતિ - મહેબૂબ દેસાઇ, નવેમ્બર-ડિસેમ્બર ૦૮
- આધુનિકતા અને હિંસા - મહમૂદ મમદાની, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- મઝહબ નહીં સિખાતા... - ઈસ્માઈલ ગાંધી, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૯ માર્ચ-એપ્રિલ ૨૦૦૯
- સદ્ભાવના પર્વ - રાજેશ મિશ્રા, જાન્યુઆરી-ફેબ્રુઆરી ૨૦૦૯ માર્ચ-એપ્રિલ ૨૦૦૯
- માનવધર્મ જ સાચો ધર્મ - ઇસ્માઇલ ગાંધી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૯

- વંદના એટલે નમસ્તે એટલે સલામ - ઇસ્માઇલ ગાંધી, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯

**આંતકવાદ / એન્કાઉન્ટર**

- યે હૈ બમ્બઈ, મેરી જાન - તૃપ્તિ પારેખ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- એન્કાઉન્ટર્સ - પ્રજા ક્યારે પોલીસ બનશે? - કિરીટ પાનવાલા, મે - જૂન ૨૦૦૭
- ૧૯૯૩ : એક શહેર - બે કહાની - ફરાહ બારિયા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- મુંબઈ બોમ્બ બ્લાસ્ટ ચુકાદો - તૃપ્તિ પારેખ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- યાકુબ મેમણ માટે કોણ આંસુ સારશે ? કિરીટ પાનવાલા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- આંતકવાદ સામેની લડાઈમાં કોઈ શોર્ટ-કટ નથી - અંબરીષ મહેતા, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- આતંક સામે નરમાશ ન ચાલી શકે - મેઘનાદ દેસાઇ, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- કાશ્મીર : કોઈની હાર આપણે ખૂંચવી - શેખર ગુપ્તા, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- તળિયેથી. . . આતંકવાદ અને આમ મુસ્લિમ . . . - રાજેશ મિશ્રા, જુલાઈ-ઓક્ટોબર ૨૦૦૮
- તળિયેથી. . . મુંબઈ આતંકવાદી ઘટનાની આસપાસ - રાજેશ મિશ્રા, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- આતંકવાદ કે જેહાદના નામે બરબાદી? - ઈસ્માઈલ ગાંધી, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- આતંકવાદઃ સમસ્યા અને પ્રત્યુત્તર - જયંતી પટેલ, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- કવિતા કરકરેને સલામ! - શેફાલી વાસુદેવ, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- એમનું મૃત્યુ ઈર્ષા આવે તેવું છે....કવિતા કરકરે, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- પોલીસ સુધારા - એ.વી.ક્રિશ્નન, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- મુંબઈ પરનો હુમલો - પ્રતાપ ભાનુ મહેતા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯

**સામાજિક સમસ્યાઓ - દલિત, આદિવાસી, સ્ત્રીઓ અને બાળકો / અનામત**

- શું મારામાં કોઈ મેરિટ છે? - સ્વામિનાથન્ ઐયર, મે-જૂન ૨૦૦૬
- અનામત : નવેસરથી વિચારીશું ? - અંબરીષ / તૃપ્તિ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- અનામત અને બંધારણની જોગવાઈઓ - અરુણ શૌરી, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- માંડલ કમિશન - અંબરીષ મહેતા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- અહીં તો આપણે હઉ હરખા જ છીએ - રાજેશ મિશ્રા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- ખૈરલાંજીકાંડથી દલિતોમાં નવજાગૃતિ - દિગંત ઓઝા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- બાળકો સાથે સમાજનો અક્ષમ્ય વ્યવહાર હિમાંશી શેલત, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- તળિયેથી. . . આપસે કોઇ બાત નહીં હોગી - રાજેશ મિશ્રા, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- દલિત સ્ત્રીઓની સ્થિતિ, સમસ્યાઓ અને ઉકેલની દિશા - મંજુલા ડાભી, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- મુસ્લિમ સમાજમાં મહિલાની પરિસ્થિતિ - અસગર અલી એન્જીનિયર, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- સ્ત્રીઓ અને શુદ્રોના શિક્ષણના મશાલચી સાવિત્રીબાઈ ફુલે - મેઘા સામંત, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- વિપદ સામેનો મરણિયો મોરચો - વર્ષા ચૌધરી, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- રણમાં ખીલેલું પુષ્પ - વારિસ ડીરી, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૯
- વકરેલા રોગનું લક્ષણઃ બળાત્કાર - હિમાંશી શેલત, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- ભેદો કેમ ભૂંસાય? - સ્વામી આનંદ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- રુચિકા તમારી પુત્રી હોત તો ? - તૃપ્તિ પારેખ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯

**ન્યાયતંત્ર / કાયદાનું શાસન**

- મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૧ - કિરીટ પાનવાલા, માર્ચ-એપ્રિલ ૨૦૦૬
- મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૨ - કિરીટ પાનવાલા, મે-જૂન ૦૬
- મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૩ - કિરીટ પાનવાલા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૪ - કિરીટ પાનવાલા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૫ - કિરીટ પાનવાલા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬
- મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૬ - કિરીટ પાનવાલા, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭

- નવમા પરિશિષ્ટ પરનો ચુકાદો - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- મારે ન્યાય વ્યવસ્થા બદલવી છે - ૭ - કિરીટ પાનવાલા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- જસ્ટિસ ખન્ના - સત્તા સામે ન્યાયનો અવાજ - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- ન્યાયતંત્રની અતિરેક્તા - રાજીવ ધવન, મે - જૂન ૨૦૦૮
- મુખ્ય ન્યાયમૂર્તિનાં વિધાનોનું ઔચિત્ય - અશ્વિન ન. કારીઆ, મે - જૂન ૨૦૦૮
- વિજયનગર કેસ ડાયરી - તૃપ્તિ પારેખ, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮
- ઉચ્ચ ન્યાયતંત્ર અને માહિતી અધિકાર કાયદો - તૃપ્તિ પારેખ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- પોલીસ સત્તાનું વિભાજન - અશ્વિનકુમાર ન. કારીઆ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯

## શિક્ષણ

- શિક્ષણનું પ્રતીપ : મૂલ્યશિક્ષણ - મહેન્દ્ર ચોટલિયા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- શિક્ષકનું કાર્ય - દાયણનું - સુરેશ પરીખ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- તરૂણ શિક્ષણ : કયો સમાસ? - કર્દમ મોદી, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- શિક્ષણ કૂપન વિકલ્પ - બાળકને શાળા પસંદગીનો હક્ક - રાજેશ મિશ્રા, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- સૌને ગુણવત્તાવાળા શિક્ષણનો એક ઉપાય - શિક્ષણ વાઉચર - પાર્થ શાહ, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- ગુણવત્તાની ખોજ માટે શિક્ષણમંથન (૧) - મહેન્દ્ર ચોટલિયા, મે - જૂન ૨૦૦૭
- ગુણવત્તાની ખોજ માટે શિક્ષણમંથન (૨) - મહેન્દ્ર ચોટલિયા, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૭
- મનમોહનસિંઘનું ખાસ કામ - શેખર ગુપ્તા, મે - જૂન ૨૦૦૯
- ધ બ્યુટીફુલ ટ્રી - જેમ્સ ટૂલી, મે - જૂન ૨૦૦૯
- બાળકોનો શિક્ષણ અધિકાર ખરડો - અશ્વિન ન. કારીઆ, મે - જૂન ૨૦૦૯
- ભરમ ભાંગતો અદ્‌ભુત ગ્રંથ - ગોવિંદભાઈ રાવલ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૯
- પ્રાથમિક શિક્ષણ - ચિંતાનો પ્રથમ વિષય - અશ્વિન ન. કારીઆ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૯
- કેળવણીના નવતર પ્રયોગો - કેતન ડી. શુક્લ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૯
- ધ બ્યુટીફુલ ટ્રી-૨: ૧૯મી સદીના ભારતની દેશી શિક્ષણવ્યવસ્થાની યાત્રાએ - તૃપ્તિ પારેખ, જુલાઈ-ઓગસ્ટ ૨૦૦૯
- માધ્યમ માતૃભાષા અને અંગ્રેજી અવ્વલ કક્ષાનું - તૃપ્તિ પારેખ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- માતૃભાષા બચાવવાનું આહ્‌વાન - જશવંત બી. મહેતા, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- શિક્ષણ : દશા અને દિશા - અનિલકુમાર યુ. લકુમ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- 'સાર્વત્રિક શિક્ષણ'ના લક્ષ્યને . . . આંબી શકીશું? - તૃપ્તિ પારેખ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- અમે જુદી માટીનાં બાળકો - કમલેશ પારેખ, સપ્ટેમ્બર - ઓકટોબર ૨૦૦૯
- બ્યુટીફુલ ટ્રી : કુદરતી સૌંદર્યથી બનાવટી સૌંદર્યની વાત - વાસુદેવ વોરા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯
- શિક્ષણનું તંત્ર પણ સરકારથી સ્વતંત્ર જ હોય - વિનાબા ભાવે, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯

## લોકતંત્ર, ચૂંટણી અને રાજકારણ

- ઝારખંડ ડ્રામા અને બંધારણીય લોકશાહી - અનિલ પટેલ, માર્ચ-એપ્રિલ ૨૦૦૫
- અડવાણી-જિન્હા-સંઘ પરિવારઃ ભારત-પાકિસ્તાન સુમેળ - અનિલ પટેલ, મે-જૂન ૨૦૦૫
- તળિયેથી. . . દળી દળીને કુલ્ડીમાં ભેગું કરતો સમાજ .. - રાજેશ મિશ્રા, માર્ચ - એપ્રિલ ૨૦૦૭
- તળિયેથી . . . ઉ.પ્ર. -માયાવતી સમીકરણ અને ગુજરાતમાં ફરી ભૂકંપ થશે? - રાજેશ મિશ્રા, મે - જૂન ૨૦૦૭
- ફર્સ્ટ્ર રાઉન્ડ ગોઝ ટુ ઈલેકશન કમિશન - રાજેશ મિશ્રા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- ચૂંટણી પરિણામ : થોડી આંતરખોજ - અંબરીષ મહેતા, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- વહીવટીતંત્ર અને સરદારનો રાજયોગ - રાજેશ મિશ્રા, મે - જૂન ૨૦૦૮
- લોકસભાના ઉમેદવારો- રોહિત/તૃપ્તિ, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- ચૂંટણી ટાણે - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- ચૂંટણી અંગે - અશ્વિન ન. કારીઆ, મે - જૂન ૨૦૦૯
- ચૂંટણી પરિણામો : સંકેતો અને પડકારો - અંબરીષ મહેતા, મે - જૂન ૨૦૦૯
- ઈન્ડિયા .. .. મેરી જાન.. .. .. - રામચંદ્ર ગુહા, મે - જૂન ૨૦૦૯

- ફરજિયાત મતદાન કાયદો, રાજેશ મિશ્રા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯
- મતદાન અધિકારની મજાક - તૃપ્તિ શાહ, રીટા, સુનંદા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯
- ભારતીય સંઘમાં હૈદ્રાબાદનું વિલીનીકરણ - ગજેન્દ્રસિંહ પી. જાડેજા, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૯

## આંતરરાષ્ટ્રીય

- ઓઈલ ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સહકારની જરૂર - દિનેશ શુકલ, મે-જૂન ૨૦૦૬
- ન્યુકલીયર કરારના બચાવમાં - ટી. એસ. ગોપી રેથીનારજ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- બર્મા : લોકતંત્ર તરફની કેસરિયા કૂચ - તૃપ્તિ પારેખ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- પ્રતિબંધો થોપવા ખરેખર યોગ્ય છે ખરા? - ફરીદ ઝકરિયા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- Gulag - A History - યોગેન્દ્ર માંકડ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૭
- પરમાણુ શસ્ત્રવાદ : રુગ્ણ માનસની દ્યોતક? - દિનેશ શુકલ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- તિબેટ પર બે પુસ્તકો, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- દબાણ ચાલુ રાખો - શશી થરૂર, નવેમ્બર-ડિસેમ્બર ૨૦૦૮

## નર્મદા યોજના

- નર્મદા યોજના ફરી વિવાદના વમળમાં - અંબરીષ મહેતા, મે-જૂન ૨૦૦૬
- 'નર્મદા બચાવ' આંદોલનની મુશ્કેલી શું છે? - સિદ્ધાર્થ સોમ, મે-જૂન ૨૦૦૬
- કિસ્સો કેવડિયાનો - તૃપ્તિ પારેખ, જુલાઈ - ઓગસ્ટ ૨૦૦૬
- નર્મદાનાં નીર માટેનો કચ્છનો સંઘર્ષ - લાહિરી શાહ, નવેમ્બર - ડિસેમ્બર ૨૦૦૬

## સુરત પૂર હોનારત

- તુજ આ હાલ શીદ થયા સુરત - અંબરીષ મહેતા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- સુરતની પૂર હોનારત : આસમાની કે સુલતાની - સત્યકામ જોષી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- સલામ સુરત - સંકલિત, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- રેલ રેલ go away - હીરલ પાનવાલા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- પૂર પછીના પ્રત્યાઘાત - ડૉ. કેતન ભરડવા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- કથા એક તાપી પુત્રીની - વર્ષા ચૌધરી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- પૂર પછી મહામારી કેવી રીતે ખાળી શકાઈ - ડૉ. કમલેશ પારેખ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- પૂરમાં આરોગ્ય રાહત કાર્યક્રમ - ડૉ. વિકાસબેન દેસાઈ, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- શું આપણે મનથી પાંગળા બની રહ્યા છીએ? - ડૉ. મુકુલ ચોકસી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- ચાલો ફરી પાછા - ડૉ. મુકુલ ચોકસી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- સુરત રેલને એક વર્ષ પૂરું થવામાં છે ત્યારે...- અંબરીષ મહેતા, મે - જૂન ૨૦૦૭

## અન્ય

- અગ્રણીઓ સૌથી છેલ્લા ! - અનિલ શાહ સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- વાર્તા : પસ્તી - બકુલ ત્રિપાઠી, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૬
- જાહેર જીવનના પદાર્થપાઠ ક્યારે ? - ડંકેશ ઓઝા, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૭
- ગાંધીજીના રામ - લલિત મોહન, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- નોબેલ પ્રાઈઝની રસપ્રદ વાતો, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૭
- નેનો એક સ્વૅકથા - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- વાતચીત - લોર્ડ મેઘનાદ દેસાઇ સાથે . . . અનુ. રાજેશ મિશ્રા, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- વાંચનનો મહિમા - કર્દમ ર. મોદી, જાન્યુઆરી - ફેબ્રુઆરી ૨૦૦૮
- તળિયેથી. . . અમારી દીકરીઓ અમને પાછી આપો . . .- રાજેશ મિશ્રા, માર્ચ - એપ્રિલ ૨૦૦૮
- રામસીંગ, ગોલ્કી અને રાની, મે - જૂન ૨૦૦૮
- તળિયેથી. . . મોડાસા હીપેટાઈટીસ બી ઘટના - રાજેશ મિશ્રા, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- ગુજરાતની અસ્મિતા : મારી નજરે - તૃપ્તિ પારેખ, જાન્યુઆરી-એપ્રિલ ૨૦૦૯
- ગાંધી, અલવિદા? - જયંતી પટેલ, મે - જૂન ૨૦૦૯
- વાર્તા : વિવેક - કર્દમ ર. મોદી, મે - જૂન ૨૦૦૯
- મળો આ મિત્રને . . . - મહેન્દ્ર ચોટલિયા, સપ્ટેમ્બર - ઓક્ટોબર ૨૦૦૯
- ''તુંડે તુંડે ભિન્ન ભિન્ન મતિ'' - કુંજન મહેતા, નવેમ્બર - ડિસેમ્બર ૦૯

*Among the traditions we must count as the most important is what we may call the 'moral framework' (corresponding to the institutional 'legal framework') of a society. This incorporates the society's traditional sense of justice or fairness, or the degree of moral sensitivity it has reached. This moral framework serves as the basis which makes it possible to reach a fair or equitable compromise between conflcting interests where this is necessary. It is, of course, itself not unchangeable, but it changes comparatively slowly. Nothing is more dangerous than the destruction of this traditional framework. (Its destruction was consciously aimed at by Nazism.) In the end its destruction will lead to cynicism and nihilism, i.e. to the disregard and the dissolution of all human values.*

*Karl Popper (1963)*

*Freedom of thought, and free discussion, are ultimate Liberal values which do not really need any further justification. Nevertheless, they can also be justified pragmatically in terms of the part they play in the search for truth.*

*Truth is not manifest; and it is not easy to come by. The search for truth demands at least*


*(a) imagination*

*(b) trial and error*

*(c) the gradual discovery of our prejudices by way of (a), of (b), and of critical discussion.*

*Karl Popper (1963)*

RNI No. GUJMUL/2007/21517



Where the mind is without fear and the
head is held high;
Where knowledge is free;
Where the world has not been broken
up into fragments of domestic walls;
Where words come out from the depth
of truth;
Where tireless striving stretches its arms
towards perfection;
Where the clear stream of reason has
not lost its way into the dreary desert
sand of dead habit;
Where the mind is led forward by
Thee into ever-widening thought and
action
into that heaven of freedom, my Father,
let my country awake.

- Rabindranath Tagore - Gitanjali

Khoj - Jeevan Ek Avirat Khoj November-December 2009 Volume 3 Issues 6
Editor : Ambrish Mehta
Published and Printed by Ambrish Mehta on behalf of Action Research in Community Health and Development,
E-702, Samrajya Complex, Vadodara - 390002. Printed at Vishal Offset, Sardar Estate, Vadodara